અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ મે ૨૦૨૫, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૬

વર્ષ : ૧૬
અંક : ૩૧૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### આ નર્સિંગ કોલેજ છેલ્લા ૬૫ વર્ષથી નર્સિંગ શિક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે

## અમિત શાહે ગુજરાતના મહેસાણામાં શ્રી કે.કે. પટેલ અને શ્રીમતી મધુબેન કે. પટેલ નર્સિંગ કોલેજના નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન કર્યું

### લેક્ચર રૂમ, લેબોરેટરી, લાઈબ્રેરી અને ઓફિસ જેવી સુવિધાઓથી સજ્જ, આ ઇમારત પ્રદેશના યુવાનોને સરળ અને સુલભ તબીબી શિક્ષણ પૂરું પાડશે

। અમદાવાદ, તા.૧૮ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે ગુજરાતના મહેસાણામાં શ્રી કે.કે. પટેલ અને શ્રીમતી મધુબેન કે. પટેલ નર્સિંગ કોલેજના નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આ નર્સિંગ કોલેજ છેલ્લા ૬૫ વર્ષથી નર્સિંગ શિક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. તેમણે કહ્યું કે, લેક્ચર રૂમ, લેબોરેટરી, લાઈબ્રેરી અને ઓફિસ જેવી સુવિધાઓથી સજ્જ આ ઈમારત પ્રદેશના યુવાનોને સરળ અને સુલભ તબીબી શિક્ષણ પ્રદાન કરશે.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, દેશની અગાઉ નબળી આરોગ્યસંભાળ વ્યવસ્થાને મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આયુષ્માન ભારત યોજના રજૂ કરી હતી. આ યોજનાના અમલીકરણ પછી, દેશના દરેક ગરીબ નાગરિક પાસે હવે આયુષ્માન કાર્ડ છે, જેના દ્વારા તેઓ પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મેળવી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે હવે દરેક હોસ્પિટલને આયુષ્માન ભારત યોજનાના ધોરણોને પૂર્ણ કરવા માટે અપગ્રેડ કરવામાં આવી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે રાજ્યની હોસ્પિટલોને અપીલ કરી હતી કે તેઓ તેમની સુવિધાઓને આયુષ્માન ભારત યોજનાના ધોરણો સાથે સુસંગત બનાવે જેથી સામાન્ય જનતા અને હોસ્પિટલ મેનેજમેન્ટ બંનેને લાભ મળી શકે. તેમણે કહ્યું કે સરકારનો પ્રયાસ એ સુનિશ્ચિત કરવાનો છે કે દરેક ગરીબ વ્યક્તિને તેમના ઘરની નજીક યોગ્ય આરોગ્યસંભાળ સેવાઓ મળે.

શ્રી અમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, દેશમાં ૨૦૧૪ થી ૨૦૨૫ સુધીમાં આરોગ્યસંભાળ ક્ષેત્રમાં ધરમૂળથી પરિવર્તન આવ્યું છે. તેમણે કહ્યું કે આજે ૬૦ લાખ લોકો પાસે આયુષ્માન કાર્ડ છે. ૭૦ વર્ષથી વધુ ઉંમરના દરેક નાગરિક માટે પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની જોગવાઈ કરવામાં આવી છે, જેમાં લાભાર્થીઓ માટે કોઈ નિશ્ચિત આવક મર્યાદા નથી. શ્રી શાહે ઉમેર્યું હતું કે મોદીજીએ સ્વચ્છ ભારત મિશન, ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ, હર ઘર જલ (દરેક ઘરમાં પાણી), દરેક ઘરમાં શૌચાલય, દરેક બાળકને રસીકરણ માટે મિશન ઈન્દ્રધનુષ, પોષણ અભિયાનો જેવી પહેલો દ્વારા દેશના આરોગ્યસંભાળ ક્ષેત્રને વધુ મજબૂત બનાવ્યું છે. કરોડ રૂપિયા હતું, મોદીજીએ ૨૦૨૫-૨૬ માં તેને વધારીને ૧ લાખ ૩૭ હજાર કરોડ રૂપિયા કર્યું. તેમણે કહ્યું કે આરોગ્ય ક્ષેત્રના બજેટમાં વધારો કરીને, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય ઈકોસિસ્ટમની સ્થાપના કરી, આયુષ્માન ભારત યોજના શરૂ કરી અને આયુષ્માન આરોગ્ય મંદિરનું નિર્માણ કર્યું.



#### દેશના દરેક ગરીબ નાગરિક પાસે હવે આયુષ્માન કાર્ડ છે

**શ્રી શાહે કહ્યું કે ૨૦૧૪ માં દેશમાં ફક્ત સાત એઇમ્સ હતા, આજે ૨૩ એઇમ્સ છે. ૨૦૧૪ માં ૩૮૭ મેડિકલ કોલેજો હતી, જે હવે વધીને ૭૮૦ થઈ ગઈ છે. પહેલા ૫૧ હજાર MBBS બેઠકો હતી, આજે તેમની સંખ્યા વધીને ૧ લાખ ૧૮ હજાર થઈ ગઈ છે. પહેલા ૩૧ હજાર PG/MD/MS બેઠકો હતી, જે હવે વધીને ૭૪ હજાર થઈ ગઈ છે. તેમણે કહ્યું કે આરોગ્ય ક્ષેત્રના સમગ્ર ઇકોસિસ્ટમની સાથે ટેલિમેડિસિન સુવિધાનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીએ જન ઔષધિ યોજનાને અસરકારક બનાવી, જેના કારણે છેલ્લા ૧૦ વર્ષમાં નાગરિકોને ૨૫ હજાર કરોડ રૂપિયાની સસ્તી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આયુષ્માન ભારત આરોગ્ય માળખાગત મિશન હેઠળ, ૭૩૦ મોટા જાહેર આરોગ્ય સ્થાપનો અને ૩૩૮૨ તાલુકા સ્તરે જાહેર આરોગ્ય સ્થાપનો બનાવવામાં આવ્યા છે. જો આપણે બધી સિદ્ધિઓને સર્વાંગી રીતે જોઈએ તો, ગુજરાતના પુત્ર શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના ૧૩૦ કરોડ નાગરિકોના સારા સ્વાસ્થ્ય માટે ખૂબ જ મોટું અભિયાન શરૂ કર્યું છે.**


#### આગામી સમયમાં ૨ લાખ સહકારી સંસ્થાનું રજિસ્ટ્રેશન કરાશે : અમિત શાહ

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત રહેલા કેન્દ્રીય ગૃહ અને સહકારીતા પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે, આવનારા દિવસોમાં વધુ ૨ લાખ સહકારી સંસ્થાનું રજિસ્ટ્રેશન કરાશે. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૨૫ને આંતર રાષ્ટ્રીય સહકારિતા વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. વૈશ્વિક સ્તરે સહકારિતા વર્ષની ઉજવણીની શરૂઆત ભારતથી થઈ છે. ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી દેશમાં સહકારિતા ક્ષેત્રે અનેક પ્રગતિ હાંસલ થઈ છે. સહકારીતા પ્રધાન અમિત શાહે કહ્યું કે, વર્ષોથી ત્રિસ્તરીય સહકારી માળખાની આશા હતી, પરંતુ આપણે ચતુસ્તરીય સહકારી નીતિ અપનાવી છે. દરેક સ્તર પર સહકારી સંસ્થાને મદદ કરવાનો પ્રયાસ કરવા તેમણે સૌને અપિલ કરી હતી. દરેક સહકારી મંડળીના બેંક ખાતા, સહકારી બેંકમાં રાખીએ. એક બીજાના સહકારથી જ સહકારિતાને વધુ વેગ મળશે. સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર વધારવો એ આપણા સૌની જવાબદારી છે તેમ જણાવીને અમિત શાહે કહ્યું કે, સહકારિતા સર્ક્યુલર બનાવીને તમામ કાર્ય સહકારી સંસ્થામાં જ કરવા જોઈએ. આગામી સમયમાં ૨ લાખ સહકારી સંસ્થાનું રજિસ્ટ્રેશન કરવાનીની યોજના છે.

### ૧૯ ઈજાગ્રસ્ત, ૨ના મોત નિપજ્યા

## ન્યુયોર્કમાં મેક્સિકન નેવીનું જહાજ બ્રિજ સાથે અથડાયું

### જહાજ અથડાયું ત્યારે જહાજના ઉપરના ભાગ પર સફેદ ડ્રેસમાં અનેક નાવિક હાજર હતાં, જે નીચે પડી ગયા હતાં





। (એજન્સી) ન્યુયોર્ક, તા.૧૮ ।

અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં શનિવારે (૧૭ મે) સાંજે એક મોટો અકસ્માત થયો હતો. હકીકતમાં મેક્સિકન નૌકાદળનું જહાજ 'Cuauht 'moc' બ્રુકલિન સ્થાનિક સમયાનુસાર ૮:૨૬ વાગ્યે જહાજ જ્યારે બ્રિજ નીચેથી પસાર થવાનો પ્રયાસ કરી રહ્યું હતું ત્યારે બ્રિજ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં જહાજ પર સવાર ઓછામાં ઓછા ૧૯ લોકો ઈજાગ્રસ્ત થયા હતાં, જેમાંથી ૨ વ્યક્તિના મોત નિપજ્યા છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ એક વીડિયોમાં અકસ્માતની ઠીક પહેલાની ક્ષણ કેદ થઈ હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે, જહાજ બ્રિજની ખૂબ નજીક પહોંચી જાય છે અને બાદમાં તેનો ઉપરનો ભાગ બ્રિજ સાથે અથડાઈ જાય છે.

જહાજ અથડાયું ત્યારે જહાજના ઉપરના ભાગ પર સફેદ ડ્રેસમાં અનેક નાવિક હાજર હતાં, જે જહાજ અથડાતાની સાથે જ નીચે પડી ગયા હતાં. અમુક લોકોએ જહાજ સાથે બાંધેલા દોરડા પકડી બચવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાસ્થળ પર હાજર લોકો પણ ડરીને નાસભાગ કરવા લાગે છે. ન્યૂયોર્ક ફાયર વિભાગના જણાવ્યાનુસાર, દુર્ઘટનાની તુરંત બાદ રેસક્યુ ઓપરેશન શરૂ કરી દેવાયું હતું. તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતાં. જોકે, હજુ સુધી ઈજાગ્રસ્તોની ઓળખ નથી થઈ શકી.

જણાવી દઈએ કે, 'Cuauht'moc' મેક્સિકન નૌકાદળનું એક પ્રતિષ્ઠિત તાલીમ જહાજ છે, જે વારંવાર આંતરરાષ્ટ્રીય બંદરોની મુલાકાત લે છે અને તેનો ઉપયોગ નૌકાદળના કેડેટ્સને તાલીમ આપવા માટે થાય છે. જહાજમાં કુલ ૨૭૭ લોકો સવાર હતા, જેમાં ખલાસીઓ, અધિકારીઓ અને કેડેટ્સનો સમાવેશ થાય છે.

## કોહલી જેવો ખેલાડી ભારત રત્નનો હકદાર : રૈના



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

વિરાટ કોહલીએ ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધા બાદ અનેક દિગ્ગજ ખેલાડીઓ અને ચાહકો દ્વારા અનેક પ્રતિક્રિયાઓ આવી રહી છે. હાલમાં જ ટીમ ઈન્ડિયાના પૂર્વ દિગ્ગજ ખેલાડી સુરેશ રૈનાએ મોટું નિવેદન આપી કોહલી માટે ભારત રત્નની માગ કરી છે. પૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈના ઈચ્છે છે કે, વિરાટ કોહલીને ભારત રત્ન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે. ગઈકાલથી શરૂ થયેલી આઈપીએલ મેચમાં કોમેન્ટ્રી કરતી વખતે રૈનાએ પોતાની આ ઈચ્છા વ્યક્ત કરી હતી. સુરેશ રૈનાએ કહ્યું કે, કોહલી જેવા ઉત્કૃષ્ટ ખેલાડીને ભારતીય ક્રિકેટમાં નોંધનીય યોગદાન બદલ સર્વોચ્ચ સન્માન મળવુ જોઈએ. વિરાટ કોહલીને ભારતીય ક્રિકેટમાં ઉમદા યોગદાન બદલ ભારત રત્ન પુરસ્કારથી સન્માનિત કરવો જોઈએ. વિરાટ કોહલીએ પોતાનીટેસ્ટકારકિર્દીનેથોડાસમય પહેલાં જ અલવિદા કહ્યું છે. છેલ્લા ૧૨ મહિનામાં કોહલીએ ઈન્ટરનેશનલ ક્રિકેટના બે ફોર્મેટમાંથી સંન્યાસની જાહેરાત કરી છે. અગાઉ ૨૦૨૪માં બાર્બાડોસમાં ટી૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ કોહલીએ ટી20Iમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી હતી.

### વિપક્ષના આરોપ બાદ સરકારની સ્પષ્ટતા

## ઓપરેશન સિંદૂર પૂર્વે તેની જાણ પાકિસ્તાનને નહોતી કરાઈ : કેન્દ્ર

### જયશંકર કહે છે કે ભારતે પાકિસ્તાનને ઓપરેશન અંગે અગાઉ જાણકારી આપી હતી : રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું તે પહેલા તેની જાણ પાકિસ્તાનને કરવામાં આવી હોવાનો દાવો કરીને વિપક્ષે કેન્દ્ર સરકાર અને વિદેશમંત્રી એસ. જયશંકરને ઘેર્યા હતા. જોકે વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે જયશંકરના નિવેદનને ખોટી રીતે રજુ કરવામાં આવી રહ્યું છે. પીઆઈબી ફેક્ટચેક દ્વારા પણ દાવો કરાયો છે કે જયશંકરે આવુ કોઈ નિવેદન નથી આપ્યું. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વિદેશમંત્રી જયશંકરનો એક વીડિયો જાહેર કરીને દાવો કર્યો હતો કે આ વીડિયોમાં જયશંકર કહી રહ્યા છે કે તેમણે પાકિસ્તાનને પહેલા જ કહી દીધુ હતું કે ભારત હુમલો કરવાનું છે.

જ્યારે કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે વિદેશમંત્રી એસ. જયશંકરના રાજીનામાની માગણી કરી હતી. રાહુલે આરોપ લગાવ્યો હતો કે હુમલાની જાણકારી અગાઉથી જ પાકિસ્તાનને આપી દેવી ગુનો છે. વિદેશમંત્રીએ જાહેરમાં સ્વીકાર કર્યો હતો કે ભારત સરકારે આ જાણ કરી હતી. રાહુલે સવાલ કર્યો હતો કે પાક.ને જાણ કરવા માટે કોના તરફથી મંજૂરી અપાઈ હતી? જેના પરિણામે આપણી એરફોર્સના કેટલા વિમાન ગુમાવવા પડયા હતા? જ્યારે પીઆઈબી ફેક્ટચેકમાં દાવો કરાયો છે કે વિદેશમંત્રી જયશંકરે આવો કોઈ જ દાવો નથી કર્યો. જયશંકરના નિવેદનને ખોટી રીતે રજુ કરીને એવુ દેખાડવાનો પ્રયાસ થયો કે ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કરતા પહેલા જ તેની જાણ પાક.ને કરી હતી.

## મેલોનીના સામે ઘૂંટણિયે બેસી ગયા પ્રધાનમંત્રી

। (એજન્સી) તિરાના, તા.૧૮ ।

આજે સોશિયલ મીડિયા પર એક વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે, જેને જોઈને તમારું મન ખુશ થઈ જશે. વિડિઓ જોયા પછી તમે કહેશો કે, આને કહેવાય ગૌરવ, આદર અને શિષ્ટાચાર, એક પુરુષ સ્ત્રીનું, એક આદરણીય કે ઉચ્ચ પદ પર રહેલી સ્ત્રીનું, તેના સમકક્ષનું, કેવું સન્માન આપવું જોઈએ તેનું કેવી રીતે સન્માન કરે છે. આ વીડિયો ઈટલીના વડા પ્રધાન જ્યોર્જિયો મેલોનીના સ્વાગતનો છે. મેલોની હાલમાં અલ્બેનિયાના પ્રવાસ પર છે.

### કાટમાળ છેક ૭૦૦ મીટર દૂર પડ્યો

## ફિનલેન્ડમાં બે હેલિકોપ્ટર અથડાયાં, પાંચના મોત થયા

### દક્ષિણપૂર્વ ફિનલેન્ડમાં આવેલા યુરા એરપોર્ટ નજીક જંગલ વિસ્તારમાં બે હેલિકોપ્ટર ધડાકાભેર અથડાયા

। (એજન્સી) ફિનલેન્ડ, તા.૧૮ ।

ફિનલેન્ડમાં ગઈકાલે મોટી દુર્ઘટના બનતાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગઈકાલે શનિવારે દક્ષિણપૂર્વ ફિનલેન્ડમાં આવેલા યુરા એરપોર્ટ નજીક જંગલ વિસ્તારમાં બે હેલિકોપ્ટર ધડાકાભેર અથડાતાં પાંચ લોકોના મોત થયા હતાં.

પોલીસે જણાવ્યું હતું કે, શનિવારે બપોરે કૌટુઆ શહેર નજીક હવામાં જ બે હેલિકોપ્ટર અથડાયા હતાં. આ બંને હેલિકોપ્ટરનું કચ્ચરઘાણ થયુ



હતું. જેનો કાટમાળ ઓહિકુલ્કુટી રોડથી લગભગ ૭૦૦ મીટર દૂર પડ્યો હતો.

ફલાઈટ પ્લાન અનુસાર, એક હેલિકોપ્ટરમાં બે લોકો અને બીજા હેલિકોપ્ટરમાં ત્રણ લોકો સવાર હતાં. બંને હેલિકોપ્ટર ફિનલેન્ડની બહારના હતાં. એક હેલિકોપ્ટર એસ્ટોનિયા અને બીજુ હેલિકોપ્ટર ઓસ્ટ્રિયાનું હતું. જેમાં સવાર તમામના મોત થયા છે. બંને હેલિકોપ્ટર એસ્ટોનિયન કંપની NOBE અને Eleon ના હતાં. નેશનલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનની પોલીસે આ ઘટના પાછળનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. એક હેલિકોપ્ટર હોબી એવિએશન ઈવેન્ટમાં ભાગ લેવા જઈ રહ્યું હતું. આ ઘટનાની ફિનિશ અને એસ્ટોનિયન ઓથોરિટી સંયુક્તપણે તપાસ કરી રહી છે.

### બિહારમાં મોટો રાજકીય ઘટનાક્રમ

## RCP સિંહની પાર્ટીનું PKની જનસુરાજમાં વિલયનું એલાન

। (એજન્સી) પટણા, તા.૧૮ ।

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલાં જ મુખ્યમંત્રી નીતિશ કુમારના ક્યારેક અત્યંત અંગત ગણાતા આરસીપી સિંહે પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટીમાં જોડાયા છે.


કેન્દ્રીય પૂર્વ મંત્રી આરસીપી સિંહ (રામચંદ્ર પ્રસાદ સિંહ) એક દિગ્ગજ અનુભવી નેતા તરીકે છાપ ધરાવે છે. તેઓ જેડીયુના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. નીતિશ કુમારના બે વિરોધી મજબૂત નેતા એક થતાં જ બિહાર રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. ચૂંટણીના રણનીતિકારથી રાજનેતા બનેલા પ્રશાંત કિશોર આજે બિહારના મુખ્યમંત્રી નીતિશ કમારના ગામ કલ્યાણ બિગહા પહોંચ્યા છે. જ્યાં આરસીપી સિંહ પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટીમાં જોડાયા છે. તેમજ આરસીપી સિંહનો પક્ષ 'આસા'નો પણ જન સુરાજમાં વિલય કર્યો છે. આરસીપી સિંહ હવે પ્રશાંત કિશોર સાથે નવી રાજકીય ઈનિંગની શરૂઆત કરશે.

### ૧૭ લોકોના મોત, ૧૦થી વધુ ઈજાગ્રસ્ત

## હૈદરાબાદમાં ચારમીનાર પાસે ભીષણ આગ લાગી

। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૮ ।

હૈદરાબાદના ઐતિહાસિક ચારમીનરની પાસે સ્થિત ગુલઝાર હૌઝ વિસ્તારમાં શનિવારે સવારે ભયાનક આગ લાહી હતી. એક રહેણાક અને વ્યાવસાયિક ઉપયોગવાળી ઈમારતમાં આગ લાગવાને કારણે ઓછામાં ઓછા ૧૭ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦થી વધુ લોકોને ઈજા પહોંચી છે. આ દુર્ઘટના તાજેતરના વર્ષોમાં હૈદરાબાદની સૌથી મોટી ત્રાસદી માનવામાં આવી રહ્યો છે. પ્રાથમિક



રિપોર્ટ અનુસાર આગ સવારે ૫.૩૦ કલાકે તે સમયે લાગી જ્યારે લોકો ઊંઘી રહ્યાં હતા. આગ ઈમારતમાં નીચે સ્થિત એક દુકાનથી શરૂ થઈ અને ઝડપથી આખી ઈમારતમાં ફેલાઈ ગઈ હતી. ધૂમાડાને કારણે શ્વાસ રૂંધાતા લોકોના મોત થયા છે. ફાયર ડિપાર્ટમેન્ટને જ્યારે આગની ઘટનાની જાણકારી મળી તો ફાયરની ૧૧ ટીમ મોકલવામાં આવી હતી. તેમાં લંગર હૌઝ, મોગલપુરા, ગૌલગુડા, રાજેન્દ્ર નગર, ગાંધી આઉટપોસ્ટ અને સાલારજંગ મ્યૂઝિયમ સ્ટેશનોથી મોકલવામાં આવેલી ગાડીઓ સામેલ હતી. આ સિવાય ૨ રેસ્ક્યુ ટેન્ડર, એક બ્રોંટો સ્કાઈલિફ્ટ, ૩ વોટર ટેન્ડર અને એક ફાયર ફાઈટિંગ રોબોટની મદદ લેવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને ડીઆરડીઓ હોસ્પિટલ, ઉસ્માનિયા જનરલ હોસ્પિટલ અને એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

### એકનું મોત, FBIએ આતંકવાદી કૃત્ય ગણાવ્યું

## કેલિફોર્નિયામાં ફર્ટિલિટી ક્લિનિકમાં બોમ્બ બ્લાસ્ટ

। (એજન્સી) કેલિફોર્નિયા, તા.૧૮ ।

દક્ષિણ કેલિફોર્નિયામાં ફર્ટિલિટી ક્લિનિકની બહાર ભયાવહ બોમ્બ વિસ્ફોટ થયો હતો. આ ક્લિનિકને ટાર્ગેટ કરતી બોમ્બ વિસ્ફોટની ઘટનાને એફબીઆઈએ આતંકવાદી કૃત્ય ગણાવ્યુ છે. આ બોમ્બ બ્લાસ્ટ માટે જવાબદાર શંકમદ વ્યક્તિએ હુમલો કરતાં પહેલાં ઓનલાઈન ઉશ્કેરણીજનક પોસ્ટ લખી હતી. જેના હુમલાખોરે વિસ્ફોટનો વીડિયો સોશિયલ મીડિયા પર લાઈવ કરવાનો પ્રયાસ પણ કર્યો હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. કાયદા અમલીકરણના અધિકારીએ જણાવ્યા પ્રમાણે, કેલિફોર્નિયાના પામ સ્પ્રિંગ્સમાં આવેલા એક ફર્ટિલિટી ક્લિનિકની બહાર જોરદાર બોમ્બ વિસ્ફોટ થયો હતો. જેમાં એક વ્યક્તિનું મોત થયુ હતું અને અન્ય ચાર ઘાયલ થયા હતાં. એફબીઆઈએ આ મામલે તપાસ હાથ ધરી જણાવ્યું હતું કે, આ ઘટનામાં ક્લિનિકના મોટા હિસ્સાને નુકસાન થયુ છે. જો કે, સદનસીબે ક્લિનિક બંધ હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.










ભારતીય સેનાના પરાક્રમ અને ઓપરેશન સિંદૂરની ઐતિહાસિક સફળતાને ઉજવવા માટે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા દેશભરમાં તિરંગા યાત્રાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે રવિવારે એક ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ, જેમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તેમજ ગાંધીનગરના લોકપ્રિય સાંસદ અમિત શાહે વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી.

## ચિલઝડપનો ભેદ પોલીસે ઉકેલી ચિલઝડપ કરતી ટોળકીની ધરપકડ કરી

**। (એજન્સી) રાજકોટ, તા.૧૮ ।**

રાજકોટના અલગ અલગ વિસ્તારોમાં થતી ચિલઝડપનો ભેદ પોલીસે ઉકેલી ચિલઝડપ કરતી ટોળકીની ધરપકડ કરી છે. આરોપીઓ મોટી ઉંમરની મહિલાઓએ ગળામાં પહેરેલા ચેનની ચીલઝડપ કરતી ટોળકી પોલીસના હાથે ઝડપાઈ ગઈ છે. પોલીસે ઝડપેલા આરોપીઓએ શહેરમાં ૪ જગ્યાએ ચીલઝડપની ઘટનાને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી છે. આરોપીઓએ જે સોનાના ચેનની ચીલ ઝડપ કરી તે ચેનને ઓગાળી ઢાળીયો બનાવ્યો હતો. જે કોની મદદથી બનાવ્યો અને આ ટોળકી સાથે અન્ય કોઈ સંડોવાયેલા છે કે કેમ તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. રાજકોટ પોલીસના સકંજામાં રહેલા આ શખ્સોને જુઓ...જેનું નામ છે સદામ ઉર્ફે મછો યાસીનભાઈ કુરેશી, વિક્રમભાઈ લાલજીભાઈ માનસુરીયા...આ બન્ને શખ્સોએ કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર સાથે મળી ૪ જેટલી ચિલ ઝડપને અંજામ આપ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગત તારીખ ૧૨ મે ના રોજ ચીલઝડપ ન બનાવ બન્યો હતો અને તેના ત્રણ દિવસ બાદ માલવિયાનગર પોલીસ મથકમાં ચીલઝડપની ઘટના બની હતી. જેથી એલસીબી ઝોન -૨ ની ટીમ કાર્યરત હતી. આ દરમિયાન ઘણા બધા સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા આ ઉપરાંત ટેકનિકલ સોર્સ અને ખાનગી બાતમીના આધારે સદામ અને વિક્રમને ઝડપી લેવામાં આવ્યા છે અને તે બંને અલગ અલગ ચાર ગુના કબૂલ કરેલા છે. જેમાં માલવિયા નગર પોલીસ મથકમાં ગત ૧૫ મે ના ચીલઝડપનો બનાવ સામે આવ્યો હતો. આ ઉપરાંત ગાંધીગ્રામ, ભક્તિનગર અને કુવાડવા પોલીસ મથક વિસ્તારમાં ચીલઝડપ કરેલી હોવાનું સામે આવ્યું છે. સગીર સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે. પોલીસના કહેવા મુજબ, આરોપી સદામનો ગુનાહિત ઈતિહાસમાં તેના વિરુદ્ધ અગાઉ ૩ ગુના નોંધાયેલા છે. વર્ષ ૨૦૨૨ માં તેના વિરુદ્ધ દુષ્કર્મનો ગુનો દાખલ થયેલો છે. આ ઉપરાંત બીજો ગુનો ભયજનક હથિયાર સાથે ઝડપાયાનો છે તો ત્રીજો જાહેરનામા ભંગનો ગુનો દાખલ થયેલ છે. આ ટોળકીએ છેલ્લા અઢી મહિનામાં ૪ ચીલઝડપ કરેલી છે.

### ટાયર ફાટતાં મદદ માગતા કોઈ જવાબ જ નહીં

## વડોદરા એક્સપ્રેસ વેના હેલ્પલાઈન નંબરો નકામા

### રાતના ૧૧.૦૦ વાગ્યે અચાનક ટાયર ફાટતા કારને અમદાવાદ ટોલબુથથી સાત કિમી દુર રોકી મદદ માગી

**। (એજન્સી) વડોદરા, તા.૧૮ ।**

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર વાહન ચાલકો અને મુસાફરોની સુરક્ષા માટે હેલ્પલાઈન નંબર ૯૮૨૫૦૨૬૦૦૦ અને ૧૦૩૩ વડોદરાના એક પરિવારની ગાડીનું મધરાતે ટાયર ફાટતાં આ બંને હેલ્પલાઈન નંબર હેલ્પલેસ સાબિત થયા હતા.

વડોદરાથી દર્પણભાઈ દોશી જ્યારે રાત્રે અગીયાર વાગ્યે વડોદરાથી અમદાવાદ તેમના સસરાને ત્યાં સામાજિક કામથી આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં લગભગ રાતના ૧૧.૦૦ વાગ્યે અચાનક ટાયર ફાટતા તેમની કારને અમદાવાદ ટોલબુથથી ફક્ત સાત કિલોમીટર રોકી દેવી પડી હતી. આ સમયે આસપાસ કોઈ ન હતું. તેમણે વધુ અંધારું અને વાતાવરણ વધુ અનસેફ લાગતાં અમદાવાદ સ્થિત તેમના સાસરીયાઓને પણ ફોન કર્યો હતો પરંતુ એક્સપ્રેસ વે પર જો તેમને મદદ જોઈતી હોય તો નડિયાદ ફરીને આવવું પડતું હોવાથી સમય વધુ જાય તેમ હતું. આ કારણથી દર્પણભાઈએ હેલ્પલાઈન નંબર દ્વારા મદદ લેવાનું નક્કી કર્યું. અંધારામાં એકલા પરિવારને મદદ મળી રહે તે હેતુથી દર્પણભાઈ અને તેમના પત્ની વૈશાલીબેને એક્સપ્રેસ વેના હેલ્પ લાઈન નંબર પર કોલ કર્યો હતો પરંતુ માત્ર રિંગ જ વાગી હતી ત્યાર બાદ ૧૦૩૩ નંબર પર કોલ કર્યા પછી ઓપરેટરે તેમનું લોકેશન જાણ્યું હતું. દર્પણભાઈને હવે એ વાતની શાંતિ હતી કે કોઈ હેલ્પલાઈન નંબર થકી આવીને મને મદદ કરશે. પરંતુ લગભગ બે કલાક સુધી કોઈ આવ્યું ન હતું. એ પછી વધુ રાતનો સમય થતાં અને બાળક વધુ આક્રંદ કરતાં દર્પણભાઈ અને વૈશાલીબેને ઉપરોક્ત નંબર પર પચાસ કોલ કર્યા છતાં કોઈ પ્રત્યુત્તર મળ્યો ન હતો. લગભગ ત્રણ વાગ્યાના સુમારે દર્પણભાઈને રસ્તામાં એક અન્ય ગાડી મળતા તેમણે કામચલાઉ ટાયર બદલાવ્યું હતું. પરંતુ ફરી એ ટાયરમાં પણ ઓછી હવાને કારણે પંચર પડતાં પરિવાર વહેલી સવાર સુધી હેરાન થયું હતું. સવારે જ્યારે તેઓ પોતાના સસરાના ઘરે અમદાવાદ પહોંચ્યા ત્યારે હેલ્પલાઈન ઓપરેટરે તેમને મદદ માટે કોલ કર્યો હતો જે સાવ નિરર્થક હતો.

### રાજ્યમાં માવઠાનું સંકટ યથાવત

## દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૨૨ મેથી વરસાદનું આગમન થશે

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।**

હવામાન વિભાગની આગાહી મુજબ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૨૨ મેથી વરસાદનું આગમન થશે. ઉલ્લેખનિય છે કે, આ વર્ષે મે મહિનાની શરૂઆતથી વાતાવરણમાં પલટો આવતા અનેક વિસ્તારમાં માવઠાએ તારાજી સર્જી છે. હજુ પણ રાજ્ય પર માવઠાનું સંકટ તોળાઈ રહ્યું છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં સર્જાયેલ સિસ્ટમના કારણે ૨૨ મેથી ગુજરારાતમાં ફરી વાતાવરણમાં પલટો આવી શકે છે. હવામાન વિભાગે નવસારી, વલસાડ, દમણમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉપરાંત દાદરા અને નગર હવેલીમાં પણ ભારે વરસાદનું અનુમાન છે. રાજકોટ, અમરેલી, ગીર સોમનાથમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ભાવનગર, સાબરકાંઠા, અરવલ્લીમાં પણ વરસાદની આગાહી છે. મહિસાગર, પંચમહાલ, દાહોદ,વડોદરામાં પણ વરસાદનું અનુમાન છે. છોટાઉદેપુર, નર્મદામાં હળવા વરસાદનું અનુમાન વ્યકત કરવામાં આવ્યું છે. બંગાળ અને અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમના કારણે ૨૨મેથી રાજ્યમાં વાવાઝોડાની પણ આશંકા સેવાઈ રહી છે. ઉલ્લેખનિય છે કે, હાલ અરબી સમુદ્રમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયુ છે તો સિસ્ટમ જો ગુજરાત તરફ આવશે તો વાવાઝોડાની શક્યતાને નક્કારી ન શકાય. જો વાવાઝોડું ગુજરાતમાં ન આવતા બીજી દિશામાં ફંટાઈ જાય તો પણ ૨૨ મેથી ભારે વરસાદના અનુમાનને નકારી ન શકાય . નોંધનિય છે કે, જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં આયોજિત કાર્યક્રમમાં આગાહીકારોએ ખેતી માટે અનુકુળ વરસાદી આ વર્ષે આગાહી કરી છે. આ સાથે રાજ્યમાં જૂન અને જુલાઈમાં બે મોટા વાવાઝોડાની પણ આગાહી કરી છે. આ વર્ષે ચોમાસાનું આગમન ૧૪થી ૧૬ જૂન વચ્ચે થવાનું અનુમાન આગાહીકારોએ વ્યક્ત કર્યું છે.

## રાજકોટની પદ્મકુંવરબા હોસ્પિટલમાં આવતા દર્દીઓ માટે પંખા બંધ

### અહીંયા એક વોર્ડમાં ૧૨ જેટલા બેડ છે અને માત્ર બે જ પંખા હોવાથી મહિલા દર્દીઓ પરેશાન થઈ રહી છે

**। (એજન્સી) રાજકોટ, તા.૧૮ ।**

શહેરની પદ્મકુંવરબા હોસ્પિટલ ફરી વિવાદમાં આવી છે. અમારી ટીમના ગ્રાઉન્ડ રિપોર્ટમાં દેખાય છે કે, હોસ્પિટલમાં દર્દીઓ માટે પંખાઓ બંધ છે. જોકે, અધિકારીઓ ન હોય તો પણ તેમની ઓફિસમાં એસી અને પંખા બંને ચાલુ છે. અહીંયા સારવાર લેતા દર્દીઓને પંખા ઘરેથી લાવવાની ફરજ પડે છે. સરકાર દ્વારા પ્રસૂતા મહિલાઓ માટે અનેક યોજનાઓ અને સુવિધાઓ બહાર પાડવામાં આવે છે. જોકે યોજના તો દૂર રાજકોટની પદ્મ કુંવરબા હોસ્પિટલમાં તો પ્રાથમિક સુવિધાનો પણ અભાવ જોવા મળે છે. રાજકોટ શહેરના ગુંદાવાડી વિસ્તારમાં આવેલી પદ્મા કુવરબા હોસ્પિટલમાં પ્રસૂતા મહિલાઓની પ્રસૂતિ કરાવવામાં આવતી હોય છે. રાજકોટની સરકારી પદ્મકુંવરબા હોસ્પિટલમાં દર્દીઓને ઘરેથી પંખા લઈને આવવાનો વારો આવ્યો છે. આરોગ્ય વિભાગનું લાખો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે. જોકે આમ છતાં પણ દર્દીઓને તો હેરાન થવાનો જ વારો આવે છે. અહીંયા એક વોર્ડમાં ૧૨ જેટલા બેડ છે અને માત્ર બે જ પંખા હોવાથી મહિલા દર્દીઓ પરેશાન થઈ રહી છે. મહિલાઓ માટેની પદ્મકુંવરબા હોસ્પિટલમા સૌરાષ્ટ્રભરમાંથી સારવાર લેવા માટે દર્દીઓ આવે છે. દર્દીના સગાવ્હાલાએ ન્યુઝ ૧૮ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, અહીંયા રાત્રિના સમયે મચ્છર પણ બહુ હોય છે અને પંખા પણ નથી હોતા તેથી તેમની સમસ્યા અનેક ગણી વધી જાય છે. આ અંગે રાજકોટના કોંગ્રેસ નેતા અને ડોક્ટર હેમાંગ વસાવડાએ કહ્યું હતું કે, જો નવજાત બાળકોને અને પ્રસૂતા મહિલાને વધારે પરસેવો વળે છે તો તે ડી હાઈડ્રેશનનો શિકાર પણ બને છે. આ ઉપરાંત અન્ય બીમારી પણ થઈ શકે છે. જ્યારે આ અંગે પદ્મકુંવરબા હોસ્પિટલના આરએમઓ ડો.નૂતન લૂંગાતરે કહ્યું હતું કે, હોસ્પિટલનું રીનોવેશન હાલમાં ચાલુ હોવાના કારણે થોડી મુશ્કેલી સર્જાઈ હતી.

### પાદરામાં દેશદ્રોહી ઝડપાયો

## પાદરામાં વધુ એક પાકિસ્તાન પ્રેમી ઝડપાયો, દેશ વિરોધી પોસ્ટ કરી શેર

**। (એજન્સી) પાદરા, તા.૧૮ ।**

પહેલગામ આતંકી હુમલા પછી દેશભરમાં રોષ અને દુ:ખની લાગણી ફેલાઈ હતી. ત્યારથી ભારત અને પાકિસ્તાન વચ્ચેનાં સંબંધો વણસેલા છે. જેથી પાકિસ્તાનને તેનો જવાબ આપવાની લોકોએ માંગણી કરી હતી.તેના પરિણામે ભારતે ઓપરેશન સિંદુર હાથ ધરીને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો. દેશમાં પાકિસ્તાની ધ્વજના પોસ્ટરને રોડ પર લગાવી તેના પર ગાડીઓ દોડાવી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. તો ભારતમાં જ રહીને પાકિસ્તાનને સપોર્ટ કરનારાઓ સામે પણ કાર્યવાહી કરાઈ છે. તેવા ઘણા પાકિસ્તાન પ્રેમીઓ દેશમાં છે. જેને શોધવાના બાકી છે.

## ૧૫ દિવસમાં ૧૨ મોટા કેસ ઉકેલી સાયબર ક્રાઇમના માસ્ટરમાઈન્ડને પકડી લેવાયા

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।**

આજના ડિજિટલ યુગમાં સાયબર ક્રાઈમ સમગ્ર વિશ્વ માટે એક ગંભીર પડકાર બની ગયો છે. આવા સમયે, ગુજરાત પોલીસે સાયબર ગુનેગારો સામે કડક કાર્યવાહી કરીને નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે.

છેલ્લા માત્ર ૧૫ દિવસમાં, રાજ્યના વિવિધ સાયબર ક્રાઈમ યુનિટ્સે ૧૨ જેટલા મહત્વપૂર્ણ સાયબર કેસો ઉકેલીને ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ભેજાબાજોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. આ સફળતા બદલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસની ટીમોને અભિનંદન પાઠવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના નેતૃત્વમાં દેશભરમાં સાયબર ક્રાઈમ સામે મક્કમ કાર્યવાહી થઈ રહી છે, જેના ભાગરૂપે ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસે આ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. જનજાગૃતિ અભિયાનની સાથે સાથે, અધ્યતન ટેક્નોલોજી અને તજજ્ઞ અધિકારીઓની મદદથી સાયબર ગુનેગારોને પકડવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારે આ બજેટમાં કરોડો રૂપિયાના ખર્ચે હાઈટેક સાયબર એક્સલેન્સ સેન્ટર તૈયાર કરવા માટે પણ ખાસ જોગવાઈ કરી છે. રાજ્યના ચાર મહાનગરો – અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાની સાયબર ક્રાઈમ ટીમો તથા સ્ટેટ સાયબર ક્રાઈમ સેલે છેલ્લા ૧૫ દિવસમાં સયુક્ત અને વ્યક્તિગત રીતે કાર્યવાહી કરીને ૧૨ મહત્વના સાયબર કેસો ઉકેલ્યા છે.

### દાવેદારોએ કમર કસી

## મે મહિનાનાં અંત સુધી ગ્રામ પંચાયતની ચૂંટણીની જાહેરાત થવાની સંભાવના

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।**

મે મહિનાના અંત સુધીમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ જાહેર થવાની શક્યતા છે. રાજ્ય ચૂંટણી આયોગે આગામી ચૂંટણીઓને લઈ તૈયારીઓ શરુ કરી છે. ચૂંટણી થતાં પંચાયતોમાં વહીવટકર્તાઓનું શાસન સમાપ્ત થઈ જશે. સરપંચ બનવાના દાવેદારોએ એડીચોટીનું જોર લગાવવાનું શરૂ કરી દીધું છે. ૧૫ જૂન પહેલા ચૂંટણી યોજાય તેવી સંભાવના દેખાઈ રહી છે. બેલેટ પેપર દ્વારા ચૂંટણી ગ્રામ પંચાયતોનો કાર્યકાળ ૩૦ જૂને સમાપ્ત થઈ રહ્યો છે. જે પંચાયતોનો કાર્યકાળ પૂરો થઈ ગયો છે ત્યાં ચૂંટણીઓ યોજાશે. રાજ્ય ચૂંટણી પંચે કલેક્ટરોને પત્ર લખીને તેમને પંચાયતની ચૂંટણી માટે તૈયાર રહેવાનો આદેશ આપ્યો છે. ખાસ કરીને ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઈફસ્નો ઉપયોગ કરવામાં આવશે નહીં એટલે કે બેલેટ પેપરથી ચૂંટણી યોજાશે. પ્રાપ્ત વિગતો અનુસાર મતદાન કેન્દ્રથી લઈ સ્ટ્રોંગ રૂમ સુધી કડક વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સલાહસૂચનો અપાયા છે. બેલેટ છાપવા પ્રિન્ટિંગ પ્રેસ, સ્ટેશનરી, આંગળી પર લગાવવા શાહી સહિતનો માલસામાન ખરીદવા માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે.

પ્રશાસન, પોલીસ વગેરેને ચૂંટણીનો ડેટાબેઝ તૈયાર કરવા તેમજ મતગણતરી માટે સ્ટાફને તાલીમ આપવાની કામગીરી હાથ ધરાઈ છે. સરપંચ પદ માટે ઉમેદવારોએ પૂરતી તૈયારીઓ કરી લીધી હોવાનું મનાઈ રહ્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ડોનાલ્ડ ટ્રમ્પના વ્હાઈટ હાઉસમાં બે જેહાદીની એન્ટ્રી

## એડવાઈઝરી બોર્ડ ઓફ લે લીડર્સમાં એવા બે વ્યક્તિની નિયુક્તી થઈ જેના એકના લશ્કર-એ-તૈયબા સાથે સંબંધ, બીજો કાશ્મીરમાં ફેલાવી ચૂક્યો છે આતંક

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ |

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટી તંત્રએ વ્હાઈટ હાઉસના એડવાઈઝરી બોર્ડ ઑફ લે લીડર્સમાં બે એવા વ્યક્તિની નિયુક્તિ કરી છે, જેના કથિત રૂપે ઈસ્લામી જેહાદી સંગઠનો સાથે સંબંધ છે. તેમાંથી એક ઈસ્માઈલ રૉયર છે, જે પહેલા રેંડેલ રૉયરના નામે જાણીતો હતો અને બીજો પ્રસિદ્ધ મુસ્લિમ સ્કૉલર અને જાયતૂના કૉલેજના સહ-સંસ્થાપક શેખ હમઝા યૂસુફ છે.

ઈસ્માઈલ રૉયરનો પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે સીધો સંબંધ જણાવવામાં આવી રહ્યો છે. આ નિયુક્તિએ ભારત અને આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ચિંતા ઊભી કરી છે, કારણ કે રૉયર પર ૨૦૦૦માં પાકિસ્તાનમાં લશ્કરના ટ્રેનિંગ કેમ્પમાં ભાગ લેવા અને કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ થવાનો આરોપ છે. આ નિયુક્તિને લઈને ટ્રમ્પની નજીકની અને દક્ષિણપંથી કાર્યકર્તા લારા લૂમરે તીખી પ્રતિક્રિયા આપી છે. તેમણે ઈસ્માઈલ રૉયરની નિયુક્તિને પાગલપન જણાવ્યું છે અને આરોપ લગાવ્યો કે, રૉયર લશ્કર-એ-તૈયબાના આતંકવાદી ટ્રેનિંગ કેમ્પમાં પ્રશિક્ષણ લઈ ચુક્યો છે અને કાશ્મીરમાં ભારતીય ઠેકાણા પર ફાયરિંગ જેવી ગતિવિધિમાં ભાગ લીધો છે.

ઈસ્માઈલ રૉયરને ૨૦૦૪માં અમેરિકાની એક કોર્ટે આતંકવાદી ગતિવિધિઓમાં ગુનેગાર સાબિત થતા ૨૦ વર્ષની સજા સંભળાવી હતી. તે 'વર્જીનિયા જેહાદી નેટવર્ક' સાથે જોડાયેલો હતો. હ્લૈંની તપાસ અનુસાર, તેણે પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓને મોકલવા અને ત્યાં હથિયારોની ટ્રેનિંગ અપાવવામાં મદદ કરી હતી. ૨૦૨૩માં ડિજિટલ ઈસ્ટ ફોરમ સાથે એક ઈન્ટરવ્યુમાં



રૉયરે પોતાના જેહાદી ભૂતકાળને યાદ કરતા કહ્યું હતું, 'મને લશ્કરના લોકો પસંદ આવ્યા. મને જણાવવામાં આવ્યું હતું કે, આ એક કટ્ટરપંથી સમૂહ નથી.'

મળતી માહિતી અનુસાર, રૉયરે કોર્ટમાં માન્યું હતું કે, તેણે પોતાના સાથી- મંસૂર ખાન, યોંગ કી ક્વોન, મોહમ્મદ અતીક અને ખ્વાજા મોહમ્મદ હસનને પાકિસ્તાની આતંકી કેમ્પમાં પ્રવેશ આપવામાં મદદ કરી હતી. તેણે ઈબ્રાહીમ અહેમદ અલ-હમ્દીને પણ આરપીજી (રૉકેટ પ્રોપેલ્ ગ્રેનેટ)ના પ્રશિક્ષણ માટે મોકલવામાં આવ્યા હતાં, જેથી ભારત સામે સૈન્ય કાર્યવાહી કરી શકાય. જોકે, ૨૦ વર્ષની સજામાંથે તેને ૧૩ વર્ષ જેલમાં વિતાવ્યા અને હવે તે ધાર્મિક સ્વતંત્રતા સંસ્થાના ઈસ્લામ એન્ડ રિલિજીયસ ફ્રીડમ એક્શન ટીમના નિર્દેશકના રૂપે કાર્યરત છે.

લારા લૂમે એક અન્ય નિયુક્ત સભ્ય, શેખ હમઝા યુસુફ પર પણ પ્રશ્ન કર્યા. તેમણે દાવો કર્યો કે, યુસુફ મુસ્લિમ બ્રધરહૂટ અને હમાસ જેવા સંગઠનો સાથે જોડાયેલો રહ્યો છે અને 'જેહાદ'ની અસલી પરિભાષાને છૂપાવવાનો પ્રયાસ કર્યો છે. લૂમરે આરોપ લગાવ્યો કે, જાયતૂના કોલેજમાં શરીયા કાયદાનું શિક્ષણ આપવામાં આવે છે અને આ સંસ્થા ઈસ્લામિક કટ્ટરપંથને વધારો આપે છે. જોકે, વ્હાઈટ હાઉસ તરફથી હજુ સુધી તેના પર સંપૂર્ણ વિવાદ પર કોઈ સત્તાવાર નિવેદન સામે નથી આવ્યું.

લૂમરે એક્સ પર પોસ્ટ કરતા લખ્યું કે, 'વ્હાઈટ હાઉસમાં આતંકવાદીઓને સલાહકાર બનાવવું શરમજનક છે. આ અમેરિકાની સુરક્ષા અને લોકતાંત્રિક મૂલ્યોની મજાક છે.' તેમણે ટ્રમ્પ પ્રશાસનમાં પહેલાં કાર્યરત રહેતા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટેજની બરતરફીને પણ તેના સાથે જોડતા સંકેત આપ્યો કે, ટ્રમ્પના આંતરિક ઘેરામાં કટ્ટર વિચારધારાવાળા લોકો જગ્યા પર જઈ રહ્યા છે.

નોંધનીય છે કે, લશ્કર-એ-તૈયબાને ભારતમાં અનેક આતંકવાદી હુમલા માટે જવાબદાર ગણવામાં આવે છે, જેમાં ૨૦૦૮ મુંબઈ હુમલો સામેલ છે, જેમાં ૧૬૬ લોકોના મોત થયા હતાં. હાલમાં જ ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને PoKમાં લશ્કર અને જૈશ-એ-મોહમ્મદના ઠેકાણ પર સટીક હુમલા કર્યા હતા. આ હુમલામાં લશ્કરના મુરીદકે સ્થિત માર્કઝ તૈબા પ્રશિક્ષણ કેન્દ્રને સંપૂર્ણ રીતે નષ્ટ કરી દીધા હતાં.

### રેસ્ટોરેન્ટને એક રૂપિયાનો જીએસટી વસૂલવો ભારે પડયો

| (એજન્સી) ભોપાલ, તા.૧૮ |

મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલના ગ્રાહક સુરક્ષા કેન્દ્રએ એક રેસ્ટોરેન્ટને મિનરલ વોટરની બોટલ પર એક રૂપિયો જીએસટી લેવાના મામલામાં રૂ. ૮૦૦૦ ચૂકવવાનો આદેશ કર્યો છે. રિપોર્ટ મુજબ, ઓક્ટોબર ૨૦૨૧ના રોજ એશ્વર્યા તેના મિત્રો સાથે ભોપાલની રેસ્ટોરેન્ટમાં જમવા ગઈ હતી. જ્યારે, બિલ આવ્યું ત્યારે મિનરલ વોટરની બોટલ પર રૂ. ૨૦ની એમઆરપી લખી હતી. પરંતુ, બિલમાં તેની પાસેથી રૂ. ૨૯ વસુલવામાં આવ્યા હતા. આ રૂ. ૨૯માં એક રૂપિયાના જીએસટીનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. રેસ્ટોરેન્ટના સ્ટાફને જ્યારે તેની ફરિયાદ કરવામાં આવી ત્યારે, તેમણે કહ્યું કે તેઓ નિયમ મુજબ ચાર્જ વસૂલી રહ્યાં છે. જે બાદ આ કેસ ગ્રાહક સુરક્ષા ફોરમમાં પહોચ્યો હતો. હવે ૪ વર્ષ બાદ નિર્ણય સામે આવ્યો છે. રેસ્ટોરેન્ટે એક રૂપિયાના જીએસટીની સાથે સર્વિસમાં કમી માટે રૂ. ૫૦૦૦ અને કેસના ખર્ચ તરીકે રૂ. ૩૦૦૦ ચૂકવવાનો આદેશ કર્યો હતો.

### જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં ભૂલ કરશો તો અનામતનો લાભ નહીં મળે

| (એજન્સી) લખનૌ, તા.૧૮ |

એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોઈપણ ભરતી જાહેરાત હેઠળ અરજી કરવા માટે જાહેરાતમાં દર્શાવેલ ચોક્કસ ફોર્મેટમાં જાતિ પ્રમાણપત્ર સબમિટ કરવું ફરજિયાત છે. કોઈપણ ઉમેદવાર ફક્ત અનામત કેટેગરીના હોવાના આધારે આ જોગવાઈમાંથી મુક્તિનો દાવો કરી ન શકે. જસ્ટિસ દીપાંકર દત્તા અને મનમોહનની બેન્ચે આ ટિપ્પણી ઉત્તર પ્રદેશ પોલીસ ભરતી અને પ્રમોશન બોર્ડ (UPPRPB) દ્વારા જારી કરાયેલ જાહેરાત હેઠળ એક ઉમેદવાર દ્વારા કરાયેલી અરજીના સંબંધમાં કરી હતી. ઉમેદવારે કેન્દ્ર સરકાર દ્વારા માન્ય ફોર્મેટમાં OBC (અન્ય પછાત વર્ગ) પ્રમાણપત્ર રજૂ કર્યું હતું, જ્યારે જાહેરાતમાં સ્પષ્ટપણે રાજ્ય સરકાર દ્વારા નક્કી ફોર્મેટમાં પ્રમાણપત્રની માંગ કરવામાં આવી હતી. નક્કી ફોર્મેટમાં પ્રમાણપત્ર સબમિટ ન કરવામાં આવતા ઉમેદવારને બિનઅનામત કેટેગરીમાં ગણવામાં આવ્યો હતો. જ્યારે આ આધારે ઉમેદવારને ભરતી પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવ્યો, ત્યારે તેણે સૌપ્રથમ અલ્લાહાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી. હાઈકોર્ટમાંથી રાહત ન મળતાં તેણે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો. સુપ્રીમ કોર્ટે પણ હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો અને કહ્યું કે ભરતી જાહેરાતના નિયમો અને શરતોનું પાલન કરવું દરેક ઉમેદવારની ફરજ છે. ન્યાયાધીશ દત્તાએ આપેલા ચુકાદામાં ૨૦૧૩ના કેસ, રજિસ્ટ્રાર જનરલ, કલકત્તા હાઈકોર્ટ વિરુદ્ધ શ્રીનિવાસ પ્રસાદ શાહ (૨૦૧૩) ૧૨ SCC ૩૬૪નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે જો પ્રમાણપત્ર નિર્ધારિત ફોર્મેટમાં ન હોય અને સક્ષમ અધિકારી દ્વારા જારી ન કરવામાં આવે તો તે ઉમેદવારની પાત્રતા પર પ્રતિકૂળ અસર કરશે.

### ભારતમાં થયેલા ત્રણ મોટા હુમલામાં હતો સામેલ

## લશ્કર-એ-તૈયબાના મોટા આંતકી સૈફુલ્લાહનો ખેલ ખતમ

### સૈફુલ્લાહને પાકિસ્તાનમાં ઠાર મારવામાં આવ્યો હતો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ |

ભારતનો વધુ એક દુશ્મન ઓછો થઈ ગયો છે. લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલો એક મોટો આતંકવાદી આજે પાકિસ્તાનના સિંધમાં જ ઠાર કરવામાં આવ્યો છે. આ આતંકીનું નામ સૈફુલ્લાહ ઉર્ફ વિનોદ કુમાર ઉર્ફ મોહમ્મદ સલીમ ઉર્ફ ખાલીદ ઉર્ફ વનિયાન ઉર્ફ વાજિદ ઉર્ફ સલીમ ભાઈ છે. તે નેપાળમાં લશ્કર-એ-તૈયબાનું આખું મોડ્યૂલ સંભાળતો હતો, તેનું મુખ્ય કામ લશ્કરની આતંકવાદી પ્રવૃતિઓ માટે કેડર અને આર્થિક મદદ પૂરી પાડવાનું હતુ. છેલ્લા ઘણાં સમયથી તે નેપાળમાં લશ્કર એ તૈયબાનું કામ સંભાળી રહ્યો હતો. રામપુરના CRPF કેમ્પ પર હુમલો, નાગપુરમાં સંઘ મુખ્યાલય પર હુમલો, IISc બંગલુરુ પર બોમ્બ વિસ્ફોટમાં તેનું નામ સામેલ હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેને રવિવારે પાકિસ્તાનના સિંધ પ્રાંતના બદીન જિલ્લાના માટલી તાલુકામાં ઠાર મારવામાં આવ્યો છે. આ આતંકી નેતા નેપાળના માર્ગે લશ્કરના આતંકવાદીઓને ભારતમાં ઘુસાડવાનું કામ કરતો હતો. સૈફુલ્લાહ લશ્કરના ઓપરેશનલ કમાન્ડર આઝમ ચીમા ઉર્ફે બાબાજીનો ખાસ સહયોગી હતો. નેપાળમાં તે વિનોદ કુમારના નામે ઓપરેટ કરતો હતો અને તેણે એક નેપાળી યુવતી નગમા બાનુ સાથે લગ્ન પણ કર્યા હતા. તેણે નાગપુરમાં સંઘ કાર્યાલય પર ૨૦૦૬માં થયેલા હુમલામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત, CRPF કેમ્પ રામપુર પર થયેલા હુમલામાં પણ તેની મોટી ભૂમિકા હતી. IISc બંગલોર પર થયેલા હુમલાના કાવતરામાં પણ તે સામેલ હતો.

હાલમાં તે પાકિસ્તાનના સિંધ પ્રાંતના માટલીમાંથી પોતાની પ્રવૃત્તિઓને અંજામ આપી રહ્યો હતો અને લશ્કર માટે સતત આતંકીઓની ભરતી કરતો હતો. તે નેપાળથી આતંકી કેડરની ભરતી, ફંડિંગ, લોજિસ્ટિક્સ અને ભારત-નેપાળ સીમા પાર પ્રવૃત્તિઓ માટે જવાબદાર હતો. તે લશ્કરના લોન્ચ કમાન્ડર આઝમ ચીમા અને લેખા પ્રમુખ યાકૂબના સંપર્કમાં હતો.

### સિનીયર સિટીઝનને બનાવ્યા નિશાન

## વીમા પોલિસીના નામે લાખો રૂપિયાની ઠગાઈ આચરી

### જુદી-જુદી પોલિસીના નામે પડાવ્યા રૂપિયા : સિનીયર સિટીઝને નોંધાવી ફરિયાદ : બંને ભાઈઓની ધરપકડ

| (એજન્સી) સુરત, તા.૧૮ |

જો તમને વીમા કંપનીમાંથી કોણ અજાણ્યા વ્યક્તિનો કોલ આવે. તો સતર્ક રહેજો. કારણ કે સુરતમાં બની એક એવી ઘટના જે તમારા હોંશ ઉડાવી દેશે. વીમા કંપનીમાંથી બોલતા હોવાની ખોટી ઓળખ આપીને એક જ પરિવાર પાસેથી લાખો રૂપિયા ખંખેરી લીધા. કોણ છે આ આરોપી શું છે તેમની મોડસ ઓપરેન્ડી અને કેવી રીતે કરતા હતા છેતરપિંડી. તમને થતા તમામ સવાલોના જવાબ મેળવીશું આપણે અહીં. પોલીસ જાપ્તામાં ઉભેલા આ બંને ઠાકોરબંધુએ ભેગા મળીને એક સિનીયર સિટીઝનને એવા ચકરાવળે ચઢાવ્યા. કે તેઓ ઠાકોર બંધુઓની જાળમાં ફસાઈ ગયા. અને સિનીયર સિટીઝન સાથે લાખો રૂપિયાની ઠગાઈ થઈ. લાલચમાં આવેલા સિનીયર સિટીઝનને જ્યારે ઠગાઈની ખબર પડી ત્યારે પોલીસ સ્ટેશનના દરવાજા ખખડાવ્યા અને પોલીસે ભારે જહેમત બાદ બંને આરોપીની ધરપકડ કરી. પોલીસે પકડેલા બંને ભાઈનું નામ અમિતકુમાર ઠાકોર અને સુમિતકુમાર ઠાકોર છે. બંને દિલ્લીના રહેવાસી છે. જ્યાંથી પોતાની ઠગાઈની દુકાન પણ ચલાવે છે. સુરતમાં રહેતા એક સિનીયર સિટીઝનને આ બંને ભાઈઓએ લાલચ આપી બોટલમાં ઉતારી લીધા. આ બંને ભાઈઓમાં સમગ્ર ષડયંત્રનો માસ્ટરમાઈન્ડ અમિતકુમાર ઠાકોર છે. જેણે વીમા કંપનીની ખોટી ઓળખ આપીને સુરતના સિનીયર સિટીઝન સાથે વાતચીત કરી સિનીયર સિટીઝનને વિશ્વાસમાં લીધા અને પછી ઠગાઈ આચરી. માસ્ટરમાઈન્ડ અમિતકુમાર ઠાકોરે સિનીયર સિટીઝનને જૂદી-જૂદી વીમા પોલિસીમાં રોકાણ કરવાની લાલચ આપી.

### ટેક્નિકલ ખામીના કારણે ત્રીજો તબક્કો પાર ન કરી શક્યું રોકેટ

## ISROનું ૧૦૧મું મિશન EOS-09 લોન્ચના ત્રીજા તબક્કામાં નિષ્ફળ ગયું

| (એજન્સી) શ્રીહરિકોટા, તા.૧૮ |

ISRO એ આજે સવારે ૫:૫૯ વાગ્યે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી સતીશ ધવન સ્પેસ સેન્ટરના પહેલા લોન્ચ પેડ (FLP) પરથી PSLV-C61 રોકેટ લોન્ચ કર્યું, જે સફળ રહ્યું નહીં. પીએસએલવી રોકેટ ત્રીજા તબક્કાને પાર કરી શક્યું નહીં. ઈસરોના વડા વી. નારાયણને આ માહિતી આપી છે. આ ઉપગ્રહ EOS-04 જેવો જ હતો અને તેનું કામ પૃથ્વીની તસવીરો અને માહિતી મોકલવાનું હતું, જેથી મહત્વપૂર્ણ કાર્યો માટે ડેટા મેળવી શકાય. તેની મદદથી સરહદ પર થતી દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવતી હતી.

આ રોકેટ EOS-09 ને સન સિંક્રનસ પોલર ઓર્બિટ (SSPO) માં લઈ ગયું. સી-બેન્ડ સિન્થેટિક એપરચર રડારથી સજ્જ, EOS-09 કોઈપણ હવામાન પરિસ્થિતિઓમાં ગમે ત્યારે પૃથ્વીની સપાટીની ઉચ્ચ-રીઝોલ્યુશન તસવીરો લેવામાં સક્ષમ હશે.

EOS-09 ઉપગ્રહ દેશની રડાર સેન્સિંગ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી ડિઝાઈન કરવામાં આવ્યો હતો. તે આતંકવાદ વિરોધી કામગીરી, ઘૂસણખોરી અથવા શંકાસ્પદ પ્રવૃત્તિઓ શોધવા માટે બનાવવામાં આવ્યું હતું અને દુશ્મનની દરેક હિલચાલ પર નજર રાખે છે. તેનું વજન આશરે ૧,૭૧૦ કિલોગ્રામ હતું અને તે દેશને આપત્તિ વ્યવસ્થાપન અને પર્યાવરણીય દેખરેખ જેવા ક્ષેત્રોમાં સચોટ માહિતી મેળવવામાં મદદ કરશે.

ISRO દ્વારા EOS-09 (પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ-૦૯) ના લોન્ચિંગ સમયે ભારતીય વૈજ્ઞાનિક ડૉ. ડબલ્યુ. સેલ્વમૂર્તિએ ગઈકાલે પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું, "આ ઉપગ્રહ ખૂબ જ ખાસ છે કારણ કે તે ઘણા ઉપગ્રહોનો ભાગ છે જે પૃથ્વી પર નજર રાખે છે અને શોધી કાઢે છે કે કયા ફેરફારો થઈ રહ્યા છે. આ ઉપગ્રહ કૃષિ, વન, આપત્તિ વ્યવસ્થાપન અને સુરક્ષા જેવા કાર્યોમાં મદદ કરશે. દેશની સરહદો પર નજર રાખવી પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે." ઈસરોની ટેકનિકલ ટીમ હવે સમસ્યાની વિગતવાર તપાસ કરશે જેથી જાણી શકાય કે લોન્ચ દરમિયાન સમસ્યા કયા તબક્કે આવી અને ભવિષ્યમાં તેને કેવી રીતે સુધારી શકાય.

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) ના મિશનને મોટો આંચકો લાગ્યો છે. તેનું અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ (EOS-09) મિશન નિષ્ફળ ગયું છે. લોન્ચિંગ ૫ છી માહિતી આપતાં, ISROના વડા વી નારાયણને કહ્યું કે, EOS-09 મિશન તેના ઉદ્દેશ્યમાં નિષ્ફળ ગયું છે. અમે તેની તપાસ કરી રહ્યા છીએ અને સંપૂર્ણ વિશ્લેષણ પછી તેના વિશે માહિતી આપીશું.આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે PSLV-C61 ના લોન્ચિંગ સમયે ISRO ના વડા વી નારાયણને જણાવ્યું હતું કે, "આ મિશન તેના ત્રીજા તબક્કા દરમિયાન નિષ્ફળ ગયું. અમે તેના પરના અવલોકનો જોઈ રહ્યા છીએ અને મિશન પૂર્ણ થઈ શક્યું નથી. અમે મૂલ્યાંકન કર્યા પછી પાછા આવીશું." તેમણે કહ્યું કે ઈસરોનું ખૂબ જ ખાસ પીએસએલવી ૪ તબક્કાનું રોકેટ છે અને પ્રથમ પ્રક્ષેપણ દરમિયાન, પ્રથમ ૨ તબક્કા સામાન્ય હતા.

લોન્ચિંગ સમયે પોતાના સંક્ષિપ્ત સંબોધનમાં, નારાયણને કહ્યું, "EOS-09 એ ૨૦૨૨ માં લોન્ચ થનારા EOS-04 જેવો જ પુનરાવર્તિત ઉપગ્રહ છે, જે ઓપરેશનલ એપ્લિકેશન્સમાં રોકાયેલા વપરાશકર્તા સમુદાય માટે રિમોટ સેન્સિંગ ડેટા સુનિશ્ચિત કરવા અને અવલોકનોની આવર્તન સુધારવા માટે રચાયેલ છે."

### ફરવાના બહાને ૨ વાર પાકિસ્તાન ગઈ, VIP ટ્રીટમેન્ટ મળી

## જાસૂસ જ્યોતિ મલ્હોત્રાની ખૂલી ભારત વિરુદ્ધની કાંડ કુંડળી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ |

હરિયાણાના હિસારની રહેવાસી યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ અનેક ચોંકાવનારા ખુલાસા થયા. તે ભારતમાં એક સામાન્ય છોકરીની જેમ પોતાનું જીવન જીવતી હતી પરંતુ પાકિસ્તાન પહોંચતાની સાથે જ તેને VVIP ટ્રીટમેન્ટ મળવા લાગી. પાકિસ્તાન દૂતાવાસના અધિકારી ડેનિશ અને પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓના કારણે જ્યોતિને VIP ટ્રીટમેન્ટ મળતી હતી. ત્યાંથી, તે જ્યાં જવાનું મન થાય ત્યાં જતી. તેને પાકિસ્તાની પોલીસ તરફથી સુરક્ષા પણ મળતી હતી. તે પાકિસ્તાનમાં હાઈ પ્રોફાઈલ પાર્ટીઓમાં હાજરી આપતી હતી. જ્યાં તે ગુપ્તચર એજન્સીઓ ઉપરાંત અન્ય વરિષ્ઠ અધિકારીઓને મળતી હતી. અહેવાલ મુજબ, હિસાર પોલીસ દ્વારા પૂછપરછ દરમિયાન જ્યોતિએ કબૂલાત કરી હતી કે તે બે વાર પાકિસ્તાન ગઈ હતી અને કાશ્મીરની પણ મુલાકાત લીધી હતી. તેણે ગુપ્તચર એજન્સીના અધિકારી સાથે ઈન્ડોનેશિયાના બાલીની પણ મુલાકાત લીધી હતી. તે નેપાળ પણ ગઈ. આ વર્ષે ૨૩ માર્ચે તે પાકિસ્તાની દૂતાવાસ ગઈ હતી. જ્યાં તેણે ઈફ્તાર પાર્ટીમાં ભાગ લીધો હતો. તેણે ત્યાંથી વીડિયો પણ પોતાની ચેનલ પર અપલોડ કર્યો. જ્યારે તે દૂતાવાસ પહોંચી, ત્યારે ડેનિશે ખૂબ જ મૈત્રીપૂર્ણ રીતે તેનું સ્વાગત કર્યું અને બંને એકબીજા સાથે એવી રીતે વાત કરતા જોવા મળ્યા જાણે તેઓ એકબીજાને ખૂબ નજીકથી ઓળખતા હોય. દાનિશે તેને તેની પત્ની સાથે પણ પરિચય કરાવ્યો. આ ઉપરાંત, તે ઘણા અધિકારીઓને મળી. હિસાર પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યોતિ ૨૦૨૪માં પાકિસ્તાન પછી તરત જ ચીનની મુલાકાતે ગઈ ત્યારે સુરક્ષા એજન્સીઓના ધ્યાન પર આવી હતી. તેણે એપ્રિલ ૨૦૨૪માં લગભગ ૧૨ દિવસ માટે પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. આ પછી તરત જ તે જૂનમાં ચીન ગઈ હતી. ચીનમાં તેણે લક્ઝરી કારમાં જ્વેલરી શોપ સહિત ઘણી જગ્યાએ પ્રવાસ કર્યો. આ વાત પ્રકાશમાં આવતાની સાથે જ ભારતીય સુરક્ષા એજન્સીઓને તેના ઈરાદા અને ખર્ચ અંગે શંકા ગઈ. ત્યારબાદ તેની દેખરેખ શરૂ કરવામાં આવી. તમને જણાવી દઈએ કે જ્યોતિ અત્યાર સુધી ઘણા દેશોની મુસાફરી કરી ચૂકી છે, તે ઘણીવાર ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરતી હતી. તે ફક્ત VIP રેસ્ટોરાંમાં ખાવાની અને વિદેશમાં મોંઘી ગાડીઓમાં મુસાફરી કરવાની પોતાની ઈચ્છા પૂરી કરતી હતી, જ્યારે ભારત આવ્યા પછી તે એક સામાન્ય છોકરી જેવું જીવન જીવતી હતી. જ્યોતિ હિસારની ન્યૂ અગ્રસેન કોલોનીની રહેવાસી છે. તેના પિતા પાસે ત્રણ રૂમનું નાનું ઘર છે.

### ભારતનું બંધારણ સર્વોચ્ચ છે : સીજેઆઈ

## લોકશાહીના ત્રણેય સ્તંભોએ સાથે મળીને કામ કરવું જોઈએ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ |

જસ્ટિસ ભુષણ રામક્રિષ્ના ગવઈએ ભારતના ૫૨માં ચીફ જસ્ટિસ (CJI) પદે ૧૪ મે, ૨૦૨૫ના રોજ શપથ ગ્રહણ કર્યા હતા. જ્યારે આજે રવિવારે (૧૮ મે) ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈએ કહ્યું કે, ન તો ન્યાયપાલિકા અને ન તો કારોબારી, પરંતુ ભારતનું બંધારણ સર્વોચ્ચ છે અને લોકશાહીના ત્રણેય સ્તંભોએ સાથે મળીને કામ કરવું જોઈએ. મુંબઈમાં બાર કાઉન્સિલ મહારાષ્ટ્ર અને ગોવા તરફથી આયોજિત સ્વાગત સમારોહમાં મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં તેમણે સંમેલનને સંબોધિત કર્યું હતું. મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે, દેશ ન માત્ર મજબૂત થયો છે, પરંતુ સામાજિક અને આર્થિક સ્તરે પણ વિકસિત થયો છે. તેમણે કહ્યું કે, ન તો ન્યાયતંત્ર, ન તો કારોબારી કે ન તો સંસદ સર્વોચ્ચ છે, પરંતુ ભારતનું બંધારણ સર્વોચ્ચ છે અને ત્રણેય અંગોએ બંધારણ અનુસાર કાર્ય કરવાનું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશના માળખાગત રચના મજબૂત છે અને બંધારણના ત્રણેય સ્તંભો સમાન છે. બંધારણના તમામ અંગોએ એક-બીજા પ્રત્યે સમ્માન બતાવવો જોઈએ. આ કાર્યક્રમ દરમિયાન, ન્યાયાધીશ ગવઈ દ્વારા આપવામાં આવેલા ૫૦ નોંધપાત્ર ચુકાદાઓ પર આધારિત પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

### ચોકી છોડીને ભાગતા જોવા મળ્યા પાકિસ્તાની સૈનિકો

## ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂરનો નવો વીડિયો કર્યો જાહેર

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ |

ભારતીય સેનાના પશ્ચિમી કમાન્ડે ઓપરેશન સિંદૂરનો એક નવો વીડિયો જાહેર કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાની ગોળીબારના જવાબમાં ભારતીય સેનાએ એવી રીતે જવાબ આપ્યો જે દુશ્મનોએ પહેલાં ક્યારેય જોયો નહોતો. સેનાના વીડિયોમાં કહેવામાં આવ્યું છે કે આ બદલો નહીં પણ ન્યાય હતો.

આ ૫૪ સેકન્ડનો વિડીયો શિવ તાંડવની ધૂનથી શરૂ થાય છે. તેમાં કહેવામાં આવ્યું હતું કે, "પહલગામ આતંકવાદી હુમલાથી શરૂઆત થઈ હતી, તે ગુસ્સો નહીં પણ લાવા હતો. મનમાં ફક્ત એક જ વાત હતી, આ વખતે આપણે તેને એવો પાઠ ભણાવીશું કે તેની પેઢીઓ તેને યાદ રાખશે. આ બદલાની ભાવના નહોતી, આ ન્યાય હતો."

વેસ્ટર્ન કમાન્ડ દ્વારા આ વીડિયો જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં સૈનિકો મોર્ટાર ફાયર કરતા જોઈ શકાય છે. વીડિયોમાં કહેવામાં આવ્યું છે કે ૯ મેની રાત્રે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરનારી બધી દુશ્મન ચોકીઓ જમીનદોસ્ત કરવામાં આવી હતી. દુશ્મન પોતાની ચોકીઓ છોડીને ભાગતા જોવા મળ્યા હતા. ઓપરેશન સિંદૂર માત્ર એક કાર્યવાહી નહોતી, તે પાકિસ્તાન માટે એક પાઠ હતો જે તેણે દાયકાઓથી શીખ્યો નહોતો.

## તંત્રી લેખ...

# ભારતે પાકિસ્તાનની અંદર ઘૂસીને આતંકીઓને આપ્યો જવાબ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તેમજ ગાંધીનગર લોકસભાના સાંસદ અમિત શાહ ૧૭ મે, ૨૦૨૫થી ગુજરાતના બે દિવસીય પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન અમિત શાહ દ્વારા ગાંધીનગર અને અમદાવાદમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત આજે ગાંધીનગરમાં ૭૦૮ કરોડના ૭૮ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યું, જેમાં શહેરના સૌથી મોટા તળાવનું બ્યુટિફિકેશન પણ સામેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે ગાંધીનગર મહાનગર પાલિકા, GUDA અને જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયા બાદ અમિત શાહની કોલવડા ખાતે સભામાં યોજાઈ. ઓપરેશન સિંદૂર બાદ યોજાયેલી અમિત શાહની પહેલી સભામાં તેઓએ સૌથી પહેલા તો ઓપરેશન સિંદૂરમાં બહાદૂરી માટે ભારતીય સેનાના વખાણ કર્યા અને જવાનોને સલામ કરી. જે બાદ તેઓએ પાકિસ્તાનને આડેહાથે લીધું અને પાકિસ્તાન પર આકરા પ્રહાર કર્યા. અમિત શાહે કહ્યું કે, પીએમ મોદીએ ભારતને વિકસિત બનાવવામાં કોઈ કસર છોડી નથી. પીએમ મોદીએ દેશને સુરક્ષિત રાખવાનું કામ કર્યું છે. ૨૦૧૪ પહેલા, લગભગ દરરોજ આતંકવાદી હુમલા થતા હતા. પહેલા આતંકવાદીઓ આવતા હતા અને લોકોને મારીને ભાગી જતા હતા, ઘણા કાવતરા થતા હતા, પણ કોઈ જવાબ આપવામાં આવતો નહોતો. પણ હવે એવું નથી. ઓપરેશન સિંદૂર અંગે અમિત શાહે કહ્યું કે, સેનાએ ઈંટનો જવાબ પથ્થરથી આપ્યો. સેનાના કારણે આપણું માથું ગર્વથી ઊંચું થઈ ગયું છે. તેમણે એમ પણ કહ્યું કે, અમે પરમાણુ ધમકીથી ડરતા નથી.

## આપણે હવે મુસાફરી કે આયાત દ્વારા એવા દેશોને સશક્ત બનાવી શકીએ નહીં જે આપણા હિતોના વિરોધી છે: ઉપરાષ્ટ્રપતિ

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરે આજે કહ્યું હતું, ‘‘શું આપણે એવા દેશોને સશક્ત બનાવી શકીએ છીએ, જે આપણા હિતોના વિરોધી છે? સમય આવી ગયો છે જ્યારે આપણામાંના દરેકે આર્થિક રાષ્ટ્રવાદ વિશે ઊંડાણપૂર્વક વિચાર કરવો જોઈએ,’’ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ‘‘આપણી ભાગીદારીને કારણે હવે આપણે મુસાફરી કે આયાત દ્વારા તે દેશોની અર્થવ્યવસ્થામાં સુધારો કરી શકીએ નહીં, જેઓ કટોકટીના સમયે તે દેશો આપણી વિરુદ્ધ ઉભા રહે છે.’’ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે જયપુરિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના વાર્ષિક દીક્ષાંત સમારોહને સંબોધતા શ્રી ધનખડે કહ્યું, ‘‘દરેક વ્યક્તિ સુરક્ષામાં રાષ્ટ્રને મદદ કરવા માટે સશક્ત છે. ખાસ કરીને વેપાર, વ્યવસાય, વાણિજ્ય અને ઉદ્યોગ સુરક્ષાના મુદ્દાઓમાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. તેથી હું દ્રઢપણે માનું છું કે આપણે હંમેશા એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ, અને તે છે: રાષ્ટ્ર પ્રથમ. દરેક વસ્તુને ઊંડી અને અવિચલ પ્રતિબદ્ધતા, રાષ્ટ્રવાદ પ્રત્યે સમર્પણના આધાર પર ગણવી જોઈએ. અને તે માનસિકતા આપણે આપણા નાના બાળકોને પહેલા દિવસથી જ શીખવવી જોઈએ.’’ તેમણે ચાલી રહેલા ઓપરેશન સિંદૂરની પણ પ્રશંસા કરી અને ભારતના સશસ્ત્ર દળોને ધન્યવાદ આપ્યા. ‘‘આ પ્રસંગે, હું ખાસ કરીને દેશના યુવાનોને સંબોધિત કરી રહ્યો છું, તેથી હું તમામ સશસ્ત્ર દળો અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વને ચાલુ ઓપરેશન સિંદૂરની નોંધપાત્ર સફળતા માટે મારા સલામ કરું છું .’’ પહેલગામ ખાતે થયેલા બર્બર હુમલાનો યોગ્ય જવાબ ગણાવતા તેમણે ઉમેર્યું, ‘‘આ એક નોંધપાત્ર બદલો હતો, જે પહેલગામમાં થયેલી બર્બરતા - ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલા પછી આપણા નાગરિકો પરનો સૌથી ઘાતક હુમલો - સામે શાંતિ અને સુલેહ-શાંતિના આપણા સિદ્ધાંતોને અનુરૂપ છે. આ દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના હૃદય બિહારથી સમગ્ર વૈશ્વિક સમુદાયને સંદેશ મોકલ્યો. તે ખાલી શબ્દો નહોતા. દુનિયા હવે સમજી ગઈ છે: જે કહેવામાં આવે છે તે વાસ્તવિકતા છે. ‘‘હવે કોઈ પુરાવા માંગતું નથી. દુનિયાએ જોયું છે અને સ્વીકાર્યું છે. આપણે આ ગાથા જોઈ છે - તે દેશ આતંકવાદમાં કેવી રીતે ઊંડાણપૂર્વક ડૂબેલો છે. ‘‘જ્યારે શબપેટીઓ સશસ્ત્ર દળો અને લશ્કરી શક્તિ અને રાજકીય શક્તિ સાથે લઈ જવામાં આવે છે, ત્યારે ભારત દ્વારા સિંદૂર સાથે ન્યાય આપવામાં આવે છે.’’ ધનખરે ખાતરી આપી કે ભારતના આતંકવાદ વિરોધી પ્રયાસોમાં એક નવો માપદંડ સ્થાપિત થયો છે. ‘‘યુદ્ધ અને આતંકવાદ સામેની લડાઈના મિકેનિક્સમાં, એક નવો માપદંડ સ્થાપિત થયો છે. ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનના પ્રદેશમાં ખૂબ જ અંદર બહાવલપુર ખાતે જૈશ -એ-મોહમ્મદને નિશાન બનાવ્યું. આંતરરાષ્ટ્રીય સરહદની પેલે પાર - જૈશ -એ-મોહમ્મદનું મુખ્ય મથક, લશ્કર-એ- તૈયબા બેઝ, મુરીદકે પણ. હવે કોઈ પુરાવા માંગતું નથી. કોઈ તેને માંગતું નથી. દુનિયાએ જોયું છે અને સ્વીકાર્યું છે.’’ તેમણે વધુમાં ઉમેર્યું, ‘‘આ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો સરહદ પારનો હુમલો છે. આતંકવાદી સિવાય કોઈને નુકસાન ન થાય તે માટે કાળજીપૂર્વક અને ચોક્કસ રીતે કેલિબ્રેટ કરાયેલો હુમલો છે.’’ ધનખરે ૨ મે, ૨૦૧૧ના રોજ થયેલા યુએસ ઓપરેશનને યાદ કર્યું. ‘‘આ ૨ મે, ૨૦૧૧ના રોજ બન્યું હતું, જ્યારે ૨૦૦૧માં યુએસમાં ૧૧ સપ્ટેમ્બરના રોજ થયેલા હુમલાનું આયોજન, દેખરેખ અને અમલ કરનાર એક વૈશ્વિક આતંકવાદીએ કર્યું હતું. તેની સાથે અમેરિકા દ્વારા પણ આવી જ રીતે વ્યવહાર કરવામાં આવ્યો હતો. ભારતે પણ તે કર્યું છે અને વૈશ્વિક સમુદાયના જ્ઞાન મુજબ કર્યું છે.’’ ભારતની સભ્યતાની વિશિષ્ટતા પર પ્રતિબિંબ પાડતા, શ્રી ધનખરે નોંધ્યું હતું, ‘‘આપણે એક રાષ્ટ્ર તરીકે અનોખા છીએ. દુનિયાનો કોઈ પણ રાષ્ટ્ર ૫,૦૦૦ વર્ષ જૂના સભ્યતાના સિદ્ધાંતો પર ગર્વ ન કરી શકે. આપણે પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના અંતરને તોડવાની નહીં, પણ સેતુ બનાવવાની જરૂર છે.’’ ધનખરે કહ્યું હતું, ‘‘આપણે રાષ્ટ્રવિરોધી વાતોને કેવી રીતે નજરઅંદાજ કરી શકીએ? આ દેશમાં વિદેશી યુનિવર્સિટીઓનું આવવું એ એક એવી બાબત છે જેને શુદ્ધિકરણની જરૂર છે. તેના માટે ઊંડાણપૂર્વક વિચારવાની જરૂર છે. આ એવી બાબત છે જેના વિશે આપણે ખૂબ કાળજી રાખવી પડશે.’’ ઉપરાષ્ટ્રપતિએ શિક્ષણ અને સંશોધન અંગેના વ્યાપારીકરણ સામે ચેતવણી આપી. ‘‘આ દેશ શિક્ષણનું વ્યાપારીકરણ અને વસ્તુકરણ પોસાય તેમ નથી. તે નિર્વિવાદ છે, તે વર્તમાન છે. આપણી સભ્યતા મુજબ શિક્ષણ અને આરોગ્ય પૈસા કમાવવાના ક્ષેત્રો નથી. આ સમાજને પરત આપવાના ક્ષેત્રો છે.

---

**વાલ્મિકી રામાયણમાં આઠમો કાંડ લવકુશકાંડ તરીકે પ્રચલિત છે, અને તેમાં તેના જન્મની એક અન્ય કથા પણ પ્રચલિત છે**

# માતૃત્વ, ત્યાગ, મર્યાદા અને સમકાલીન સ્ત્રીની સંઘર્ષમય યાત્રા, સ્ત્રીનું ચરિત્ર અને ચિંતન: માતા સીતા અને આજના યુગની કહાની



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સીતા માતા તો આમ પણ માતા તરીકે જ ઓળખાય છે, પરંતુ માતા તરીકે કોઇપણ સ્ત્રી ઉત્તમ ચરિત્ર ધરાવતી હોય છે, પછી તે પતિ સાથે હોય કે સીંગલ મધર હોય, તે પોતાના સંતાન માટે પોતાના જીવનનું સર્વસ્વ હોમી દેતી હોય છે, તેના ઉછેરમાં કોઈ કમી રહી જાય નહીં એ માટે તે દિવસ-રાત સંઘર્ષ કરતી હોય છે. સમાજની પરવાહ કર્યા વગર તે પોતાના બાળકનો ઉછેર કરતી હોય છે.**

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વર્તમાન સમયમાં સ્ત્રીઓ એક સુપર પાવર ધરાવતા કેરેક્ટર તરીકે જીવી રહી છે, અને ક્યાંક ક્યાંક એ વગર લગ્ને મા બનવાનાં નિર્ણય લે છે, અથવા રિલેશનશીપ ની ભેટ તરીકે માતૃત્વ પ્રાપ્ત થાય છે! ક્યાંક પ્રેમને નામે દગો થાય, તો ક્યાંક ડિવોર્સ થયા પછી પોતાના સંતાનોને ઉછેરવા એ જ એનું લક્ષ્ય હોય એવું પણ જોવા મળે છે! બસ આમ રીતે ભગવાન રામ અને સીતા પણ અલગ થયાં હતાં, અને પ્રભુ શ્રીરામ દ્વારા સીતા માતાનો ત્યાગ કરવામાં આવ્યો હતો. જોકે તેનું કારણ અવિશ્વાસ કે લગ્ન જીવનની ઉણપ નહોતો. પરંતુ રામરાજ્યની જરૂરિયાત તરીકે એ વાત સ્વીકારવામાં આવી હતી. લક્ષ્મણજીને આદેશ આપવામાં આવ્યો કે,તે માતા સીતાને અરણ્યમાં છોડી આવે. સીતાનોમના દિવસે જનક નંદિની તરીકે સીતા ચરિત્ર વિશે જોયા પછી એક સિંગલ વુમન અને સિંગલ મધર તરીકેની માતા સીતાની જીવનચર્યા પર આજે આપણે ચિંતન કરીશું.

પ્રભુ શ્રીરામ દ્વારા માતા સીતાનો ત્યાગ કરવામાં આવ્યો, ત્યારે સીતાજી ગર્ભવતી હતાં, અને લક્ષ્મણજી તેમને વાલ્મીકિ ઋષિના આશ્રમ પાસે છોડીને અયોધ્યા પરત ફર્યા. સીતાજીએ વાલ્મીકિના આશ્રમમાં આશરો લીધો, અને પોતાના ગર્ભવતીનાં આ સમયમાં તેમણે વાલ્મીકિ ઋષિ પાસેથી પિતાનો સ્નેહ પ્રાપ્ત કર્યો. સમયાંતરે તેમણે ઈક્ષ્વાકુ કુળના પુત્રોને જન્મ આપ્યો, અને વાલ્મિકી ઋષિ એ તેને લવ કુશ નામ આપ્યા. પરંતુ લવ-કુશના જન્મ બાબતે પણ બે મત પ્રવર્તે છે, અથવા તો અન્ય એક દંતકથા પણ પ્રચલિત છે. વાલ્મિકી રામાયણમાં આઠમો કાંડ લવકુશકાંડ તરીકે પ્રચલિત છે, અને તેમાં તેના જન્મની એક અન્ય કથા પણ પ્રચલિત છે. એ કથા અનુસાર માતા સીતાએ ફક્ત એક પુત્રને જન્મ આપ્યો હતો, અને તેનું નામ લવ રાખવામાં આવ્યું હતું. ઋષિ વાલ્મિકીના આશ્રમમાં અન્ય શિષ્ય ગણ પણ રહેતા હતાં, અને ઋષિ સ્વાભાવિક રીતે જ તેમને શસ્ત્ર અને શાસ્ત્ર વિદ્યા શીખવવામાં આખો દિવસ વ્યસ્ત રહેતા હતાં. માતાસીતા એકવાર નદીમાં સ્નાન કરવા જતાં હતાં, અને તેમણે વાલ્મીકિ ઋષિને પોતાના પુત્ર લવનું ધ્યાન રાખવાનું કહ્યું. પરંતુ તેમણે જોયું કે ઋષિનું ધ્યાન નથી, અને એ જગ્યા ખૂંખાર જંગલી પ્રાણીઓથી ભરેલી હતી, એટલે માતૃત્વ ભાવ છલકાઈ ગયો, અને તેમને થયું કે ઋષિનું ધ્યાન નહીં રહે, અને પોતાના બાળકને કોઈ હિંસક પશુ આવીને ખાઈ જશે, આથી તે વાલ્મીકિ ઋષિને જણાવ્યા વગર પોતાની સાથે જ પોતાના પુત્રને લઈને સ્નાન કરવા જાય છે. આ બાજુ વાલ્મીકિ ઋષિ થોડીવાર પછી લવ ને શોધે છે, અને તેને થાય છે કે હમણાં સીતે પાછી આવશે અને પૂછશે, કે મારો પુત્ર ક્યાં છે? તો હું શું જવાબ આપીશ? આ સાથે તેમણે આશ્રમમાં ઉગતા કુશ નામના ઘાસનું પુતળું બનાવી, તેની પર મંત્રોચ્ચાર કરી, અને લવ જેવું જ એક બાળક બનાવ્યું. માતાસીતા સ્નાન કરીને પાછા આવે છે, અને ઋષિ તેના હાથમાં લવને જુએ છે, અને એ જ રીતે માતા સીતા ઋષિનાં હાથમાં લવ ને જુવે છે. બંને જણા આશ્ચર્યથી એકબીજા સામે જુએ છે, અને તુરંત પરિસ્થિતિ પામી જાય છે. સીતા માતા ઋષિનાં હાથમાં રહેલા બાળકને જોઈને અત્યંત ખુશ થઈ જાય છે, અને તે કુશ નામના ઘાસમાંથી ઉદ્ભવ પામ્યું હોવાથી, તેનું નામ કુશ રાખવામાં આવે છે. આમ સીતા માતા જોડીયા સંતાનોની માતા બને છે.

વાલ્મીકિ ઋષિ બધી જ શાસ્ત્ર અને શસ્ત્ર વિદ્યા બંને બાળકોને આપે છે, અને આશ્રમમાં તેમની નજર હેઠળ તેમનો ઉછેર થાય છે. આમ આશ્રમનું જીવન જીવતા હોવા છતાં, તેમની ખ્યાતિ દેશ પ્રદેશ સુધી પહોંચે છે. માતાસીતા પોતાના પુત્રોની દિનપ્રતિદિન પ્રાપ્ત થતી સિદ્ધિ પ્રસિદ્ધિથી ખૂબ જ ખુશ થાય છે, અને સીંગલ વુમન તરીકે કે સીંગલ મધર તરીકે પોતે પોતાનું કર્તવ્ય નિભાવી શક્યાનો સંતોષ અનુભવે છે. વાલ્મીકિ ઋષિ પણ આ બે બાળકોને પોતાના કુળ તેમજ ખાનદાનનો પરિચય મળી રહે, માટે એના ઈતિહાસ એટલે કે રાજા દશરથથી શરૂ કરીને રાજારામ સુધીની કથાનું ગાયન રોજ સંભળાવતા હતા. પ્રભુ શ્રીરામ આયોજિત અશ્વમેઘ યજ્ઞનો ઘોડો પણ લવકુશ પકડે છે, અને શત્રુઘ્નને હરાવીને એ બંને અયોધ્યાનાં રાજ દરબારમાં પહોંચે છે, અને ત્યાં પોતાના જન્મની કથા પ્રભુ શ્રીરામને સંભળાવે છે. પ્રભુ શ્રીરામ પોતાના પુત્રોને પોતાની નજર સામે જોઈને ગદ્ગદિત થઈ જાય છે. બંને પુત્રો તેમના પિતા પાસે પાછા પહોંચી ગયાની વાત, જ્યારે સીતા માતાને મળે છે. ત્યારે તેને થાય છે કે હવે લવકુશ પોતાના પિતાને આગ્રહ કરશે કે, તેની માતાને તેડી આવે, અથવા પોતાની માતાને આવી સ્થિતિમાં ફક્ત પ્રજા શું કહેશે! શું એ માટે છોડી દીધી હતી? એવો પ્રશ્ન કરશે, અને પ્રભુ શું જવાબ આપશે! એટલે તેમને પોતાની માતાની માંફી માંગવાનું કહેશે, વગેરે વગેરે વિચાર આવે છે. આ બધું માતા સીતા ઈચ્છતાં ન્હોતાં, માટે તે ધરતીમાં સમાઈ જવા માટે તે જે સ્થાન પર ઊભા હતાં, ત્યાં આગળ જ પ્રાર્થના કરે છે, અને ધરતીમાતા તરત જ તેમની પ્રાર્થના સાંભળે છે. પર્વતનાં બે ભાગ થાય છે, અને સીતા માતા તેમાં સમાઈ જાય છે. આ સ્થાનને સીતા કુંડ તરીકે ઓળખવામાં આવે છે.અહીં આગળ એક તળાવ છે, અને તેમાં રામ લક્ષ્મણ અને જાનકી નામના જળ વિસ્તારના ત્રણ ભાગ બતાવવામાં આવે છે. તેની ખાસિયત એ છે કે શિયાળામાં આ પાણી ગરમ હોય છે, જ્યારે ઉનાળામાં તે પાણી ઠંડુ થઈ જાય છે. સીતા માતા તો આમ પણ માતા તરીકે જ ઓળખાય છે, પરંતુ માતા તરીકે કોઈપણ સ્ત્રી ઉત્તમ ચરિત્ર ધરાવતી હોય છે. પછી તે પતિ સાથે હોય કે સીંગલ મધર હોય, તે પોતાના સંતાન માટે પોતાના જીવનનું સર્વસ્વ હોમી દેતી હોય છે. તેના ઉછેરમાં કોઈ કમી રહી જાય નહીં એ માટે તે દિવસ-રાત સંઘર્ષ કરતી હોય છે. સમાજની પરવાહ કર્યા વગર તે પોતાના બાળકનો ઉછેર કરતી હોય છે. ભવિષ્યમાં તેનું બાળક સિંગલ વુમન કે સિંગલ મધર તરીકે હોવાથી તેનો વિકાસ થયો નથી, કે તેને આ વસ્તુ મળી નહીં, એવો અફસોસ ન કરે એ વાતનું પણ એ ધ્યાન રાખતી હોય છે. પુરુષ કરતાં સ્ત્રી સંવેદનશીલ તેમજ વધુ સહનશીલ હોવાથી કુદરતે સંતાનના ઉછેરની મોટાભાગની જવાબદારી સ્ત્રી પર નાખી છે, અને સ્ત્રી તેને પૂર્ણ રૂપે અંજામ પણ આપે છે. સમાજમાં ઘણા પુરુષો પોતાની પત્નીનાં અવસાન બાદ કે તેને છોડી ગયા બાદ પોતાના સંતાનને ઉછેરતા હોય છે, પરંતુ તેમની માટે એ બહુ કઠિન કાર્ય થઈ જતું હોય છે. જ્યારે સ્ત્રી પ્રમાણમાં સહજતાથી આ વાતનો સ્વીકાર કરી શકે છે, અને આ સ્વાભાવિક અંતર તેમના મૂળ સ્વભાવને કારણે કુદરત તરફથી જ હોય છે. યુગ ગમે તે હોય પણ પરીક્ષા હંમેશા સ્ત્રીઓએ જ આપવી પડે છે, એ વાત યાદ રાખી અને સ્વતંત્રતા સ્વચ્છંદતામાં ફેરવાઈ ન જાય! મર્યાદા નામનો આપણો ઉચ્ચતમ સંસ્કાર છે, તેની ગરિમા મુજબ એને નિભાવીને, સીતા માતા જેવું ઉચ્ચતમ ચરિત્ર કેળવીને, સમાજ વ્યવસ્થાના પાયામાં રહેલાં, ગૃહસ્થાશ્રમને સમજવો પડશે, સંવારવો પડશે, અને લગ્નજીવનને દિવ્ય તેમજ પ્રસન્ન બનાવવું પડશે, તો જ આપણી સમાજ વ્યવસ્થા મજબૂત બનશે. કળિયુગ દિવસેને દિવસે પોતાનો પ્રભાવ વધારતો જાય છે, આવનારા દિવસો હજી આનાથી પણ વધુ ભયંકર હશે. ત્યારે સ્ત્રી તેમજ પુરુષ એ પાયાની એક વાત યાદ રાખવાની છે, કે સ્ત્રી હોય કે પુરુષ બંને એકબીજાના પૂરક છે. બંને એકબીજા વગર અધૂરા છે, અને આ સત્ય સમજી અને એકબીજાના સ્વભાવની મર્યાદા ને સ્વીકારી, અને જીવવામાં આવે તો જ લગ્નજીવન દીપી ઊઠે. આપણે સૌ આપણી સમાજ વ્યવસ્થા મજબૂત બનાવવા માટે, પોત પોતાના લગ્નજીવનને પ્રસન્ન બનાવવાની નિખાલસ કોશિશ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહન અને જય સીયારામ.

---

**દુર્યોધન વિદુરજીને કહે છે, તું દાસી પુત્ર મારું જ અન્ન ખાઇને મારી નિંદા કરે છે?મારા ઘરનું ખાઈ મારી વિરુદ્ધ કામ કરે છે?**

# તીર્થ યાત્રા તેની સફળ થાય કે, જે તીર્થ જેવો પવિત્ર થઇને ઘરે આવે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**તમારી કોઈ નિંદા કરે તો તમે નિંદા શાંતિથી સહન કરજો, માનજો કે નિંદક મારા દોષનું મને ભાન કરાવે છે, મારા પાપને તે ધૂએ છે, કેટલાક ને નિંદા કર્યા વગર ખાધેલું પચતું નથી, આ દુનિયાએ નિંદા કર્યા વગર કોઇને છોડયો નથી, નિંદા કરનાર ઉપર ક્રોધ ન કરવો, નિંદા સાંભળીને તેમાં પણ ઈશ્વરનો શુભ સંકેત માનવો.**

આજે સોમવારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો પાપનો બાપ છેલોભ અને પાપની મા છે મમતા લોભ અને મમતા પાપ કરાવે છે. દુર્યોધનને કાને વાત આવી કે, વિદુર કાકા અમારી વિરુદ્ધ વાતો કરતા હતા.તરત દુર્યોધને વિદુરજીને સભામાં બોલાવી એમનું અપમાન કર્યું.

યક્ષ-યુધિષ્ઠિર સંવાદમાં યક્ષે પ્રશ્ન કર્યો કે, કાયમનો નરકમાં કોણ પડે છે?ત્યારે યુધિષ્ઠિર કહે છેકે, આમંત્રણ આપે અને તેનું અપમાન કરે તે કાયમ માટે નરકમાં પડે છે.

દુર્યોધન વિદુરજીને કહે છે,તું દાસી પુત્ર મારું જ અન્ન ખાઈને મારી નિંદા કરે છે?મારા ઘરનું ખાઈ મારી વિરુદ્ધ કામ કરે છે?

વિદુરજી એવા ધીર ગંભીર છેકે, તે નિંદા સહન કરે છે. સભામાં નિંદા સહન કરેતે સંત. સમર્થ હોવા છતાં જે સહન કરે તે સંત.તે ભગવાનનો અવતાર છે. વિદુરજીમાં એવી શક્તિ હતી કે,આંખ ઊઘાડીને દુર્યોધન સામે જુએતો દુર્યોધન બળીનેખાક થાય. પણ વિદુરજી તે શક્તિનો ઉપયોગ કરતા નથી. શક્તિનો દુરુપયોગ કરે તે દૈત્ય. સંપત્તિ અને સમયનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે છે એ દેવ. તમે ખૂબ સહન કરશો તો સંત થશો.કેટલીક સાસુઓ વહુઓ ઉપર જુલમ કરે છે. તે કહે છે કે, હું વહુ કરતાં મોટી એટલે તેને હુકમ કરવાનો હક્ક છે.વિચાર કરો વહુ કરતા સાસુ મોટી નથી. બંને સમાન વયનાં છે.સાસુ-વહુનો એક જ દિવસે સાથે જન્મ થયો છે. જે દિવસે એક વહુ બની તે જ દિવસે બીજી સાસુ બની છે. કોઈ જીવને અવગણશો નહીં.

વિદુરજીએ જેવું બાર વર્ષ તપ કર્યું તે પ્રમાણે કરશો,તો સહન કરવાની શક્તિ આવશે. અતિ સાત્ત્વિક આહાર જેનો હશે તે સહન કરી શકશે. સાત્ત્વિકઆહાર વિનાસહન શક્તિ આવતી નથી. વિદુરજી બાર વર્ષ ભાજી ઉપર રહ્યા છે.તમે બાર મહિના ભાજી ઉપર રહેશો તો સહન કરવાની શક્તિ આવશે. તેલ મરચાં ખૂબ ખાય તો સ્વભાવ મરચાં જેવો થશે.આ જીવનો એવો સ્વભાવ છેકે,એને જે મળ્યું છેતેમાં સંતોષ નથી. વિદુરજીએ તાંદળજાની ભાજીમાં સંતોષ માની ઈશ્વરનું આરાધન કર્યું છે.અપમાનથી વિદુરજી ગ્લાનિ પામતા નથી. સભામાં દુર્યોધને વિદુરજીનું અપમાન કર્યું તેમ છતાં ગુસ્સે થયા નથી. વિદુર કાકાએ એકલી ભાજી ખાધેલીને? જીવનમાં સુખી રહેવું હોયતો‘કમ ખાઓ અને ગમખાઓ મનુષ્યને બધું ખાતાં આવડે છે, ફક્ત ગમ ખાતાં આવડતું નથી.

તમારી કોઈ નિંદા કરે તો તમે નિંદા શાંતિથી સહન કરજો. માનજો કે નિંદક મારા દોષનું મને ભાન કરાવે છે,મારા પાપને તે ધૂએ છે.કેટલાક ને નિંદા કર્યા વગર ખાધેલું પચતું નથી. આ દુનિયાએ નિંદા કર્યા વગર કોઈને છોડયો નથી. નિંદા કરનાર ઉપર ક્રોધ ન કરવો. નિંદા સાંભળીને તેમાં પણ ઈશ્વરનો શુભ સંકેત માનવો.વિદુરનું અપ માન કરવામાં આવ્યું તો પણ તેમાં તેઓ પ્રભુની કૃપાનો અનુભવ કરાવે છે. વિદુરજી કહે છે કે, દુર્યોધન મારી નિંદા કરતો નથી, પણ દુર્યોધનના અંતરમાં રહેલા નારાયણ મને કહે છે કે, કૌરવોનો કુસંગ તું છોડી દે. મહાપુરુષ નિંદામાંથી પણ સાર કાઢે છે.સારી વસ્તુમાં સારું દેખાય એ સાધારણ વૈષ્ણવ, પણ જેને ખરાબમાં પણ સારું તત્ત્વ દેખાય એ ઉત્તમ વૈષ્ણવ છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં વૈષ્ણવ પ્રભુનો અનુગ્રહ જ જુએ છે. કૌરવોના મંડળમાં વિદુરજી વિરાજે તો કૌરવોનો વિનાશ થાય નહીં એટલે પ્રભુ વિદુરજીને ત્યાંથી જવાની પ્રેરણા કરે છે.

રામાયણમાં રાવણે વિભિષણનું અને ભાગવતમાં દુર્યોધને વિદુરજી નું અપમાન કરેલું. આ પ્રમાણેસંતો ના અપમાનથી તેઓનો નાશ થયો ઘરમાં એકાદ પુણ્યશાળી માણસ હોય,તો તે ઘરના માણસો નું કોઈ અહિત કરી શકતું નથી. વિદુરના જવાથી કૌરવોનો નાશ થયો.વિભિષણના જવાથીલંકાના રાક્ષસોનો નાશ થયો. દુર્યોધને નોકરોને હુકમ કર્યો કે,આ વિદુર જીને ધક્કો મારી ને બહાર કાઢો સેવકો ધક્કો મારી બહાર કાઢે તે પહેલાં વિદુરજીએ સમજીને ઘરનો ત્યાગ કર્યો. વિદુર જી છત્રીસ વર્ષ સુધી યાત્રા કરવા માટે નીકળ્યા છે, પણ સાથે કાંઈ લીધું નથી. આજકાલ તો લોકો છત્રીસ દિવસ અરે, છત્રીસ કલાક ની જાત્રાએ નીકળે તો છત્રીસ ચીજવસ્તુઓ સાથે પોતાની જરૂરિયાતનું મોટું હતી કાળજી રાખે છે. જરૂરિયાત ઓછી કરો તો પાપ ઘટશે અને જો જરૂરિયાત વધારશો તો પાપ વધશે. પ્રાપ્ત સ્થિતિમાં અસંતોષ મનુષ્યને પાપ કરવા પ્રેરે છે. તેથી તા કહ્યું છેકે, પાપના બાપ લોભ છે જે કોઈ પાપ કરતો નથી તે મહાન પુણ્ય કરી રહ્યો તેથી ઈન્દ્રિયોને પ્રતિકૂળ વિષયોમાંથી હટાવી અનુકૂળ વિષયમાં જોડી દેવી એનું નામ યાત્રા તીર્થ યાત્રા તેની સફળ થાય કે,જે તીર્થ જેવો પવિત્ર થઈને ઘરે આવે છે. બાકી તો અનેકવાર પાપ ભેગું કરીને મનુષ્ય જાત્રામાંથી આવે છે માટે યાત્રા વિધિપૂર્વક કરવી. યાત્રા ઉપર જતાં પહેલાં આજથી હું બ્રહ્મચર્ય પાળીશ,આજથીક્રોધ નહીં કરું,આજથી જૂઠું નહીંબોલું આજથી વ્યર્થ ભાષણ નહીં કરું. એવી પ્રતિજ્ઞાઓ કરવી પડે છે. આવી પ્રતિજ્ઞાઓ લીધા પછી જાત્રાની શરૂઆત કરવી જોઈએ. આજકાલ તો પૈસા ખૂબ વધે એટલે પૈસાદાર લોકો જાત્રાને બહાને ફરવા નીકળી પડે છે. એવી રીતે તો કાગડો પણ કાશી અને મથુરા જઈ આવતો હશે.

તીર્થયાત્રામાં બ્રાહ્મણોની નિંદા ન કરો. બ્રાહ્મણ પ્રત્યે સદભાવ ન હોય તો તીર્થયાત્રા ફળતી નથી. ગુરુનું અપભ્રંશ છે ગોર. તીર્થના ગોરને નોકર ગણો. તીર્થમાં વિધિ પૂર્વક સ્નાન કરો. મહાપ્રભુજી દુ:ખથી બોલ્યા છે કે, અતિશય વિલાસી અને પાપી લોકો તીર્થમાં રહેવા લાગ્યા,તેથી તીર્થનો મહિમા લુપ્ત થયો.યાત્રા કરવા નીકળ્યો ત્યારે વિદુરજી સાથે શું લઈ ગયેલા? કાંઈ નહીં. ફક્ત કૌરવોનું પુણ્ય લઈને નીકળ્યા છે. કૌરવોનું જેટલું પુણ્ય હતું તે લઈને ગયા છે કારણ કૌરવોએ તેનું અપમાન નિંદા કરેલાં તમારી કોઈ નિંદા કરે અનેતે સહન કરશો તો તમારું પાપ તેના માથે જશે અને તેનું પુણ્ય તમને મળશે. જે દિવસે જે તીર્થમાં જાવ ત્યાં ઉપવાસ કરજો ઉપવાસ કરવાથી શરીરની શુદ્ધિ થાય છે,પાપ બળે છે, શરીરમાં સાત્ત્વિક ભાવ જાગે છે. વિદુરજી દરેક તીર્થમાં ઉપવાસ કરે છે અને વિધિપૂર્વક સ્નાન કરે છે.યાત્રા કેવી રીતે કરવી તે વિદુર જીએ બતાવ્યું છે.યાત્રાએ નીકળેલા વિદુરજી અવધૂત વેષમાં પૃથ્વી ઉપર ફરતા હતા કે જેથી સગાં સંબંધીઓ તેમને ઓળખે નહીં. તેઓ શરીરને શણગારતા ન હતા. પવિત્ર અને થોડું ભોજન કરતા,પ્રત્યેક તીર્થમાં સ્નાન કરતા, ભૂમિ ઉપર શયન કરતા,અને ભગવાનને પ્રસન્ન કરનારાં વ્રતો તેઓ કરતા સંતો તીર્થો ને પાવન કરે છે.ભારદ્વાજ મુનિ ગંગા સ્નાન કરવા આવે ત્યારે ગંગાજી પચીસ પગથિયાં ઉપર આવે છે. ગંગાજી જાણે છે કે બીજાઓ મારામાં પાપ નાખવા આવે છે, ત્યારે આ મુનિ પાવન કરવા આવે છે.તીર્થયાત્રાએ જવું છે?તો જાઓ! દ્વારિકાધીશનાં દર્શન કરજો.બેટ દ્વારિકાની ભગવાનની મૂર્તિ મનોહર છે. સ્વરૂપ અદ્ભુત છે.જોતાં મન ધરાતું નથી. કાશીનું માહાત્મ્ય પણ ઘણું છે. કાશીના પ્રમુખ દેવ છે ભૈરવનાથ. વિશ્વેશં માધવં દુંઢિ દંડપાણિ ચ ભૈરવમ્ આ શ્લોક રોજ બોલે તો કાશીમાં રહ્યાનું ફળ મળે છે. કાશીમાં નવ માસ રહે તો પુનર્જન્મ થતો નથી. કાશીના મણિકર્ણિકા ઘાટ ઉપર આ શ્લોક લખ્યો છે. અહીં મરણ મંગલ છે. અહીં જીવન સફળ છે. સ્મશાનએ જ્ઞાન ભૂમિ છે. દિવસમાં બેચાર વખત સ્મશાનને યાદ કરશો તો બુદ્ધિમાં ફેર પડશે. કલ્પના કરો, હું કાશીમાં છું. અહીં મનથી જ ગંગાજીમાં ડૂબકી મારો. કળિયુગમાં મનથી સત્કર્મ કરે તો પણ પુણ્ય મળે છે.

વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી કેટલાક દેશમાં કોરોના નો કહેર વધી રહયો હોવાની વિગતો બહાર આવી રહી છે ત્યારે આપણે સલામત રહીએ તેવી પ્રાર્થના સહ અસ્તુ.



# જાતીય સતામણી મામલે બોલિવૂડ અભિનેતા વિજય રાજને ક્લીનચીટ

## વિજય રાજની ૪ નવેમ્બર ૨૦૨૦ ના રોજ મધ્યપ્રદેશના બાલાઘાટથી ધરપકડ કરવામાં આવી હતી, ક્રૂ મેમ્બરે લગાવ્યા હતા આરોપ


બોલિવૂડ અભિનેતા વિજય રાજનું નામ બધા જાણે છે. તે 'ભૂલ ભુલૈયા ૩', 'ગલી બોય', 'સ્ત્રી' અને 'ગંગુબાઈ કાઠિયાવાડી' જેવી ઘણી સુપરહિટ ફિલ્મોમાં જોવા મળ્યો છે. સામાન્ય રીતે તે ઘણી ફિલ્મોમાં કોમિક ભૂમિકાઓ કરે છે. જોકે હવે તેને જાતીય સતામણીના કેસમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૦માં અભિનેતા વિજય રાજ વિદ્યા બાલન સ્ટારર ફિલ્મ 'શેરની' નો ભાગ હતો. આ સમય દરમિયાન સેટની એક મહિલા ક્રૂ મેમ્બર દ્વારા તેના પર જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જોકે, હવે લગભગ ૪ વર્ષ પછી મુંબઈની ગોંડિયા મેજિસ્ટ્રેટ કોર્ટે ટ્રાયલ પછી તેને આ કેસમાંથી મુક્ત કરી દીધા છે, અને તેની સામેના તમામ આરોપોને પણ ફગાવી દીધા છે.લોકપ્રિય સેલિબ્રિટી વકીલ સવિના બેદી સચ્ચરે વિજયનો કેસ લડ્યો હતો. તેમણે જણાવ્યું કે, 'અભિનેતા વિજય નાગપુર શહેર નજીક તેમની ફિલ્મ 'શેરની' નું શૂટિંગ કરી રહ્યા હતા. આ સમય દરમિયાન, જ્યારે તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યો, ત્યારે તેને શૂટિંગ જ અધવચ્ચે છોડી દેવું પડ્યું હતું. તેમણે ઘણી ફિલ્મો અને પ્રોજેક્ટ્સ પણ ગુમાવ્યા. પરંતુ હવે તે નિર્દોષ સાબિત થયા છે.'અભિનેતા વિજય રાજની ૪ નવેમ્બર ૨૦૨૦ ના રોજ મધ્યપ્રદેશના બાલાઘાટથી ધરપકડ કરવામાં આવી હતી. ફિલ્મ 'શેરની'ની એક મહિલા ક્રૂ મેમ્બરે તેમના પર હોટલમાં છેડતી કરવાનો આરોપ લગાવ્યો હતો. પરંતુ અભિનેતાને તે જ દિવસે જામીન પર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો. પોલીસ FIRમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે વિજય રાજે ફિલ્મ સેટ પર એક મહિલા ક્રૂ મેમ્બરના દેખાવ પર ટિપ્પણી કરી હતી અને તેની પરવાનગી વિના તેના ચહેરા પર માસ્ક લગાવવાનો પ્રયાસ કર્યો હતો. જે બાદ મહિલા ક્રૂ મેમ્બરે અભિનેતા વિશે ફરિયાદ કરવા માટે તેના વરિષ્ઠ અધિકારીઓનો પણ સંપર્ક કર્યો. જોકે, વિજય રાજ સામે જાતીય સતામણીનો કેસ દાખલ કરનારી મહિલાનું કેસ પૂર્ણ થાય તે પહેલાં જ મૃત્યુ થયું.

# વાસણ હોય કે સફાઈ કામ બધું કરી આપે કૌશલ

બોલિવૂડ સ્ટાર વિક્કી કૌશલ આજે પોતાનો ૩૭મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. આ પ્રસંગે, અભિનેતાને તેમના ફેન્સ અને પરિવાર દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. વિક્કીના ફેન્સને વિક્કી કૌશલને એક બેસ્ટ પતિ છે, એવામાં એક્ટરે પણ પોતે બેસ્ટ પતિ હોવા પાછળનું કારણ જણાવ્યું હતું. વિક્કીએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, 'હું હંમેશાથી જ એક ભરોસાલાયક વ્યક્તિ રહ્યો છુ. તેમજ ઘરના બધાજ કામ કરી શકુ છુ. હું વાસણ ધોઈ શકુ છુ, પંખા સાફ કર શકુ છુ અને સફાઈ પણ કરી શકુ છુ. પરંતુ મને બેડશિટ બદલતા નથી આવડતું. આ સિવાય હું સારી ચા પણ બનાવી લઉં છુ.' આ ઉપરાંત વિક્કીએ ઈન્ટરવ્યૂમાં કેટરિના વિષે પણ વાત કરી. તેના વિષે વાત કરતા એક્ટરે કહ્યું કે,'હું જયારે પણ મારા મમ્મીને કોલ કરું છું ત્યારે મારા મમ્મી વહુ કેમ છે એવું નહિ પણ કેટરિના કેમ છે? એવું પૂછે છે. કારણ કે પંજાબી પરિવારમાં વહુ જેવો કોઈ કોન્સેપ્ટ જ નથી. તે હંમેશા દીકરી જ હોય છે.'જયારે વિક્કી કૌશલને આદર્શ પતિ કે આદર્શ દીકરો કોને કહી શકાય તે અંગે તેના વિચાર પૂછવામાં આવ્યું ત્યારે એક્ટરે કહ્યું કે, 'આદર્શ પતિ કે દીકરો હોવાના કોઈ માપદંડ નથી. જેમ કોઈ વ્યક્તિ સંપૂર્ણપણે આદર્શ નથી હોતો. તેવી જ રીતે કોઈ વ્યક્તિ આદર્શ પતિ કે આદર્શ દીકરો પણ નથી હોતો. આપણે રોજ કંઈક નવું શીખીએ છીએ. તેમજ સંબંધોને મજબૂત બનાવીએ છીએ અને સમય સાથે તેને બેસ્ટ પણ બનાવીએ છીએ.' એક ઈન્ટરવ્યૂમાં કેટરિનાએ



પણ વિક્કી વિષે વાત કરતા કહ્યું હતું કે,' વિક્કી મને સ્પેસ આપે છે. આમ તો મને મારા સિવાય કોઈ ખુશ કરી શકતું નથી પણ વિક્કી ક્યારેક કોઈ એવું કામ કરી દે છે જેના કારણે મારા ચહેરા પર સ્માઈલ આવી જાય છે.' કેટરિના કૈફે 'વિકી ડે' ઉજવ્યો એક અનફિલ્ટર કરેલી તસવીર સાથે જે પ્રેમની ચીસો પાડે છે. 'વિકી ડે' ઉજવતી વખતે કેટરિના કૈફ વિકી કૌશલ પર પોતાનો ચહેરો ઢોળે છે. ચાહકો કહે છે, 'હું રડી રહી નથી'. વિકી કૌશલના જન્મદિવસ પર, કેટરિના કૈફે ઈન્સ્ટાગ્રામ પર તેના પતિ માટે એક ગરમ અને વ્યક્તિગત શુભેચ્છા શેર કરી. બંનેનો એક સુંદર સેલ્ફી પોસ્ટ કરતાં, કેટરિનાએ કેપ્શનમાં લખ્યું, "હેપ્પી વિકી ડે", જે પ્રેમ અને રમતિયાળતા દર્શાવે છે. તેમના સાદા રોમાંસ અને ઊંડા બંધન માટે જાણીતા આ દંપતી, નિખાલસ ક્ષણમાં ખૂબ ખુશ દેખાતા હતા, અને આ પોસ્ટને ચાહકો અને ઉદ્યોગના સાથીદારો તરફથી ઝડપથી પ્રેમ મળ્યો. જન્મદિવસની ખુશીમાં વધારો કરતા, વિક્કીના નાના ભાઈ સની કૌશલે પણ એક હૃદયસ્પર્શી ઈન્સ્ટાગ્રામ પોસ્ટ શેર કરી. તેણે બંને ભાઈઓનો એક સુંદર ફોટો અપલોડ કર્યો અને કેપ્શનમાં વિકીને પ્રેમથી "મારી જાન" કહ્યું. ભાઈ-બહેનની હૂંફથી ભરેલી આ તસવીર કૌશલ ભાઈઓ વચ્ચેની મિત્રતા અને ભાવનાત્મક નિકટતાને પ્રતિબિંબિત કરે છે. ઉજવણી અહીં જ અટકી ન હતી. વિક્કીના પિતા, પ્રખ્યાત એક્શન ડિરેક્ટર શામ કૌશલે, દરિયા કિનારે ચાલતા તેમનો એક નોસ્ટાલ્જિક ફોટોગ્રાફ શેર કર્યો - સમય જતાં ચોરાઈ ગયો અને શાંત મૂડમાં. તેમનું કેપ્શન ખાસ કરીને હૃદયસ્પર્શી હતું, જેમાં વિક્કી જે માણસ બન્યો છે તેના પર ઊંડો ગર્વ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને તેના સતત વિકાસ અને ખુશી માટે આશીર્વાદ આપવામાં આવ્યા હતા. તે કૌશલ પરિવારના પાયાના, ગાઢ બંધનની યાદ અપાવે છે. બોલીવુડના બે સૌથી પ્રશંસનીય કલાકારો, વિકી કૌશલ અને કેટરિના કૈફ , ડિસેમ્બર ૨૦૨૧ માં રાજસ્થાનમાં એક સ્વપ્નશીલ, ખાનગી સમારંભમાં લગ્નગ્રંથિથી જોડાયા.



**હું હંમેશાથી જ એક ભરોસાલાયક વ્યક્તિ રહ્યો છુ તેમજ ઘરના બધાજ કામ કરી શકુ છુ. : વિક્કી કૌશલ**

# કાન્સમાં જવાની તક મળી, પણ વિદેશ જવાના વિઝા ન મળ્યાં : ઉર્ફી

**રિજેક્શન પછી ભાંગી પડવું અને રડવું એકદમ સામાન્ય છે, અને હું પોતે પણ રડું છુ**



ઉર્ફી જાવેદે ઈન્સ્ટાગ્રામ પર એક ઈમોશલ પોસ્ટ શેર કરી છે. આ પોસ્ટ દ્વારા તેણે જણાવ્યું કે તાજેતરના સમયમાં તે ક્યાં હતી અને કયા મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતી. તેણે કહ્યું કે તે લાંબા સમયથી સોશિયલ મીડિયા પર સક્રિય નહોતી કારણ કે તેની સાથે કેટલીક બાબતો બરાબર ચાલી રહી ન હતી. તેને વારંવાર રિજેક્શનનો સામનો કરવો પડી રહ્યો હતો.ઉર્ફી જાવેદે લખ્યું, "હું છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયાથી દૂર હતી. ઉર્ફીએ લખ્યું, રિજેક્શન પછી ભાંગી પડવું અને રડવું એકદમ સામાન્ય છે, અને હું પોતે પણ રડું છું, કંઈપણ અપલોડ કરી રહી ન હતી. હું ક્યાંય જોવામાં મળી રહી નથી, કારણ કે હું મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતીં. મેં ઘણી બધી અલગ અલગ વસ્તુઓ અજમાવી, પણ દર વખતે મને રિજેક્શનનો સામનો કરવો પડ્યો. મને ઈન્ડે વાઈલ્ડ દ્વારા કાન્સ જવાની તક પણ મળી, પરંતુ કમનસીબે... મારો વિઝા રિજેક્ટ થઈ ગયો. હું કેટલાક મનોરંજક આઉટફિટ આઈડિયા પર કામ કરી રહી હતી, પરંતુ વિઝા રિજેક્ટ થયા પછી હું અને મારી ટીમ ખૂબ નિરાશ થયા."ઉર્ફીએ આગળ લખ્યું, "કદાચ મારી જેમ તમે પણ આ સમયે રિજેક્ટનો સામનો કરી રહ્યા હશો. જો તમારી સાથે પણ આવું કંઈક બન્યું હોય, તો મને કહો. #rejected સાથે તમારી વાર્તા શેર કરો અને મને ટેગ કરો. હું તમારી વાર્તા મારી ઈન્સ્ટા સ્ટોરી પર શેર કરીશ જેથી લોકો પ્રેરિત થાય."ઉર્ફીએ આગળ લખ્યું, "રિજેક્શન પછી ભાંગી પડવું અને રડવું એકદમ સામાન્ય છે, અને હું પોતે પણ રડું છું. પણ પછી શું થાય છે? જો તમે ધ્યાનથી જુઓ તો, દરેક રિજેક્શન પાછળ એક તક છુપાયેલી હોય છે - આપણે ફક્ત તે જોવાની જરૂર છે. મેં મારા જીવનમાં ઘણા રિજેક્શનનો સામનો કર્યો છે, પરંતુ તેમ છતાં હું અટકી નહીં - તમારે પણ રોકાવું જોઈએ નહીં."

## કાન રેડ કાર્પેટ કોઈ ઉપલબ્ધિ નથી, લોકો ટિકિટ ખરીદીને જાય



કાન ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૫ શરૂ થઈ ગયો છે. આ ફિલ્મ ફેસ્ટિવલમાં નિતાંશી ગોયલ, જેકલીન ફર્નાન્ડિઝ જેવી તમામ અભિનેત્રીઓએ ભાગ લીધો. ફેશન સેન્સ માટે ચર્ચામાં રહેતી ઉર્ફી જાવેદ પણ આ ફેસ્ટિવલમાં ભાગ લેવાની હતી. પરંતુ એવં ન થયું. ઉર્ફીનો વિઝા રિઝેક્ટ કરવામાં આવ્યો. જેના કારણે તે ફેસ્ટિવલનો ભાગ બની શકશે નહીં. વિઝા રિજેક્શન બાદ હવે ઉર્ફીએ કાન ફિલ્મ ફેસ્ટિવલને લઈને એક પોસ્ટ કરી છે. તેણે કહ્યું કે, કાનેસ ફિલ્મ ફેસ્ટિવલમાં જવું કોઈ સિદ્ધિ નથી. ઉર્ફી જાવેદે ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી પોસ્ટ કરી અને લખ્યું કે, કાનમાં જવું એ એક તક છે જે તે તમારી યોગ્યતા પર આધારિત નથી. બ્રાન્ડ્સ રેડ કાર્પેટ માટે ટિકિટ ખરીદે છે અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ અને સેલિબ્રિટીઝને તેમના બ્રાન્ડનો પ્રચાર થઈ શકે. વ્યક્તિગત રીતે પણ ટિકિટ ખરીદી શકાય છે.ઉર્ફીએ આગળ લખ્યું, 'કાન રેડ કાર્પેટ કોઈ સિદ્ધિ નથી, મારા માટે પણ નહીં. આ એક તક હતી, જે પોતાની જાતને પ્રમોટ કરવાની તક છે. આ સત્ય છે.' ઉર્ફીએ આગળ લખ્યું કે, આ તમારા માટે ત્યારે સિદ્ધિ છે, જો તમારી ફિલ્મ ફેસ્ટિવલમાં બતાવવામાં આવે.

## દિલજીત દોસાંઝે મેટ ગાલાનો એક પડદા પાછળનો વીડિયો શેર કર્યો

# મેટ ગાલામાં છેલ્લી ઘડીએ શકીરાને કોસ્ચ્યુમે દગો દીધો હતોઃ દિલજીત દોસાંઝ



## દિલજીત કહે છે કે તેને શકીરા સાથે ફોટોશૂટ કરાવવાનું હતું પણ કોસ્ચ્યુમનો ઝિપર તૂટી ગયો હોવાથી તે મોડી પડી

દિલજીત દોસાંઝે મેટ ગાલાનો એક પડદા પાછળનો વીડિયો શેર કર્યો છે જે સ્કૂલ ફેન્સી ડ્રેસ સ્પર્ધાની યાદ અપાવી શકે છે. તેણે કહ્યું કે શકીરાના કોસ્ચ્યુમમાં છેલ્લી ઘડીએ સમસ્યા આવી હતી જેના કારણે તેઓ મોડા પડ્યા.આ વખતે દિલજીત દોસાંઝ મેટગાલા પહોંચ્યા હતા. હવે તેણે ત્યાંથી કેટલાક રસપ્રદ ફૂટેજ બતાવ્યા છે. દિલજીતે પોતાની યુટ્યુબ ચેનલ પર ૧૩ મિનિટનો વીડિયો શેર કર્યો છે. આમાં તે તૈયાર થતો જોવા મળે છે. મારી ટીમ સાથે મળીને લુકનું આયોજન કરી રહ્યો છું. દિલજીતે શકીરાના કપડાની કટોકટીનો પણ ઉલ્લેખ કર્યો. કહ્યું કે તેના કારણે વિલંબ થયો.દિલજીતે લગભગ ૧૩ મિનિટનો પડદા પાછળનો વીડિયો શેર કર્યો છે. શરૂઆતમાં, તે એક ઈન્ટરવ્યુ લેનારા રિપોર્ટરને કહે છે કે તેની નજરમાં મહારાજ કોણ છે. તે કહે છે, 'મારી નજરમાં, જે વ્યક્તિ પાઘડી પહેરે છે તે મહારાજા છે.' જ્યારે દિલજીતને પૂછવામાં આવ્યું કે તે શેના માટે ઉત્સાહિત છે, ત્યારે તેણે કહ્યું, "મને ગેરસમજ ન કરો પણ હું એ હકીકતથી ઉત્સાહિત છું કે બધા મને જોવા જઈ રહ્યા છે.આ પછી દિલજીતનો પોશાક બતાવવામાં આવે છે. તે ટીમ સાથે મળીને કેવી રીતે પોશાક પહેરવો તેની યોજના બનાવે છે. દિલજીત કહે છે, 'આપણું શ્રેષ્ઠ હશે.' દિલજીત કહે છે કે જ્યારે તે સ્ટેજ પર હોય છે ત્યારે પણ તે પંજાબી ગેટઅપમાં હોય છે. મેટ ગાલામાં પંજાબને રેડ કાર્પેટ પર લાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.દિલજીત તૈયાર થાય છે અને કહે છે, 'શકીરાની કટોકટીને કારણે, અમારા કામમાં વિલંબ થયો.' દિલજીત સમજાવે છે કે શકીરાને કપડાની કટોકટી હતી - તેના ડ્રેસ પરનો ઝિપર તૂટી ગયો. દિલજીત કહે છે કે તેને શકીરા સાથે ફોટોશૂટ કરાવવાનું હતું પણ કોસ્ચ્યુમનો ઝિપર તૂટી ગયો હોવાથી તે મોડી પડી. તે કહે છે કે તેને ખબર હતી કે મોડું થશે.

# લાલચ, અહંકાર, ઈચ્છાઓ અને ભૂતકાળને ભૂલવાનો સ્ટાર સિંગર યોયો હની સિંહનો પ્રયાસ




## 'હાઉસફુલ ૫' નું નવું ગીત 'લાલ પરી' ફરી વિવાદમાં ફસાયું છે, આ ગીત પર કોપીરાઇટનો આરોપ મૂકવામાં આવ્યો છે

યો યો હની સિંહનું ભૂતકાળ ખૂબ જ મુશ્કેલીઓથી ભરેલું રહ્યું છે. હવે તે મહાદેવની કૃપાથી તેના ભૂતકાળને ભૂલીને જીવન નવેથી શરૂ કરવા જઈ રહ્યો છે. હની સિંહ થોડા સમયથી તેના કામને લઈને ફરી ચર્ચામાં આવ્યો છે-તેના આલ્બમ અને ત્યાર બાદ તેની મ્યુઝિક ટૂરના કારણે. જોકે એ પહેલાં તે સતત તેના જીવનની વિવાદાસ્પદ ઘટનાઓના કારણે ચર્ચામાં રહ્યો હતો.તેનું 'હાઉસફુલ ૫'નું નવું ગીત 'લાલ પરી' ફરી વિવાદમાં ફસાયું છે. આ ગીત પર કોપીરાઈટનો આરોપ મૂકવામાં આવ્યો છે, જેના કારણે ફિલ્મનું ટીઝર YouTube દ્વારા બેન કરી દેવામાં આવ્યું. આ માટે સાજિદ નડિયાદવાલાએ કોપીરાઈટનો આરોપ લગાવનાર સામે બદનક્ષીનો કેસ દાખલ કર્યો છે.હની સિંહના ગીતોના શબ્દોને લઈને અનેકવાર વિવાદ થયો છે. ૨૦૧૩માં તેની વિરુદ્ધ કેસ નોંધાયો, અને તેના ગીતો હિંસા અને મિસોજીની ફેલાવે છે, એવો આરોપ મૂકવામાં આવ્યો હતો.

## આ વખતે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ધમાકેદાર રીતે શરૂ થયો છે

# 'લાપતા લેડીઝ' ફેમ નિતાંશી ગોયલ કાન્સ ફેસ્ટિવલમાં છવાઈ



આ વખતે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ધમાકેદાર રીતે શરૂ થયો છે અને ભારતીય સ્ટાર્સે પણ ભાગ લેવાનું શરૂ કરી દીધું છે. આ વખતે, ઐશ્વર્યા રાય બચ્ચન ઉપરાંત, જાહ્નવી કપૂર અને ઈશાન ખટ્ટર પણ કાન્સના રેડ કાર્પેટ પર પોતાનો જાદુ ફેલાવતા જોવા મળશે. તાજેતરમાં, ઉર્વશી રૌતેલાએ કાન્સ ૨૦૨૫ ના રેડ કાર્પેટ પર પોતાનો જાદુ ફેલાવ્યો હતો, અને હવે જેકલીન ફર્નાન્ડીઝ અને 'લાપતા લેડીઝ' ફૂલ કુમારી એટલે કે નિતાંશી ગોયલ વિશે ચર્ચા થઈ રહી છે.કાન્સ ૨૦૨૫ ના ત્રીજા દિવસે જેકલીન ફર્નાન્ડીઝ રેડ કાર્પેટ પર જોવા મળી હતી. જેકલીનની સુંદરતા અને તેના કપડાંએ તેની સુંદરતામાં વધારો કર્યો. તેણીએ ચાંદી અને સફેદ રંગના કપડાં પહેર્યા હતા, અને તે ખૂબ જ સુંદર દેખાતી હતી. તેણીએ ભારતીય સિનેમાનું પ્રતિનિધિત્વ કરવા માટે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરી આપી હતી.અહીં જેકલીન ફર્નાન્ડીઝને 'વુમન ઈન સિનેમા' પહેલ હેઠળ રેડ સી ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા સન્માનિત પણ કરવામાં આવ્યા હતા. તેમના ઉપરાંત, આ સન્માન સારા તૈયબા, ઈલ્હામ અલી, અમીના ખલીલ, એંગફા વારાહા, ગયા જીજી અને રુંગાનો ન્યોનીને પણ આપવામાં આવ્યું હતું. પરંતુ 'ફૂલ કુમારી' નીતાંશી ગોયલે શો ચોરી લીધો. તેણીએ કાન્સ ૨૦૨૫ માં પોતાનું ડેબ્યૂ કર્યું હતું, જેના વિશે ચર્ચા થઈ રહી છે. ખરેખર, નિતાંશી ગોયલે 'ટ્રેજેડી ક્વીન' તરીકે ઓળખાતી મધુબાલા અને મીના કુમારીને શ્રદ્ધાંજલિ આપી. તેણીએ રેડ કાર્પેટ માટે બે લુક અપનાવ્યા. તેણીએ કાળા રંગનો સ્ટ્રેપલેસ ગાઉન પહેર્યો હતો જેમાં તે ખૂબ જ ગ્લેમરસ લાગી રહી હતી. ત્યાં, પછીથી લહેંગા પહેર્યો. મધુબાલા અને મીના કુમારી ઉપરાંત, નિતાંશી ગોયલે પણ રેખા અને નરગીસ દત્તને શ્રદ્ધાંજલિ આપી. ખરેખર, તેણીએ આ બધી અભિનેત્રીઓના ળેમ કરેલા ચિત્રો મેળવ્યા હતા અને તે તેના વાળમાં લગાવ્યા હતા, જેણે બધાનું ધ્યાન ખેંચ્યુંનિતાંશી ગોયલના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, અને ચાહકો તેના વખાણ કરતા થાકતા નથી.



**આ વખતે, ઐશ્વર્યા રાય બચ્ચન ઉપરાંત, જાહ્નવી કપૂર અને ઈશાન ખટ્ટર પણ કાન્સના રેડ કાર્પેટ પર પોતાનો જાદુ ફેલાવતા જોવા મળશે**

# દરેક ઉંમરે યુવાન દેખાવા માટેના આ છે ઘરગથ્થુ ઉપાય, હંમેશા રહેશો યુવાન

**ચોખાના લોટની પેસ્ટ કરચલીઓ ઘટાડે છે અને ત્વચાને ટાઇટ બનાવે છે, તેને ગુલાબજળ, દૂધ અથવા દહીં અને મધ સાથે મિક્સ કરીને અઠવાડિયામાં ૨થી ૩વાર લગાવવાથી ત્વચા ચમકદાર રહે છે**



ચોખાના લોટની પેસ્ટ કરચલીઓ ઘટાડે છે અને ત્વચાને ટાઈટ બનાવે છે. તેને ગુલાબજળ, દૂધ અથવા દહીં અને મધ સાથે મિક્સ કરીને અઠવાડિયામાં ૨થી ૩વાર લગાવવાથી ત્વચા ચમકદાર રહે છે. ઉંમર વધતા આપણા શરીરમાં ઘણા મોટા ફેરફારો થાય છે. વાળ સફેદ થવાથી લઈને ત્વચા ઢીલી પડવા લાગે છે અને ચહેરા પર કરચલીઓ આવી જાય છે. ચહેરા સાથે-સાથે આખા શરીરની ત્વચા ઢીલી થવી એ વ્યક્તિની ઉંમર વધતી હોવાનો સંકેત છે. પરંતુ, તમે કેટલાક ઘરગથ્થુ ઉપાયો અપનાવીને ઝુર્રીઓ વધવાથી રોકી શકો છો. આ રીત તમારી ઉંમર વધવાની ગતિને ધીમી કરી દેશે. તમે ૪૦ વર્ષની ઉંમરે પણ ૨૫થી ૩૦ વર્ષની મહિલાની જેમ દેખાવા લાગશો. આ માટે તમારે બજારમાં જવાની જરૂર નથી અને કોઈ મોંઘા કેમિકલ પ્રોડક્ટનો ઉપયોગ કરવાની જરૂર નથી. બસ ઘરમાં બેઠા જ એક રીત અપનાવીને તમે તમારી ત્વચાને હંમેશા યુવાન અને ટાઈટ રાખી શકો છો. બજારમાં મળતા બ્યુટી પ્રોડક્ટ્સમાં કેમિકલ્સનો ઉપયોગ થાય છે. પરંતુ, બજારમાં મળતા બ્યુટી પ્રોડક્ટ્સમાં કેમિકલ્સનો ઉપયોગ થાય છે. પરંતુ, તેની જગ્યાએ જો ચોખાના લોટનો ઉપયોગ કરવામાં આવે, તો તે આપણા શરીરની કરચલીઓ ઘટાડે છે અને ત્વચાને ટાઈટ બનાવે છે. ચોખાના લોટના ઉપયોગથી ત્વચાની રંગત પણ જળવાઈ રહે છે અને તમારી ત્વચા હંમેશા તાજી દેખાશે. તેના સતત ઉપયોગથી તમે હંમેશા યુવાન રહી શકો છો. તેની જગ્યાએ જો ચોખાના લોટનો ઉપયોગ કરવામાં આવે, તો તે આપણા શરીરની કરચલીઓ ઘટાડે છે અને ત્વચાને ટાઈટ બનાવે છે. ચોખાના લોટના ઉપયોગથી ત્વચાની રંગત પણ જળવાઈ રહે છે અને તમારી ત્વચા હંમેશા તાજી દેખાશે. તેના સતત ઉપયોગથી તમે હંમેશા યુવાન રહી શકો છો. આ માટે ૨ ચમચી ચોખાનો લોટ, એક ચમચી ગુલાબજળ અને ૧ ચમચી દૂધ અથવા દહીં લઈને તેમાં અડધો ચમચી મધ મિક્સ કરો. પછી આ પેસ્ટને ચહેરા અને ગળા પર લગાવીને હળવા હાથથી મસાજ કરો અને તેને છોડી દો. આ પેસ્ટ લગાવ્યા પછી લગભગ ૧૫થી ૨૦ મિનિટ સુધી એમ જ છોડી દો. જ્યારે તે સુકાઈ જાય ત્યારે તેને ગરમ પાણીથી ધોઈ લો. તેનો ઉપયોગ તમારા ચહેરાને ખૂબ જ ચમકદાર બનાવી દેશે. તેમણે જણાવ્યું કે, અઠવાડિયામાં ૨થી ૩ વાર તેનો ઉપયોગ કરી શકાય છે. રાત્રે સૂતા પહેલા તેનો ઉપયોગ કરવો સૌથી યોગ્ય રહે છે. તો જો તમે પણ તમારા ચહેરાની કરચલીઓથી પરેશાન છો અથવા વધતી ઉંમરને રોકવા માંગો છો, તો બજારમાં મળતા પ્રોડક્ટ્સની જગ્યાએ ચોખાના લોટનો ઉપયોગ કરીને પોતાને યુવાન બનાવી શકો છો.

# ચહેરાને આ રીતે આપો આકર્ષક લુક, અપનાવો આ ઘરગથ્થુ ઉપાયો

**ચોખાના પાણીથી ત્વચાના ફાટેલા વિસ્તારોને સુધારવામાં અને મૃદુ બનાવવામાં મદદ મળે છે, તે ત્વચાના જૂના અને મરી ગયેલા કોષોને દૂર કરે છે અને ત્વચાને નવું અને તાજું દેખાડે છે**

ચહેરા અને શરીરની સુંદરતા વધારવા માટે પૈસા ખર્ચવા જરૂરી નથી. ઘરગથ્થુ ઉપાયોથી પણ તમે તમારી સુંદરતા જાળવી શકો છો. ચહેરાની સુંદરતા વધારવા માટે ચોખાનો ઉપયોગ જૂના સમયથી થતો આવ્યો છે. ચોખા ઉકાળ્યા પછી જે પાણી બચે છે, તેનાથી ત્વચાને સારું પોષણ મળે છે અને ત્વચા નીખારદાર બને છે. જૂના સમયમાં ચહેરા અને શરીરની સુંદરતા વધારવા માટે ઘરગથ્થુ ઉપાયોનો ઉપયોગ થતો હતો. ત્યારે કોઈપણ પ્રકારના બ્યુટી પ્રોડક્ટ્સ ન હતા, સંપૂર્ણ રીતે કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ કરીને શરીરને નીખાર આપવામાં આવતો હતો. હાલના સમયમાં ત્વચાની સંભાળ માટે અનેક પ્રકારના ટ્રીટમેન્ટ લેવાય છે, જેનાથી ત્વચા પર ઘણી આડઅસર પણ થાય છે અને ખર્ચ પણ ઘણો થાય છે. પરંતુ, આજે અમે તમને એક એવા ઘરગથ્થુ ઉપાય વિશે જણાવશું જેમાં પૈસા ખર્ચ્યા વિના તમે તમારી ત્વચાને સુંદર બનાવી શકો છો. ચહેરા અને શરીરની સુંદરતા વધારવા માટે ચોખાનો ઉપયોગ જૂના સમયથી થતો આવ્યો છે. હાલના સમયમાં પણ આ ચહેરા પર નીખાર લાવવાનો ઉત્તમ ઉપાય છે. જ્યારે ચોખા ઉકાળ્યા પછી જે પાણી બચે છે, તેનાથીત્વચાને સારું પોષણ મળે છે અને ત્વચા નીખારદાર બને છે. ચહેરા પર લગાવવા માટે સૌથી પહેલા ૨થી ૩ ચમચી ચોખાને એક ગ્લાસ પાણીમાં રાતભર અથવા ૪થી ૫ કલાક માટે ભીંજવી રાખો. આ પછી ચોખા અને પાણી અલગ કરો. આ જ પાણીનો



ઉપયોગ કરવો છે. આ ઉપરાંત ચોખા ઉકાળ્યા પછી બચેલા પાણીનો પણ ઉપયોગ કરી શકાય છે. ચોખાના પાણીમાં વિટામિન B1, C અને Eની હાજરી સાથે પૂરતી માત્રામાં ખનિજ અને એન્ટી ઓક્સિડન્ટ પણ હોય છે, જે માત્ર ત્વચાના છિદ્રોને ઓછા કરતા નથી પરંતુ તેને યુવાન રાખવામાં પણ મદદરૂપ છે. આ ઉપરાંત તેમાં રહેલા વિટામિન B કોમ્પ્લેક્સ ત્વચાનો રંગત સુધારવામાં સહાયક છે. ચોખાનું પાણી ત્વચાને હાઈડ્રેટેડ રાખે છે અને તેની ચીકાશ જાળવી રાખવાના ગુણ ત્વચાની ફાટેલી જગ્યાઓને ઠીક કરે છે અને ત્વચાને મૃદુ બનાવે છે. ચોખાના પાણીમાં સોજા વિરોધી ગુણ પણ હોય છે જે ત્વચાની લાલાશ અને બળતરા ઘટાડવામાં મદદ કરે છે. આ ઉપરાંત આ ત્વચાથી મૃત કોષોને દૂર કરવામાં પણ સહાયક છે, જેના કારણે ત્વચા સ્વચ્છ અને તાજી દેખાય છે. ચોખાનું પાણી ત્વચાને હાઈડ્રેટેડ રાખે છે અને તેની ચીકાશ જાળવી રાખવાના ગુણ ત્વચાની ફાટેલી જગ્યાઓને ઠીક કરે છે અને ત્વચાને મૃદુ બનાવે છે. ચોખાના પાણીમાં સોજા વિરોધી ગુણ પણ હોય છે જે ત્વચાની લાલાશ અને બળતરા ઘટાડવામાં મદદ કરે છે. આ ઉપરાંત આ ત્વચાથી મૃત કોષોને દૂર કરવામાં પણ સહાયક છે, જેના કારણે ત્વચા સ્વચ્છ અને તાજી દેખાય છે. ચોખાનું પાણી ત્વચાને હાઈડ્રેટેડ રાખે છે અને તેની ચીકાશ જાળવી રાખવાના ગુણ ત્વચાની ફાટેલી જગ્યાઓને ઠીક કરે છે અને ત્વચાને મૃદુ બનાવે છે. ચોખાના પાણીમાં સોજા વિરોધી ગુણ પણ હોય છે જે ત્વચાની લાલાશ અને બળતરા ઘટાડવામાં મદદ કરે છે. આ ઉપરાંત આ ત્વચાથી મૃત કોષોને દૂર કરવામાં પણ સહાયક છે, જેના કારણે ત્વચા સ્વચ્છ અને તાજી દેખાય છે. ચોખાનું પાણી અને એન્ટીઓક્સિડન્ટ્સ: ચોખાના પાણીમાં વિટામિન B અને C તેમજ એન્ટી ઓક્સિડન્ટ્સ હોય છે જે ત્વચાને પુરતી પોષણ આપતા અને તેને સ્વચ્છ અને તેજસ્વી બનાવે છે. આ એન્ટીઓક્સિડન્ટ્સ ત્વચાને વાયરો અને અન્ય હાનિકારક પદાર્થોથી બચાવે છે. દૂષણથી રક્ષણ: ચોખાના પાણીમાં રહેલા ખાસ ઘટકો ત્વચાને પોષણ અને હાઈડ્રેશન પૂરું પાડે છે. જેના કારણે તે તાજી અને દૃઢ દેખાય છે. બેકટેરીયાવિરૂદ્ધ અને દૂષણ સામે રક્ષણ આપવાનું પણ એનું મહત્વપૂર્ણ લક્ષણ છે. સોજાવરૂધ અને લાલાશ ઘટાડે: જો તમારી ત્વચા પર લાલાશ અને સોજો છે, તો ચોખાનું પાણી તેમાં રાહત આપી શકે છે. તે ત્વચાને ઠંડક આપે છે અને સોજાવરૂધ ઘટાડે છે. અન્ય લાભો: ચોખાના પાણીથી ત્વચાના ફાટેલા વિસ્તારોને સુધારવામાં અને મૃદુ બનાવવામાં મદદ મળે છે. તે ત્વચાના જૂના અને મરી ગયેલા કોષોને દૂર કરે છે અને ત્વચાને નવું અને તાજું દેખાડે છે. આ ઉપાયને અજમાવવું સરળ છે. તમારે ચોખા ઉકાળીને બચેને પાણીનો ઉપયોગ કરવો છે, જે ચહેરા પર આરામથી લગાવી શકાય છે. ચોખાના પાણીનો ત્વચા માટે વૈજ્ઞાનિક આધાર: ચોખામાં એવા પૌષ્ટિક તત્વો હોય છે જે રોગપ્રતિકારક શક્તિ, ત્વચાનું પોષણ અને સુરક્ષા બંનેમાં સહાયક છે: વિટામિન્સ: B1, B2, B3 (niacin), B6, Vitamin E, મિનરલ્સ: ઝિંક (Zinc), મેગ્નેશિયમ, એન્ટીઓક્સિડન્ટ્સ: ફ્રી રેડિકલ્સને નષ્ટ કરવા માટે, પિટેરા (Pitera): એક કુદરતી ફર્મેન્ટેશન એલિમેન્ટ જે ત્વચાને repair અને regene®ae કરે છે. ચોખાના પાણીના પ્રકારો અને તેમના ઉપયોગ: ૧. ભીંજવેલું ચોખાનું પાણી (Soaked Rice Water): ૧ કપ ચોખા ૨ કપ પાણીમાં ૪-૬ કલાક માટે ભીંજવો. ત્યારબાદ પાણી છાનીને સ્પ્રે બોટલમાં ભરી લો. આ પાણીનો ફેસ ટોનર તરીકે ઉપયોગ કરો. શામના સમયે કપાસ વડે ચહેરા પર લગાવવાથી તેજસ્વી અને ત્વચા મળે છે. ૨. ઉકાળેલું ચોખાનું પાણી (Boiled Rice Water): ચોખા ઉકાળ્યા પછી બચે તે પાણી ઠંડું થવા દો. તેને મોઈસ્ચરાઈઝર અથવા ફેસ પેક તરીકે ઉપયોગ કરો.

# ગરમીથી બચવા માટે શ્રેષ્ઠ બિલીનો જ્યૂસ, વજનમાં થશે ઘટાડો!

**બિલીનો જ્યુસ ફાઇબર અને એન્ટીઓક્સિડન્ટ્સથી ભરપૂર હોય છે, ફાઇબર પાચનતંત્રને સુધારવામાં મદદ કરે છે**

ગરમીની સિઝન આવી ગઈ છે અને આ સિઝનમાં શરીરને ઠંડુ રાખવા અને હાઈડ્રેટેડ રહેવા માટે ખાસ ધ્યાન આપવાની જરૂર છે. ગરમીમાં વધુ પરસેવો આવવાથી શરીરમાં પાણીની ઉણપ થઈ જાય છે, જેના કારણે થાક, કમજોરી અને ક્યારેક લૂ જેવી સમસ્યાઓ થઈ શકે છે. આવા સમયે ઠંડક અને તાજગી આપતા પીણાની માંગ વધી જાય છે. આ સિઝનમાં બિલીનો જ્યુસ એક ઉત્તમ વિકલ્પ સાબિત થઈ શકે છે. બિલીનો જ્યુસ ન માત્ર ગરમીમાં ઠંડક આપે છે, પણ શરીરને અનેક આરોગ્ય લાભ પણ આપે છે. ગરમીમાં બિલીનો જ્યુસ ન માત્ર શરીરને ઠંડક આપે છે, પણ તે વજન ઘટાડવા, ઈમ્યુનિટી વધારવા અને પાચનતંત્રને સુધારવા માટે પણ લાભકારી છે. તેના સેવનથી લૂ લાગવાની સમસ્યાથી પણ બચી શકાય છે, બિલીનો જ્યુસ કુદરતી રીતે શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે અને તેનો ડાયટમાં સમાવેશ કરવો ગરમીમાં એક ઉત્તમ વિકલ્પ સાબિત થઈ શકે છે. આ સિઝનમાં રોજ બિલીનો જ્યુસ પીવાથી તમે ગરમીના દુષ્પ્રભાવોથી બચી શકો છો અને શરીરને હાઈડ્રેટેડ



રાખી શકો છો. બિલીનો જ્યુસ ગરમીમાં તાજગી અને રાહત આપતું એક ઉત્તમ કુદરતી ડ્રિંક છે. આ ખાસ કરીને ઠંડી તાસીર ધરાવતો હોય છે, જે શરીરને ઠંડુ રાખવામાં મદદ કરે છે. બિલીના જ્યુસમાં ઘણા મહત્વપૂર્ણ પોષક તત્વો હોય છે, જેમ કે વિટામિન C, બીટા કેરોટીન, થાયમિન, રાઈબોફ્લેવિન અને મિનરલ્સ, જે શરીર માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. આ તત્વો ન માત્ર શરીરને ઊર્જા આપે છે, પણ શરીરના ઈમ્યુન સિસ્ટમને પણ મજબૂત બનાવે છે. ગરમીમાં બિલીનો જ્યુસ ન માત્ર શરીરને ઠંડક આપે છે, પણ તે વજન ઘટાડવા, ઈમ્યુનિટી વધારવા અને પાચનતંત્રને સુધારવા માટે પણ લાભકારી છે. તેના સેવનથી લૂ લાગવાની સમસ્યાથી પણ બચી શકાય છે. બિલીનો જ્યુસ કુદરતી રીતે શરીર માટે ખૂબ ફાયદાકારક છે અને તેને ડાયટમાં સામેલ કરવું ગરમીમાં એક ઉત્તમ વિકલ્પ સાબિત થઈ શકે છે. તેથી, આ સિઝનમાં દરરોજ બિલીનો જ્યુસ પીવાથી તમે ગરમીના દુષ્પ્રભાવોથી બચી શકો છો અને શરીરને હાઈડ્રેટેડ રાખી શકો છો. ગરમીમાં બિલીનો જ્યુસ પીવાથી શરીરમાં પાણીની ઉણપ થતી નથી અને હાઈડ્રેશન જળવાઈ રહે છે. આ જ્યુસ પાચનતંત્રને સુધારવામાં મદદ કરે છે, જેના કારણે પેટની સમસ્યાઓ જેમ કે, કબજિયાત અને એસિડિટી પણ ઘટી જાય છે. આ ઉપરાંત, બિલીનો જ્યુસ લૂ લાગવાથી બચાવે છે અને શરીરની ગરમીને સંતુલિત રાખે છે, જેના કારણે શરીરમાં તાજગી જળવાઈ રહે છે. બિલીનો જ્યુસ વજન ઘટાડવા માટે પણ ફાયદાકારક હોઈ શકે છે. બિલીમાં ઊંચી માત્રામાં ફાઈબર હોય છે, જે ભૂખને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. આ જ્યુસ પાચનને સુધારે છે અને પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે, જેના કારણે ઓવરઈટિંગની સંભાવના ઘટી જાય છે. આ ઉપરાંત, બિલીમાં રહેલા એન્ટીઓક્સિડન્ટ્સ અને પોષકતત્વો શરીરના મેટાબોલિઝમને વધારવામાં મદદ કરે છે, જે વજન ઘટાડવામાં સહાયક હોય છે. ગરમીના સિઝનમાં શરીરને ઠંડુ રાખવા માટે બિલીનો જ્યુસ એક ઉત્તમ ઉપાય છે. તેમાં રહેલા તત્વો શરીરની આંતરિક ગરમીને નિયંત્રિત કરે છે, જેના કારણે લૂ લાગવાની સંભાવના ઘટી જાય છે. બિલીનો જ્યુસ લિવરને પણ ડિટોક્સિફાય કરે છે અને શરીરમાં તાજગી જાળવી રાખે છે. બિલીનો જ્યુસ, જેને કકરી અથવા કાંકડી જ્યુસ પણ કહેવામાં આવે છે, ગરમીના દિવસોમાં શરીર માટે એક ઉત્તમ કુદરતી પીણું છે. આ જ્યુસના ઘણા આરોગ્યલાભો છે, જે ખાસ કરીને ગરમીમાં હાઈડ્રેટેડ રહેવા અને ઠંડક મેળવવા માટે સહાયક છે. અહીં બિલીના જ્યુસ વિશે થોડું વધારે જાણવા મળશે: શરીરને ઠંડક પહોંચાડે છે, બિલીનો જ્યુસ તરત શરીરને ઠંડક આપે છે. તેની કુદરતી ઠંડી તાસીર શરીરની આંતરિક ગરમીને ઘટાડી છે, જે ખાસ કરીને ગરમીના દિવસોમાં લૂ અને થાક જેવી સમસ્યાઓને રોકવા માટે મદદરૂપ છે. શરીર હાઈડ્રેટેડ રહે છે, પાણીની ઉણપ એ સામાન્ય સમસ્યા બની જાય છે. બિલીનો જ્યુસ એ પણ એક આદર્શ રીત છે શરીરને હાઈડ્રેટેડ રાખવા માટે, કારણ કે તેમાં પૂરતી માત્રામાં પાણી હોય છે. જે શરીરની પોષણાત્મક જરૂરિયાતોને પૂરી પાડે છે. વિટામિન્સ અને પોષક તત્વોથી ભરપૂર, બિલીનો જ્યુસ વિટામિન C, વિટામિન ꟸ, બીટા-કેરોટીન અને વિવિધ મિનરલ્સનો શ્રેષ્ઠ સ્ત્રોત છે. આ પોષક તત્વો ઈમ્યુન સિસ્ટમને મજબૂત બનાવે છે અને શરીરની ઊર્જા સ્તરને સુધારવા માટે મહત્વપૂર્ણ છે. બિલીનો જ્યુસ ફાઈબર અને એન્ટીઓક્સિડન્ટ્સથી ભરપૂર હોય છે.

# ગુલાબી હોઠ જોઈએ છે? નેચરલ લિપ સ્ક્રબ કામમાં આવશે

ગુલાબી હોઠ ચહેરાની ચમક વધારે છે. જો તમારા હોઠ કાળા અને સુકા થઈ રહ્યા છે, તો તમે તેમની યોગ્ય કાળજી લઈને તેમને સ્વસ્થ બનાવી શકો છો. જો તમે અઠવાડિયામાં એકવાર ઘરે આ નેચરલ લિપ સ્ક્રબનો ઉપયોગ કરો છો, તો તમારી સુંદરતામાં વધારો થઈ શકે છે. ચહેરાની સુંદરતામાં ખાલી ચહેરો જ કામ નથી કરતો. પરંતુ આપણા શરીરના અલગ અલગ ભાગો પણ એટલો જ ભાગ ભજવે છે. એવી જ રીતે સુંદરતા માટે હોઠોની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. પરંતુ તીવ્ર ધુપ, પ્રદૂષણ અને પાણીની કમીના કારણે હોઠ સૂકા, ફાટેલા અને કાળા થઈ જાય છે.

આવા સમયે હોઠોને કોમળ, ગુલાબી અને હેલ્ધી રાખવા માટે નિયમિત રીતે સ્ક્રબિંગ કરવું ખૂબ જ જરૂરી છે. બજારમાં મળતા કેમિકલયુક્ત સ્ક્રબ્સ કરતાં ઘર પર ઉપલબ્ધ નેચરલ વસ્તુઓથી લિપ સ્ક્રબ બનાવવું વધુ સારું છે. અહીં અમે તમારા માટે લાવ્યા છીએ ૫ સરળ અને અસરકારક ઘરગથ્થુ લિપ સ્ક્રબ્સ, જે તમારા હોઠોને મલાયમ અને સુંદર બનાવી દેશે. એક નેચરલ એક્સફોલિએન્ટ છે જે હોઠોની ડેડ સ્કિનને સરળતાથી દૂર કરે છે. મધ અને નારિયેળ તેલ મળીને હોઠોને નમ રાખે છે. તેને બનાવવા માટે ૧ ચમચી ખાંડ, ૧ ચમચી મધ, ૧/૨ ચમચી નારિયેળ તેલ મિક્સ કરો અને હોઠ પર હળવા હાથથી ૨-૩ મિનિટ મસાજ કરો. ૫ મિનિટ પછી હુંફાળા પાણીથી ધોઈ લો. અઠવાડિયામાં ૨-૩ વાર ઉપયોગ કરો. કોફીમાં રહેલા એન્ટીઓક્સિડન્ટ્સ હોઠોની કાળાશ દૂર કરે છે, જ્યારે દૂધની મલાઈ તેમને મુલાયમ બનાવે છે. એક વાટકીમાં ૧ ચમચી કોફી પાઉડર, ૧ ચમચી દૂધની મલાઈ, ૧ ચમચી બ્રાઉન સુગર મિક્સ કરીને પેસ્ટ બનાવો અને હોઠ પર ૨ મિનિટ સ્ક્રબ કરો. ૧૦ મિનિટ પછી ધોઈ લો. અઠવાડિયામાં ૨ વાર લગાવો. ગુલાબજળ તાજગી આપે છે અને બદામ તેલ પોષણ આપે છે. એક વાટકીમાં ૧ ચમચી ગુલાબજળ, ૧ ચમચી બદામ તેલ, ૧ ચમચી ઓટમીલ પાઉડર મિક્સ કરીને પેસ્ટ બનાવો. હોઠ પર ૩-૪ મિનિટ મસાજ કરો અને પછી ૫ મિનિટ પછી ધોઈ લો. અઠવાડિયામાં ૩ વાર ઉપયોગ કરો. કોકો પાઉડર ડેડ સ્કિન દૂર કરે છે અને દહીં હોઠોને હાઈડ્રેટ કરે છે. એક વાટકીમાં ૧ ચમચી કોકો પાઉડર, ૧ ચમચી દહીં, ૧/૨ ચમચી ઓલિવ તેલ મિક્સ કરીને હોઠ પર લગાવો, ૨ મિનિટ મસાજ કરો અને ૧૦ મિનિટ પછી ધોઈ લો. અઠવાડિયામાં ૨ વાર ઉપયોગ કરો.



## ગુલાબી હોઠ કેમ જરૂરી છે?

હોઠ માનવ શરીરનો સૌથી સંવેદનશીલ ભાગ છે. સુંદર, નરમ અને ગુલાબી હોઠ તમારી પર્સનાલિટી અને સ્મિતને વધારે આકર્ષક બનાવે છે. પણ: વધતી ઉંમર, ધૂળ-માટી, બેસમજ જીવનશૈલી, સતત લિપસ્ટિકનો ઉપયોગ, પાણીની ઓછી માત્રા આ બધા કારણે હોઠ કાળા પડવા લાગે છે, સુકાઈ જાય છે અને ક્રેક પણ થઈ શકે છે. નેચરલ લિપ સ્ક્રબ શા માટે જરૂરી છે? હોઠ ઉપર પણ મૃત કોષો (Dead Skin Cells) થવામાં આવે છે, જેમને દૂર કર્યા વગર લિપ બામ કે લિપસ્ટિક પણ યોગ્ય અસર નથી કરતી. લિપ સ્ક્રબ: ડેડ સ્કિન દૂર કરે છે, હોઠોને નરમ અને ગ્લોઈંગ બનાવે છે, લિપ બામને ઊંડે સુધી અસરકારક બનાવે છે, કુદરતી ગુલાબી રંગ પાછો લાવે છે, ઘરે બનાવો નેચરલ લિપ સ્ક્રબ - સરળ અને અસરકારક, ૧. ખાંડ અને મધ લિપ સ્ક્રબ: સામગ્રી: ૧ ચમચી બ્રાઉન શુગર (અથવા સફેદ ખાંડ), ૧/૨ ચમચી શુદ્ધ મધ, વિધી: બંનેને મિક્સ કરો અને નરમાઈથી હોઠ પર ઘસો, ૨-૩ મિનિટ સુધી સ્ક્રબ કરો.

# શું ઠંડુ પાણી પીવાથી વજન વધે?



ગરમીમાંથી રાહત મેળવવા માટે લોકો ઠંડુ પાણી પીતા હોય છે. જો કે અનેક લોકોનાં મનમાં એ પ્રશ્ન થતો હોય છે કે શું ઠંડુ પાણી પીવાથી વજન વધી શકે? તો જાણો આ વિશે વધુમાં... માણસની બોડીમાં ૬૦ ટકા પાણી હોય છે. આ માટે હાઈડ્રેટ રહેવું ખૂબ જરૂરી છે. મોટાભાગનાં લોકો પાણીની તરસ છીપાવી દેતા હોય છે. પરંતુ આ ઓવરઓલ હેલ્થ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. પાણી ઓછું પીવાથી શરીરમાં અનેક તકલીફો થઈ શકે છે. પાણી તમે ઓછું પીઓ છો તો જોઈન્ટ્સમાં પણ દુખાવો થઈ શકે છે. જોઈન્ટ્સ મુમેન્ટ માટે શરીરમાં પર્યાપ્ત માત્રામાં પાણી હોવું ખૂબ જરૂરી છે. આમ, આ પરથી તમે અંદાજો લગાવી શકો છો કે તમારાં સ્વાસ્થ્યને કેટલી માત્રામાં પાણીની જરૂરિયાત હશે. જો કે પાણીને લઈને લોકોનાં મનમાં જાતજાતનાં સવાલ થતા હોય છે. અનેક લોકોનાં મનમાં એ પ્રશ્ન થતો હોય છે કે શું ઠંડુ પાણી પીવાથી વજન વધી શકે? આમ, તમે પણ આવું વિચારી રહ્યાં છો તો જાણો આ વિશે ન્યુટ્રિશનિસ્ટ અમિતા ગાડરેનું શું કહેવું છે. ઠંડુ પાણી પીવાથી ફેટ કોશિકાઓ જામતી નથી. એવી રીતે ગરમ પાણી પીવાથી ફેટ ઓગળતું નથી. આમ, વાત કરવામાં આવે તો પાણી વગર શરીર પર ખરાબ અસર પડી શકે છે. આ માટે પ ાણીનાં તાપમાનની ચિંતા કર્યા વગર પર્યાપ્ત પાણી પીવા પર વધારે ધ્યાન આપવું જોઈએ. ઉલ્લેખનીય છે કે ઠંડુ પાણી પાચન તંત્ર માટે સારું સાબિત થતું નથી. અમિતા ગાડરેએ જણાવ્યું કે પાચન તંત્ર સારું કરવા માટે તમે હુંફાળું પાણી પીઓ છો તો વધારે સારું રિઝલ્ટ મળે છે. આમ, તમને પણ પાણી પીવાની આદત ઓછી છે તો તમારે એલર્ટ થવાની જરૂર છે. દિવસ દરમિયાન ૨થી ૩ લીટર જેટલું પાણી પીઓ.





૧૮ મે, ૨૦૨૫ના રોજ NCC અભિયાન ટીમે માઉન્ટ એવરેસ્ટ (૮,૮૪૮ મીટર) સફળતાપૂર્વક સર કર્યું તેની ઝલક.

**ન્યૂઝ બ્રિફ**

### એક સપ્તાહમાં ૩૫૫૦ રૂપિયા સસ્તું થયું સોનું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

છેલ્લા એક સપ્તાહમાં સોનાની કિંમતોમાં ઘટાડો થયો છે. દેશમાં ૨૪ કેરેટ ગોલ્ડનો ભાવ ૩૫૫૦ રૂપિયા ઘટ્યો છે. તો ૨૨ કેરેટ ગોલ્ડ ૩૨૫૦ રૂપિયા સસ્તું થયું છે. રાજધાની દિલ્હીમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ ૯૫૨૮૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. સોનાની દેશની અંદર કિંમતો પ્રાદેશિક ફેક્ટર્સની સાથે-સાથે ગ્લોબલ ફેક્ટર્સથી પણ પ્રભાવિત થાય છે. ૧૦ મોટા શહેરોમાં ૨૨ કેરેટ અને ૨૪ કેટેર સોનાનો ભાવ શું છે આવો જાણીએ. વર્તમાનમાં મુંબઈ, ચેન્નઈ અને કોલકત્તામાં ૨૨ કેરેટ સોનાની કિંમત ૮૭૨૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત ૯૫૧૩૦ રૂપિયા છે. જયપુર, લખનૌ અને ચંદીગઢમાં ૨૪ કેરેટ સોનાની કિંમત ૯૫૨૮૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. ૨૨ કેરેટનો ભાવ ૮૭૩૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. હૈદરાબાદમાં ૨૨ કેરેટ સોનાની કિંમત ૮૭૨૦૦ રૂપિયા જ્યારે ૨૪ કેરેટ સોનાની કિંમત ૯૫૧૩૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. અમદાવાદ અને ભોપાલમાં ૨૨ કેરેટ સોનાની કિંમત ૮૭૨૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ ચાલી રહી છે. જ્યારે ૨૪ કેરેટ સોનાની કિંમત ૯૫૧૮૦ રૂપિયા છે. બીજીતરફ ચાંદીની વાત કરીએ તો તેમાં એક સપ્તાહમાં ૨૦૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. ૧૮ મેએ ચાંદીની કિંમત ૯૭૦૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ છે. ઈન્દોર સોની બજારમાં ૧૭ મેએ ચાંદીની કિંમત ૫૦૦ રૂપિયાના એવરેજ વધારા સાથે ૯૬૫૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ થઈ ગઈ હતી.

**શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં ચોથું જૂથ યુએઈ જશે**

## રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં સાંસદો યુકે અને યુરોપની મુલાકાત લેશે

**ભારત સરકારે વિશ્વમાં પાકિસ્તાનના જૂઠ્ઠાણાને ઉજાગર કરવા માટે સાંસદોના અલગ-અલગ ડેલિગેશન બનાવ્યા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

પાકિસ્તાનને ઉજાગર કરવા માટે, મોદી સરકારે એક સર્વપક્ષીય પ્રતિનિધિમંડળની રચના કરી છે, જેને સાત જૂથોમાં વહેંચવામાં આવ્યું છે. આ જૂથમાં કોંગ્રેસના સાંસદ શશિ થરૂરથી લઈને AIMIM સાંસદ અસદુદ્દીન ઓવૈસી સુધીના બધાનો સમાવેશ થાય છે. આરબ દેશોની મુલાકાત લેનારા જૂથમાં અસદુદ્દીન ઓવૈસીનું નામ મુખ્ય રીતે સામેલ છે. જ્યારે શશિ થરૂર અને શિવસેના સાંસદ મિલિંદ દેવરા અમેરિકા અને કોલંબિયા જેવા દેશોના પ્રવાસે જશે. સર્વદળીય પ્રતિનિધિમંડળના પ્રથમ ગ્રુપમાં ૭ નેતા ભાજપ સાંસદ બૈજયંત પાંડાની આગેવાનીમાં સાઉદી અરબ, કુવૈત, બહરીન અને અલ્જીરિયાનો પ્રવાસ કરશે. તેમાં ભાજપ સાંસદ નિશિકાંત દુબે, અસદુદ્દીન ઓવૈસી, સતનામ સિંહ સંધૂ, ગુલામ નબી આઝાદ, એસ ફાંગનોન, કોન્યાક, રેખા શર્મા સામેલ છે. બીજા જૂથમાં, ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં નેતાઓ યુકે, ફ્રાન્સ, જર્મની, યુરોપ, ઈટાલી અને ડેનમાર્કની મુલાકાત લેશે. તેમાં ટીડીપી સાંસદ ડી પુંડેશ્વરી, શિવસેના યુબીટી સાંસદ પ્રિયંકા ચતુર્વેદી, ગુલામ અલી ખટાના, અમર સિંહ, સમિક ભટ્ટાચાર્ય અને એમજે અકબરનો સમાવેશ થશે. જેડીયુ સાંસદ સંજય કુમાર ઝાના નેતૃત્વ હેઠળ ત્રીજું જૂથ ઈન્ડોનેશિયા, મલેશિયા, કોરિયા, જાપાન અને સિંગાપોર જશે. જેમાં ભાજપના સાંસદ અપરાજિતા સારંગી, યુસુફ પઠાણ, બ્રિજલાલ, સીપીઆઈ સાંસદ જોન બ્રિટાસ અને સલમાન ખુર્શીદનો સમાવેશ થાય છે.

**ભારત સરકારનો મોટો નિર્ણય**

## ડ્રોન-વિસ્ફોટક ખરીદવા ૪૦ હજાર કરોડ રૂપિયા મંજૂર કરાયા

**પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે સંરક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા ફંડ ફાળવવા મંજૂરી આપી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે સંરક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા રૂ. ૪૦,૦૦૦ કરોડનું ફંડ ફાળવવા મંજૂરી આપી છે. સંરક્ષણ દળો આ ફંડમાંથી વિપુલ પ્રમાણમાં હથિયારો અને દારૂગોળો ખરીદશે. સંરક્ષણ અધિકારીએ જણાવ્યા પ્રમાણે, ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ દ્વારા આયોજિત બેઠકમાં ઈમરજન્સી પાવર હેઠળ એક્વિઝિશનને મંજૂરી આપી છે. આ બેઠકમાં સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ સહિત સેનાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત થયા હતાં. સેના ઈમરજન્સી પાવર્સ હેઠળ સર્વેલન્સ અને કામિકાઝ ડ્રોન, લાંબા અંતરના લોઈટરિંગ દારૂગોળા, તોપખાના માટે દારૂગોળો જેવા મહત્ત્વપૂર્ણ સશસ્ત્રો ખરીદશે. વધુમાં હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અને વિવિધ પ્રકારની મિસાઈલ્સ-રોકેટ પણ ખરીદવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ઈમરજન્સી પ્રોક્યુરમેન્ટ પાવર્સ હેઠળ સુરક્ષાદળોએ કોન્ટ્રાક્ટને મંજૂરી મળ્યા બાદ નિશ્ચિત સમયમાં સશસ્ત્રો ખરીદવાના રહેશે. છેલ્લા પાંચ વર્ષમાં સુરક્ષાદળોએ પાંચમી વખત ઈમરજન્સી પ્રોક્યુરમેન્ટ પાવર્સને મંજૂરી આપી છે. ઈમરજન્સી પ્રોક્યુરેન્ટ પાવર્સ સુરક્ષાના જોખમોનો સામનો કરવા માટે જરૂરી દારૂગોળો અને હથિયારો ખરીદવાની સુવિધા આપે છે. સંરક્ષણ મંત્રાલય ડિફેન્સ સેક્ટરને મજબૂત બનાવવા લાંબા ગાળાના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે. જેના માટે સોલાર ડિફેન્સ અને એરોસ્પેસ સહિત ખાનગી તથા સરકારી કંપનીઓના વરિષ્ઠ એક્ઝિક્યુટીવ્સ સાથે મળી બેઠકો કરી રહ્યું છે.

**ધર્મેન્દ્ર પ્રધાન અને ભૂપેન્દ્ર યાદવના નામની ચર્ચા**

## ભાજપ અધ્યક્ષ પદ માટે હવે ફક્ત બે નામોની ચર્ચા

**ધર્મેન્દ્ર પ્રધાન, ભૂપેન્દ્ર યાદવ બંને ઓબીસી સમુદાયમાંથી આવે છે અને સંગઠનમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારત-પાકિસ્તાન તણાવ પછી, રાજકીય પંડિતો ફરી એકવાર દેશના સ્થાનિક રાજકારણ પર નજર રાખી રહ્યા છે. રાજકીય વર્તુળોમાં સૌથી મોટી ચર્ચા એ છે કે ભાજપના અધ્યક્ષ કોણ બનશે. બન્યું એવું કે ભાજપે રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા થોડા સમય માટે મુલતવી રાખી હતી. પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે પાર્ટીએ ફરીથી આ દિશામાં પોતાની પ્રવૃત્તિ વધારી દીધી છે. અત્યાર સુધી વર્તમાન રાષ્ટ્રપતિ જેપી નડ્ડાના ઉત્તરાધિકારી તરીકે ઘણા નામોની ચર્ચા થઈ છે. અહેવાલો કહે છે કે હવે રેસમાં ફક્ત બે નામ બાકી છે. વાસ્તવમાં આ નામ બીજા કોઈના નહીં પણ કેન્દ્રીય મંત્રીઓ ધર્મેન્દ્ર પ્રધાન અને ભૂપેન્દ્ર યાદવના છે. એક મીડિયા રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર જાતિ વસ્તી ગણતરી જેવા સામાજિક સમીકરણો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, ત્યારે પાર્ટી નેતૃત્વમાં OBC ચહેરાને આગળ લાવીને સામાજિક સંતુલન જાળવવાનો પ્રયાસ કરી શકે છે. ધર્મેન્દ્ર પ્રધાન અને ભૂપેન્દ્ર યાદવ બંને ઓબીસી સમુદાયમાંથી આવે છે અને લાંબા સમયથી સંગઠનમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. ઓડિશામાં ભાજપની મોટી જીત સમયે, ધર્મેન્દ્ર પ્રધાનનું નામ પણ મુખ્યમંત્રી પદ માટે સામે આવ્યું હતું પરંતુ તેઓ કેન્દ્રમાં મંત્રી રહ્યા છે. મે મહિનાના અંત સુધીમાં નવા પ્રમુખના નામની જાહેરાત થવાની પ્રબળ શક્યતા છે. જેથી ઓક્ટોબર-નવેમ્બરમાં પ્રસ્તાવિત બિહાર વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ નવા નેતૃત્વ સાથે શરૂ કરી શકાય. જોકે, તેની સત્તાવાર માહિતી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

**૩૦ મુસાફરો ઘાયલ, ૭૨ લોકો હતા સવાર**

## તમિલનાડુમાં ૨૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી બસ

। (એજન્સી) વલપરાઈ, તા.૧૮ ।

તમિલનાડુના વલપરાઈ નજીક એક બસ અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં ૩૦ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી અનુસાર, વલપરાઈ ઘાટ સેક્શનના પહાડોના ભારે વળાંક વાળા રસ્તાઓ પર તમિલનાડુ રાજ્ય પરિવહન નિગમ (TNSTC)ની એક બસ પલટી ગયા બાદ ૨૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી.

જણાવવામાં આવી રહ્યું છે કે, બસમાં ૭૨ મુસાફરો સવાર હતા અને આ બસ તિરૂપ્પુરથી પલપરાઈ જઈ રહી હતી. પહાડી વિસ્તારમાં ડ્રાઈવરે અચાનક કંટ્રોલ ગુમાવી દીધા, જ્યારબાદ આ ઘટના બની. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, બસ રોડ પરથી બેકાબૂ થઈને ખીણમાં ખાબકી ગઈ. જો કે, સદનસીબે આ ઘટનામાં તમામ મુસાફરોના જીવ બચી ગયા. બસ ડ્રાઈવર ગણેશને ગંભીર ઈજા પહોંચી છે અને તેની પોલાચી સરકારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઘટનાની માહિતી મળ્યા બાદ વલપરાઈ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને બચાવ અભિયાન શરૂ કર્યું. સ્થાનિક નિવાસીઓની મદદથી ઈમરજન્સી સેવા કર્મીઓએ પહાડી વિસ્તારમાં બચાવ કાર્ય કરતા ઈજાગ્રસ્તોને કાટમાળથી બહાર કાઢ્યા અને વલપરાઈ હોસ્પિટલમાં દાખલ કરાવ્યા.

**ચીફ નેશનલ કોઓર્ડિનેટર બનાવ્યા**

## બસપા પ્રમુખ માયાવતીએ ફરી ભત્રીજાને સોંપી મોટી જવાબદારી

**આગામી ચૂંટણીમાં આકાશ આનંદને પક્ષનો પ્રચાર કરવાની કમાન સોંપાશે : બસપામાં હાલ ત્રણ નેશનલ કોઓર્ડિનેટર**

। (એજન્સી) લખનૌ, તા.૧૮ ।

બસપા પ્રમુખ માયાવતીના ભત્રીજા આકાશ આનંદ ફરી એકવાર રાજકારણમાં મહત્વની ભૂમિકા ભજવતાં જોવા મળશે. રવિવારે બસપાની હાઈલેવલ મીટિંગ બાદ આકાશને ચીફ નેશનલ કોઓર્ડિનેટરની જવાબદારી સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આકાશને ત્રણ નેશનલ કોઓર્ડિનેટર રિપોર્ટ કરશે. મીડિયા સુત્રોએ જણાવ્યા પ્રમાણે, આગામી ચૂંટણીમાં આકાશ આનંદને પક્ષનો પ્રચાર કરવાની કમાન સોંપવામાં આવશે. બસપામાં હાલ ત્રણ નેશનલ કોઓર્ડિનેટર છે. જેમની ઉપર આકાશ આનંદ ચીફ નેશનલ કોઓર્ડિનેટર તરીકે દેખરેખ રાખશે. બસપાના નેશનલ કોઓર્ડિનેટરમાં રાજ્યસભા સાંસદ રામજી ગૌતમ, રણધીર બેનીવાલ અને રાજારામ સામેલ છે. રામજી ગૌતમ સંગઠનમાં બિહાર પ્રદેશના પ્રભારી છે. આકાશ આનંદની રાજકારણમાં જવાબદારી વધતાં પક્ષમાં નવી ઉર્જાનો સંચાર થવાનો સંકેત મળ્યો છે. માયાવતીના ભત્રીજા આકાશ આનંદ અને તેમના સસરા અશોક સિદ્ધાર્થને કથિત રીતે શિસ્તતાનો ભંગ કરવા બદલ પક્ષમાંથી બરતરફ કરવામાં આવ્યા હતાં. જો કે, મહિના બાદ નાટકીય રૂપે બસપા પ્રમુખે આકાશને ફરી એક નવી તક આપવા નિર્ણય લીધો હતો. આકાશે ૧૩ એપ્રિલના રોજ જાહેરમાં માફી પણ માગી હતી. તેમજ માયાવતીના નેતૃત્વ હેઠળ કામગીરી કરવાનો સંકલ્પ પણ લઈધો હતો. આકાશે કહ્યું હતું કે, હું માયાવતીને જ એકમાત્ર રાજકીય ગુરૂ અને રોલ મૉડલ માનું છું. કોઈપણ સગા-સંબંધી કે રાજકરણીની સલાહ ન લેવાનું વચન પણ લઉ છું.આકાશે માયાવતી પાસે માફી માગતાં માયાવતીએ પણ X પર પોસ્ટ કરી આકાશને એક તક આપવાની જાહેરાત કરી હતી.

**ભારતમાં આંતરિક સુરક્ષાની જવાબદારી સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરના નાગરિકોની સુખાકારીને પણ એટલું જ પ્રાધાન્ય આપ્યુંઃ મુખ્યમંત્રી**

# ગાંધીનગર લોકસભા વિસ્તારમાં છેલ્લા છ વર્ષમાં રૂ. ૨૫,૦૦૦ કરોડના અનેકવિધ વિકાસકાર્યો હાથ ધરાયાઃ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ

। ગાંધીનગર ।

કેન્દ્રીય ગૃહ મંત્રી અને ગાંધીનગર લોકસભાના સાંસદ શ્રી અમિત શાહે આજે ગાંધીનગર મહાનગરપાલિકા, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (GUDA) તેમજ ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના કુલ રૂ. ૭૦૮ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. ગાંધીનગરના કોલવડા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતનાં મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતમાં વિકાસનો યજ્ઞ શરૂ કર્યો હતો. ગુજરાતનાં આ વિકાસ યજ્ઞની તર્જ પર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દેશના વિકાસ કામો કરી રહ્યા છે. વડાપ્રધાનશ્રીએ વિકાસની સાથે ભારતને તમામ ક્ષેત્રે સુરક્ષિત બનાવવાનું કામ પણ કર્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ ભવિષ્યમાં પણ ભારતનું સુરક્ષા ચક્ર વધુ મજબૂત અને અભેદ રહેશે, તેમ તેમણે ઉમેર્યું હતું. ગાંધીનગરમાં હાથ ધરાયેલા વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું હતું કે, ગાંધીનગર લોકસભા વિસ્તારના નાગરિકોની સુવિધામાં વધારો કરવાના હેતુ સાથે છેલ્લા ૬ વર્ષમાં અંદાજે રૂ. ૨૫,૦૦૦ કરોડના અનેકવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. માત્ર ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં જ




રૂ. ૪,૨૬૦ કરોડના વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા તે પહેલા પાકિસ્તાન પ્રેરિત અનેક આતંકવાદી હુમલાઓમાં ભારતના જવાનો અને નાગરિકો ભોગ બનતા હતા, પરંતુ તેની સામે કોઈ જવાબ આપવામાં આવતો ન હતો. વર્ષ ૨૦૧૪ બાદ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતીય સેનાએ ભારતમાં થયેલા પાકિસ્તાન પ્રેરિત ઉરી, પુલવામા અને પહેલગાવના આતંકવાદી હુમલાનો સર્જીકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક અને ઓપરેશન સિંદૂરથી જડબાતોડ જવાબ આપ્યો છે. તાજેતરમાં ઓપરેશના સિંદૂર હેઠળ ભારતીય સેનાએ લશ્કર એ તોયબા અને જૈશ એ મહોમ્મદ જેવા કુખ્યાત આતંકી સંગઠનોના ૯ જેટલા આતંકવાદી કેમ્પ-વડામથકને ધ્વંસ કરીને નેસ્તનાબૂદ કર્યા હતા. ઓપરેશન સિંદૂરે ભારત જ નહીં, પરંતુ સુરક્ષા ક્ષેત્રે વિશ્લેષણ કરતાં વિશ્વના સુરક્ષા તજજ્ઞનોને પણ અચંબિત કર્યા છે. શ્રી શાહે કહ્યું હતું કે, ભારતીય સેના અને વડાપ્રધાનશ્રી મોદીજીના નેતૃત્વમાં ઓપરેશન સિંદુર હેઠળ પ્રથમ વાર પાકિસ્તાનની અંદર ૧૦૦ કિલોમીટર સુધી એર સ્ટ્રાઈક કરીને બહાવલપૂર અને સિયાલ કોટ જેવા ૯ કેમ્પને તેમજ ૧૫ જેટલા એર બેઝને નેસ્ત નાબૂદ કરીને ભારતે વિશ્વને પોતાની સૈન્ય ક્ષમતાનો સ્પષ્ટ સંકેત આપી દીધો છે. વડાપ્રધાનશ્રીએ બિહારની સભામાં જનતાને આપેલું વચન ઓપરેશન સિંદૂર થકી પૂર્ણ કર્યું છે. આ હુમલામાં ૧૦૦થી વધુ આતંકવાદીઓને મિટ્ટીમાં મિલાવી દીધા છે.

પાકિસ્તાન દ્વારા ભારત પર કરાયેલા ડ્રોન અને મિસાઈલ હુમલાને ભારતની એર ડિફેન્સ સિસ્ટમે હવામાં જ તોડી પડ્યો હતો. ભારતના અદ્યતન એર ડિફેન્સ સામે પાકિસ્તાનનું ટકવું શક્ય નથી. તેમણે કહ્યું હતું કે, જ્યારે જ્યારે પણ વિશ્વમાં મિલીટરી ઓપરેશનોને યાદ કરવામાં આવશે ત્યારે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતીય નારીના સન્માનમાં અપાયેલ નામ 'ઓપરેશન સિંદૂર' ની સફળતાની ચર્ચાઓ ચોક્કસ પણે થશે. આતંકવાદીઓ ભારત પર હુમલો કરવાનો દુ:સાહસ કરવાનો પ્રયાસ કરશે, તો ભારત તેનો બમણી તાકાતથી જવાબ આપશે. પાકિસ્તાન દ્વારા પરમાણુ બોમ્બની ધમકીનો ભારતીય વાયુ, જલ અને થલ સેનાએ ઈંટનો જવાબ પત્થરથી આપ્યો છે, તે બદલ હું ગાંધીનગરની જનતાવતી ભારતીય સેના અને વડાપ્રધાનશ્રીને અભિનંદન આપીને આભાર વ્યક્ત કરું છું.

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બદલ સમગ્ર ગુજરાત વતી ભારતીય સેનાના વીર જવાનોને તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતની આંતરિક સુરક્ષા-સલામતી સહિતની મોટી જવાબદારી નિભાવવા સાથે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે પોતાના સંસદીય મત વિસ્તાર નાગરિકોની સુખાકારીને પણ એટલું જ પ્રાધાન્ય આપ્યું છે. ગાંધીનગર વિસ્તારના દરેક નાગરિક જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવાની તેમની નેમ છે. વધી રહેલા શહેરીકરણ વચ્ચે પર્યાવરણની જાળવણી સાથે નગરજનોને શહેરોમાં પરિવહન, રોજગાર, આવાસ અને તમામ માળખાકીય સુવિધાઓ વિકસાવવાનો રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૧૩૨ ફૂટ રિંગ રોડ પરના પલ્લવ બ્રિજનું ઉદ્ઘાટન કર્યું





અમદાવાદના પલ્લવ-પ્રગતિનગરના રહેવાસીઓને રૂપિયા ૧૧૬ કરોડના ખર્ચે બનેલા ફ્લાયઓવરની ભેટ આપવામાં આવી. આ ફ્લાયઓવર ફક્ત આ વિસ્તારમાં ટ્રાફિક અને પરિવહનને ઝડપી બનાવશે. એટલું જ નહીં પરંતુ સાથે સાથે વ્યવસાય, ઉદ્યોગ અને રોજગારને પણ નવી દિશા આપશે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં ગુજરાત રાજ્ય સહકારી મહાસંઘ દ્વારા "વિકસિત ભારતના નિર્માણમાં સહકારી સંસ્થાઓની ભૂમિકા" વિષય પર આયોજિત ભવ્ય પરિષદને સંબોધિત કરી

| અમદાવાદ, તા.૧૮ |

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે અમદાવાદમાં ગુજરાત રાજ્ય સહકારી મહાસંઘ દ્વારા "વિકસિત ભારતના નિર્માણમાં સહકારી સંસ્થાઓની ભૂમિકા" વિષય પર આયોજિત ભવ્ય પરિષદને સંબોધિત કરી હતી. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.




પરિષદને સંબોધતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રએ ૨૦૨૫ને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. તેમણે કહ્યું કે સહકાર શબ્દ આજે પણ સમગ્ર વિશ્વમાં એટલો જ સુસંગત છે જેટલો ૧૯૦૦માં હતો. શ્રી શાહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતમાં ૨૦૨૧થી સહકારી ચળવળને પુનર્જીવિત કરવા માટે એક વિશાળ પ્રયાસ શરૂ થયો છે અને તેથી જ ભારતમાં સહકારી વર્ષ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં ૨૦૨૧માં શરૂ થયેલી પહેલ હેઠળ, સહકાર દ્વારા સમૃદ્ધિ અને વિકસિત ભારતમાં સહકારની ભૂમિકાના બે સિદ્ધાંતો દેશ સમક્ષ મૂકવામાં આવ્યા હતા. આ જ પહેલ હેઠળ, આજે ગુજરાતમાં આ સહકારી પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી સહકારી ક્ષેત્રમાં કરવામાં આવેલા ફેરફારોનો લાભ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) અને નીચલા સ્તરે ખેડૂતો સુધી ન પહોંચે ત્યાં સુધી સહકારી ક્ષેત્ર મજબૂત થઈ શકશે નહીં. શ્રી શાહે કહ્યું કે એટલા માટે સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણે તમામ પ્રકારની સહકારી સંસ્થાઓમાં જાગૃતિ, તાલીમ અને પારદર્શિતા લાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

કેન્દ્રીય સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ દરમિયાન, ભારત સરકારે સહકારના વિજ્ઞાન અને સહકારમાં વિજ્ઞાન પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે સ્વતંત્રતા ચળવળ દરમિયાન દેશમાં શરૂ થયેલી સહકારી ચળવળ દેશના મોટા ભાગમાં ધીમે ધીમે લગભગ સમાપ્ત થઈ ગઈ હતી. તેમણે કહ્યું કે આપણા બધાની જવાબદારી છે કે આ ચળવળ હેઠળ, સહકાર દરેક રાજ્ય અને જિલ્લામાં વિસ્તરે. ઉપરાંત, દરેક રાજ્યમાં પ્રાથમિક સહકારી મંડળીઓની સ્થિતિમાં સુધારો થવો જોઈએ, જિલ્લા સ્તરની સંસ્થાઓને મજબૂત બનાવવી જોઈએ અને તેમના દ્વારા રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સહકારી માળખું પણ મજબૂત બનાવવું જોઈએ. શ્રી શાહે કહ્યું કે અમે ઘણા વર્ષોથી કલ્પના કરાયેલા વૈશ્વિક ત્રિ-સ્તરીય સહકારી માળખામાં ચોથું સ્તર ઉમેર્યું છે. તેમણે કહ્યું કે સહકારી માળખાની દરેક સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રાષ્ટ્રીય સંસ્થાઓ, રાજ્ય સહકારી સંસ્થાઓ, જિલ્લા સ્તરની સંસ્થાઓ અને દરેક ક્ષેત્રની પ્રાથમિક સહકારી મંડળીઓને મજબૂત બનાવીને દેશભરમાં સહકાર ફેલાવવો મહત્વપૂર્ણ છે.

### અમરેલીના દરિયામાં દેખાઈ શંકાસ્પદ બોટ

## કોસ્ટગાર્ડના હેલિકોપ્ટરે બોટનો પીછો કરતા જ જોઈને ભાગી ગઈ

### જાફરાબાદ બંદરથી ૨૨ નોટિકલ માઈલ દૂર મળેલી બોટ કોસ્ટગાર્ડને જોઈ ભાગી હતી : તપાસ શરૂ કરાઈ

| (એજન્સી) અમરેલી, તા.૧૮ |

અમરેલી દરિયાઈ સીમામાં શંકાસ્પદ બોટની હલચલ જોવા મળી. જાફરાબાદ બંદરથી ૨૨ નોટિકલ માઈલ દૂર મળેલી બોટ કોસ્ટગાર્ડને જોઈ ભાગી હતી. હાલ હેલિકોપ્ટર દ્વારા તપાસ શરૂ કરાઈ છે.

ગુજરાતની દરિયા સીમા સુરક્ષા પર સૌથી મોટા સમાચાર આવ્યા છે. અમરેલીના જાફરાબાદના દરિયામાં શંકાસ્પદ બોટ દેખાઈ હતી. જે જાફરાબાદથી ૨૨ નોટિકલ માઈલ દૂર આ બોટ દેખાઈ હતી. માછીમારોએ બોટ રોકવાનો કર્યો પ્રયાસ, પરંતુ તે રોકાઈ ન હતી.

બોટ ભાગતાં કોસ્ટગાર્ડને જાણ કરવામાં આવી હતી. કોસ્ટગાર્ડે હેલિકોપ્ટરથી બોટનો શરૂ પીછો કર્યો હતો. શંકાસ્પદ બોટને કારણે દરિયામાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. હજી હાલમાં જ ફીશરીઝ વિભાગ દ્વારા પોરબંદર જિલ્લાની તમામ બોટોને માછીમારી માટે દરિયામાં જવા મંજુરી અપાઈ હતી. ૧૪ મે ૨૦૨૫ થી માછીમાર બોટોને ટોકન ઈશ્યુ કરવા આદેશ કરાયા હતા. આઈએમબીએલ તથા નો ફિશીંગ ઝોનમાં માછીમારી માટે નહીં જવા સુચના જાહેર કરાઈ છે. માછીમારી બોટોએ સમુહમાં માછીમારી કરવા અને સંદેશાવ્યવહાર ચાલુ રાખવા જાણ કરવામાં આવી છે. દરિયામાં કોઈ શંકાસ્પદ બોટ અથવા વ્યક્તિઓ જણાય તો સુરક્ષા એજન્સીઓને જાણ કરવા સુચના અપાઈ. ઓપરેશન સિંદૂર સમયે સરકારે માછીમારી બોટોને પરત બોલાવી લેવાઈ હતી.

### ગુજરાતમાં બે મોટા પ્રોજેક્ટ્સ પર કામ શરૂ

## ૯૬૨૪૦૦૦૦૦૦૦૦ના ખર્ચે બનાવવામાં આવશે બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે

### ગુજરાતના માળખાગત વિકાસ માટે, રાજ્ય સરકાર રાજ્યમાં રોડ નેટવર્કનો વિસ્તાર કરી રહી છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ |

ભૂપેન્દ્ર પટેલ સરકાર ગુજરાતના આર્થિક અને માળખાગત વિકાસ માટે સતત કાર્યરત છે. આ સંદર્ભમાં, રાજ્ય સરકાર રાજ્યમાં રસ્તાઓનું નેટવર્ક વિસ્તરી રહી છે. આ માટે સરકાર વિવિધ રોડ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહી છે. આ અંતર્ગત, ગુજરાત સરકારે એક મહત્વાકાંક્ષી યોજનાની જાહેરાત કરી છે અને રાજ્યમાં નવા એક્સપ્રેસ વે માટે ડીપીઆર પ્રક્રિયા શરૂ કરી છે. આ યોજના હેઠળ, રાજ્યમાં ૨ નવા એક્સપ્રેસવે શરૂ કરવાના છે. આ એક્સપ્રેસવેને ગ્રીનફિલ્ડ રૂટ તરીકે વિકસાવવાનો છે. રાજ્ય સરકારના નવા એક્સપ્રેસ વેમાં અમદાવાદ-દ્વારકા-સોમનાથ-પોરબંદર એક્સપ્રેસ વે અને ડીસા-પીપાવાવ નમો શક્તિ એક્સપ્રેસ વેનો સમાવેશ થાય છે. ડીસા-પીપાવાવ નમો શક્તિ એક્સપ્રેસ વે (૪૩૦ કિમી) અંદાજિત ૩૯,૧૨૦ કરોડ રૂપિયા અને અમદાવાદ-દ્વારકા-સોમનાથ-પોરબંદર એક્સપ્રેસવે (૬૮૦ કિમી) માટે ૫૭,૧૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે.

આ એક્સપ્રેસ વે કોઈ ગામ કે શહેરમાંથી પસાર થશે નહીં, આ ગ્રીનફિલ્ડ માનવ વસાહતોથી સંપૂર્ણપણે દૂર હશે. આ એક્સપ્રેસવે દ્વારા લોકોની મુસાફરી સરળ, ઝડપી અને સલામત બનશે. આ ઉપરાંત, આ એક્સપ્રેસ વે રાજ્યના ઘણા હાલના હાઈવે પર ટ્રાફિકનું દબાણ ઘટાડશે. આ સાથે, આ એક્સપ્રેસ વે રાજ્યના આર્થિક અને ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન આપશે. આનાથી ગુજરાતના માળખાગત વિકાસને પણ વેગ મળશે. GSRDC એ આ એક્સપ્રેસવેના DPR માટે સલાહકારો પાસેથી દરખાસ્તો માંગી છે. GSRDC એ એક્સપ્રેસવે સંબંધિત કેટલાક મુદ્દાઓ પર દરખાસ્તો માંગી છે. આમાં રોડ ડિઝાઈન, સ્ટ્રક્ચરલ ડિઝાઈન અને સર્વિસ રોડ લેઆઉટ, પર્યાવરણીય અને સામાજિક મૂલ્યાંકન, સલામતીનાં પગલાં, રોડ જમીન સંપાદન અને વળતર પ્રક્રિયા માટેના વિવિધ વિકલ્પોનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર આગામી એક વર્ષમાં ડીપીઆર પ્રક્રિયા પૂર્ણ કરવા માંગે છે. આ પછી જ એક્સપ્રેસ વેના નિર્માણ માટે ટેન્ડર બહાર પાડવામાં આવશે. આ એક્સપ્રેસવેની ડિઝાઈન એવી છે કે રાજ્યના કોઈપણ ખૂણામાં રહેતા વ્યક્તિને ૧૦૦ કિલોમીટરના અંતરે હાઈવે કનેક્ટિવિટી મળશે.

## જામનગરમાં નકલી દારૂ બનાવતી આખી ફેક્ટરી ઝડપાઈ

| (એજન્સી) જામનગર, તા.૧૮ |

જિલ્લામાં નકલી દારૂ બનાવતી એક ફેક્ટરી ઝડપાઈ છે. જેમાં છેલ્લા ૩ મહિનાથી આરોપીઓ વિવિધ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂ બનાવતા હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે પોલીસને જાણ થતાં એલસીબી દ્વારા તુરંત આ મામલે ફેક્ટરી પર રેડ કરીને ૩ આરોપીઓને દબોચી લીધા છે. જોકે આ સમગ્ર મામલે અન્ય ૨ આરોપીઓ ફરાર હોવાનું સામે આવ્યું છે. આ આરોપીઓ ભાડેથી મકાન રાખીને ઈંગ્લીશ દારૂની બનાવટી બોટલો તૈયાર કરતા હોવાનું સામે આવ્યું છે. જેમાં પોલીસે આ સમગ્ર મામલે ૮ લાખ ૨૩ હજારની કિંમતના સ્પિરિટ સાથે વિવિધ દારૂમાં વપરાતા જુદા જુદા માલને કબ્જે કરવામાં આવ્યો છે. બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂની સૂચનાથી એલ.સી.બી.ના PI વી.એમ.લગારીયા, PSI પી.એન.મોરી તથા PSI સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફના માણસો જામનગર શહેર તથા જામનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે એલ.સી.બી.સ્ટાફને ખાનગી બાતમીદારોથી જાણ થતાં જ જામનગર તાલુકાના કનસુમરા ગામની સાઢીયાપુલ પાસે આવેલ "આર્ય એસ્ટેટ"મા આવેલ "ખોડલ કોલ ટ્રેડર્સ" નામના ગોડાઉનમાં નકલી દારૂ બનાવવાની ફેક્ટરી ચાલતી હતી જ્યાં દરોડો પડાયો હતો. પોલીસે રેડ કરી ત્યારે અરૂણ ઉર્ફે કાલી સીતારામ સોની નેપાળી, જયપાલસિંહ વિક્રમસિંહ જાડેજા, મહિપાલસિંહ આશીષસિંહ રાણા નામના આરોપીઓને દબોચી લેવાયા હતા.

### ગુજરાતની દરિયાઈ સુરક્ષા વધારાઈ

## જાફરાબાદ સહિતના બંદરો પર બોટો પરત બોલાવવાના આદેશ

| (એજન્સી) અમરેલી, તા.૧૮ |

ભારત-પાકિસ્તાનના તણાવ અંતર્ગત દરિયાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને માછીમારોની તમામ બોટો તાત્કાલિક પાછી બોલાવવા આદેશ આપ્યો છે. ફિશરીઝ વિભાગને આ અંગેની સૂચના મળતા ફરીવાર ટોકન પ્રક્રિયા બંધ કરવામાં આવી છે. દરિયાનો કોઈ દુરુપયોગ કરી આતંકી પ્રવૃત્તિ ન કરે તે માટે તકેદારીના ભાગરૂપે બોટ પરત બોલાવવામાં આવી છે. જાફરાબાદ, ચાંચબંદર, ધારાબંદર, શિયાળબેટ, નવા બંદર સહિત બંદરો પર તાત્કાલિક બોટો બોલાવવાનો કડક આદેશ આપ્યો છે. દરિયામાં જવા માટે જ્યાં સુધી નવી સૂચના ન મળે ત્યાં સુધી કોઈએ દરિયો ખેડવો નહીં તેવી સૂચના આપવામાં આવી છે. ગુજરાતના સરહદી વિસ્તારના દરિયામાં માછીમારી માટે જખૌ બંદરે સ્થાનિક ઉપરાંત દેવભૂમિ દ્વારકા, પોરબંદર, વલસાડ, નવસારી સહિતના ગુજરાતના જિલ્લામાંથી માછીમારો આવે છે. તાજેતરમાં ઓપરેશન સિંદૂરના પગલે કચ્છના ત્રણ મત્સ્ય ઉતરાણ કેન્દ્ર જખૌ, લખપત અને નારાયણ સરોવરના દરિયાઈ વિસ્તારમાં માછીમારી પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેના કારણે અન્ય જિલ્લાના માછીમારો વતન પણ પરત જઈ શકતા નથી. આ અંગે મળતી માહિતી પ્રમાણે, દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખીને માછીમારી માટે જવા માછીમારોએ પોતાના મોબાઈલની એપ્લિકેશન મારફતે ઓનલાઈન ટોકન મેળવવી પડે છે. જે ગાંધીનગરથી જનરેટ થાય છે. આ ટોકન ન મળવાથી જો કોઈ માછીમારી બોટ નારાયણ સરોવર, જખૌ અને લખપત ઉતરાણ કેન્દ્રના દરિયાઈ વિસ્તારમાં માછીમારી પ્રવૃત્તિ પર પ્રતિબંધ મુકાતા મત્સ્ય બંદરના દરિયાઈ વિસ્તારમાં જાય તો મરીન પોલીસ બોટ જપ્ત કરી લે તેમ હોવાથી બોટ બંદર પર લાંગરેલી પડી છે.

## ડાંગમાં કમોસમી વરસાદથી ગીરા ધોધ સક્રિય થયો

| (એજન્સી) ડાંગ, તા.૧૮ |

હવામાન વિભાગની આગાહી વચ્ચે ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદ વરસ્યો છે. ડાંગમાં કમોસમી વરસાદ આદિવાસી સમાજ માટે વરદાનરૂપ સાબિત થયો છે. છેલ્લા ૧૧ દિવસથી સતત પડી રહેલા કમોસમી વરસાદને કારણે નદીઓમાં નવા નીરની આવક થઈ છે. ઉનાળામાં માવઠાને કારણે અંબિકા નદીમાં પાણીની આવક થતા ગ્રામજનોમાં ખુશી જોવા મળી છે. ગીરા ધોધ પાસે આદિવાસી સમાજે પરંપરાગત રીતે પૂજા કરી કુદરતનો આભાર વ્યક્ત કર્યો છે.

### આ પરીક્ષા રવિવાર, ૨૫ મેએ યોજવામાં આવશે

## UPSC પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર, બે શિફ્ટમાં યોજાશે પરીક્ષા

| (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ |

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) પરીક્ષાની તૈયારી કરી રહેલા યુવાનો માટે યુપીએસસીએ સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા-૨૦૨૫ માટેનું ટાઈમ ટેબલ જાહેર કર્યું છે. જાહેરાત મુજબ, આ પરીક્ષા રવિવાર-૨૫ મેએ યોજવામાં આવશે. જે ઉમેદવારોએ આ પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે, તેઓ યુપીએસસીની સત્તાવાર વેબસાઈટ upsconline.gov.in પરથી તેમનું ઈ-એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકે છે. યુપીએસસીએ તમામ વિદ્યાર્થીઓને એડમિટ કાર્ડ પરની સૂચનાઓ ધ્યાનથી વાંચવાની સલાહ આપી છે. પરીક્ષા બે શિફ્ટમાં યોજાશે. પ્રથમ શિફ્ટમાં સવારે ૯:૩૦થી ૧૧:૩૦ વાગ્યા સુધી સામાન્ય અભ્યાસની પરીક્ષા યોજાશે, જ્યારે બીજી શિફ્ટ બપોરે ૨:૩૦ થી ૪:૩૦ વાગ્યા દરમિયાન CSATની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. યુપીએસસીએ ઉમેદવારોને કહ્યું છે કે, તેઓ આધાર કાર્ડ, પાન કાર્ડ અથવા ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા ફોટો આઈડી-કાર્ડ લઈને આવે. આ દસ્તાવેજો વિના તમને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. ઉપરોક્ત જે બંને પરીક્ષા યોજાવાની છે, તે હિન્દી અને અંગ્રેજી ભાષાઓમાં છે. દરેક પેપર માટે બે કલાકનો સમય આપવામાં આવશે. જ્યારે CSAT પેપર ફક્ત ક્વોલિફાઈંગ છે, તેના ગુણ મેરિટમાં ઉમેરાતા નથી. જ્યારે CSAT પાસ કરવા માટે ઉમેદવારે ઓછામાં ઓછા ૩૩ ટકા ગુણ (૬૬ ગુણ) મેળવવા ફરજિયાત છે તેમજ તેની મુખ્ય પરીક્ષા ૨૨ ઓગસ્ટ-૨૦૨૫થી શરૂ થવાની સંભાવના છે.

### ગુજરાતમાં ડ્રગ્સ સામે જંગ

## સ્ટેટ મોનીટરીંગ સેલે ૨૪ કલાકમાં NDPSના વધુ ત્રણ કેસ કર્યા

### ચાર મહિના પહેલાં દારૂ, જુગાર ઉપરાંત SMCને ડ્રગ્સ પેડલર પકડવા સોંપાયેલી કામગીરીને મળી સફળતા

| (એજન્સી) અમદાવાદ, તા.૧૮ |

સ્ટેટ મોનીટરીંગ સેલે ૨૪ કલાકમાં અમદાવાદના જુહાપુરા, પાટણ અને સુરત શહેરમાં દરોડા પડી NDPSના વધુ ત્રણ કેસ કર્યા છે. SMC પોલીસ સ્ટેશન બન્યું ત્યારથી અત્યાર સુધી ચાર મહિનામાં ૧૨ મોટા NDPSના કેસો શોધી ૨૫ ડ્રગ કાર્ટેલ અને પેડલર્સને ઝડપી લેવામાં આવ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-નિર્દેશ હેઠળ રાજ્યના યુવાઓને ડ્રગ્સની બદીથી બચાવવા માટે રાજ્ય સરકારે ડ્રગ્સ વિરુદ્ધ રીતસરની જંગ છેડી છે. આ અભિયાન અંતર્ગત, જાન્યુઆરી ૨૦૨૫માં વિશેષ સત્તાઓ સાથે શરૂ થયેલા સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) પોલીસ સ્ટેશન દ્વારા માત્ર ચાર મહિનામાં ૧૨ મોટા NDPS (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ)ના કેસો શોધી કાઢવામાં આવ્યા છે. આ કેસોમાં ૨૫ ડ્રગ કાર્ટેલ અને પેડલર્સને ઝડપી લેવામાં આવ્યા છે, જેમની પાસેથી કોકેઈન, MD, મેફેડ્રોન, ગાંજો અને ઓપિયમ આલ્કલોઈડ્સ જેવા રૂ. ૪.૧૪ કરોડની કિંમતના ડ્રગ્સ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં બે વિદેશી (નાઈજિરિયન) આરોપીઓનો પણ સમાવેશ થાય છે. આજે SMC પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા અમદાવાદના જુહાપુરા, પાટણ અને સુરત શહેરમાં NDPSના ત્રણ કેસો કરવામાં આવ્યા છે.

### પોલીસ પર પુત્રવધૂના આક્ષેપ

## પોલીસના અમાનવીય વર્તનને કારણે મારા સાસુએ આપઘાતનો પ્રયાસ કર્યો

### ફ્લેટમાં કામ કરતી મહિલા પર ચોરીનો આરોપને સાબિત કરવા મઅમાનવીય વર્તન કર્યાનો કિસ્સો સામે આવ્યો

| (એજન્સી) નડિયાદ, તા.૧૮ |

પોલીસની દાદાગીરી અને અમાનવીય વર્તનનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે, જેના કારણે એક ગરીબ મહિલાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. સમગ્ર ઘટનામાં પેટલાદ રોડ પર ફ્લેટમાં કામ કરતી મહિલા પર ચોરીનો આરોપ લાગ્યો હતો. જેની તપાસમાં પોલીસે તમામ હદો વટાવી હોય તેવા આક્ષેપો પીડિત મહિલાના પરિવારજનો કરી રહ્યા છે.

સમગ્ર ઘટનાની મળતી માહિતી મુજબ, નડિયાદના પેટલાદ રોડ પર આવેલા એક ફ્લેટમાં નંદુબેન લુહાર નામની મહિલા કામ કરી રહી હતી, દરમિયાન આ ફ્લેટમાંથી સોના-ચાંદીના દાગીના અને ૧૫,૦૦૦ રૂપિયાની રોકડ ગુમ થયા હતા, જેના માટે ફ્લેટ માલિકે નંદુબેન પર ચોરીનો આક્ષેપ મૂક્યો હતો અને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે પોલીસ નંદુબેનની અટકાયત કરવા પોલીસ તેમના ઘરે પહોંચી હતી. પોલીસ સ્ટેશનમાં સત્ય જાણવા પોલીસ દ્વારા નંદુબેનને ટોર્ચર કરી માર મારવામાં આવ્યો હતો, એમ તેમની પુત્રવધૂએ આક્ષેપો કર્યા છે. અનેક પ્રયત્નો છતાં નંદુબેન પાસેની સોના-ચાંદીના દાગીના અને રોકડ પૈસા ન મળતા આખરે તેમના ઘરની પણ તપાસ કરાઈ હતી. જ્યાં રહેતા સ્થાનિકોની વચ્ચે નંદુબેનને માર મારવામાં આવ્યો હતો.

આખરે, જ્યારે ફ્લેટ માલિકના ઘરમાં ફરીથી તપાસ કરવામાં આવી તો ગુમ થયેલી તમામ વસ્તુઓ તેમના ઘરમાંથી જ મળી આવી. આમ, નંદુબેન નિર્દોષ સાબિત થયા હોવા છતાં, પોલીસે તેમને માત્ર ૨૦૦ રૂપિયા આપીને છોડી મૂક્યા હતા.

### 3 સંતાનો પણ બનશે માતા-પિતાના લગ્નના સાક્ષી

## નવસારીના ખાનપુરનો યુવક બે યુવતી સાથે કરશે લગ્ન

| (એજન્સી) નવસારી, તા.૧૮ |

ગુજરાતના નવસારીના વાંસદા તાલુકામાં યુવકની લગ્નીની કંકોત્રી સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહી છે. જેમાં ખાન પુર ગામના યુવકના આવતીકાલે સોમવારે (૧૯ મે, ૨૦૨૫) બે યુવતી સાથે અને પોતાના ૩ ત્રણ સંતાનોની સાક્ષી લગ્ન થવા જઈ રહ્યાં છે, ત્યારે લોકોમાં કુતૂહલ જોવા મળી રહ્યું છે. આદિવાસી સમાજની અનોખી પરંપરાથી યુવકના બે યુવતી સાથે લગ્ન થવાના છે, ત્યારે ચાલો જાણીએ આદિવાસી પરંપરા વિશે. નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ખાન પુર ગામના રહેવાસી મેઘરાજભાઈ (ઉં.વ.૩૬)ના લગ્નની કંકોત્રીની ચર્ચા ચારેયકોર થઈ રહી છે. કંકોત્રીમાં તેમના લગ્ન બે યુવતી અને તેમના ત્રણ સંતાનોની સાક્ષીએ થવા જઈ રહ્યા છે, ત્યારે તેમની કંકોત્રી સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહી છે. વાત એમ છે કે, મેઘરાજભાઈને ખાંડા ગામના કાજલ ગાવિત સાથે પ્રેમ થતાં તેમણે વર્ષ ૨૦૧૦માં સગાઈ કરી હતી. જો કે, આ પછી મેઘરાજભાઈને કેલીયા ગામના રેખા ગાઈન સાથે પણ પ્રેમ થતાં વર્ષ ૨૦૧૩માં તેમની સાથે સગાઈ કરી હતી. આ પછી મેઘરાજભાઈ, કાજલ અને રેખા ત્રણેય લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા. તમને જણાવી દઈએ કે, આદિવાસી સમાજમાં ઘણી વખત લગ્ન પહેલા યુવક-યુવતીઓ લિવ-ઈન રિલેશનશિપમાં રહે છે.